
કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી
સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૮મું • જાન્યુઆરી ૧૯૯૫

ગયા બાપુ ? ઋત ગયું શું ? ગયાં પ્રેમ ને ત્યાગ ?
ગયા ગાંધી ! સત્ય ગયું શું ? ગયાં શીલ સોહાગ ?
મનુકુળભાણુ ભુંસાયો ?
ધરાનો પ્રાણ હણાયો ?
(સ્નેહરશ્મિ)



તંત્રી :
ધીરુ પરીખ
સંપાદક
બિહારીલાલ ટાંક

સળંગ
૮૦૪
મો અંક

બાપુ : વુડકટ : નંદલાલ વસુ · ૧૯૩૦



ધણ • (કલાકાર : જગુભાઈ શાહ) ગાય એટલે આપણે મન કાળી, ધોળી રાતી ગાય, અને બહુ તો કાબરી ગાય. પણ કલાકારની આંખ એમાં કેટલું વૈવિધ્ય નિહાળે છે? દિવસ આખો વગડામાં ચરીને સાંજે ઝાલર ટાણે ગામમાં પાછી વળતી આ ગાયોના ધણનો થનગનાટ, એમની ડોકે બાંધેલી ઘંટડીનો રણકાર તૃપ્તિનું એક જીવંત દૃશ્ય ખડું કરે છે. કલાકાર એ વેળાની સુંદરતાની અનુભૂતિ ચિત્રિત કરે જ.

વૈષ્ણવજન

વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે. વૈ. ૧

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે. વૈ. ૨

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે. વૈ. ૩

મોહ-માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ-શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે. વૈ. ૪

વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈંયો : તેનું દર્શન કરતાં કુળ એકોતેર તાર્યાં રે. વૈ. ૫

નરસિંહ મહેતા

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૦૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચૅરમૅન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

'કુમાર'ના સળંગ અંક ૮૦૦માં વનમાળાબહેન દેસાઈનો લેખ 'કમાવાનો ચેપી રોગ' વાંચી દુઃખ કરતાં તો વિશેષ ખોટું લાગ્યું. પ્રૌઢ લેખિકા વનમાળાબહેન અમને નહીં સમજે તો પછી પુરુષ સમાજ અમને સમજે એવી આશા ક્યાંથી રાખવી ?

વનમાળાબહેનનો લેખ લાગણીના પૂરમાં વહેતાં વહેતાં લખાયો છે. એ લેખમાં તર્ક નહીંવત્ છે. નહીં તો આજના સમાજના યુવાનોની બેદરકારીના દોષનો ટોપલો આંગળીને વેઢે ગણાય તેટલી નોકરી કરતી સ્ત્રીઓને માથે ન નાખ્યો હોત. આજના યુવાનોની બેદરકારીનાં કારણોમાં આપણું રાજકારણ, આપણું સમાજકારણ, આપણો વસતી વધારો, મોંઘવારી, નોકરી મળવાનાં સાંસાં એમ અનેક પરિસ્થિતિએ ભાગ ભજવ્યો છે. એમાં ફક્ત વ્યવસાયી સ્ત્રીઓનો જ વાંક જોવો ?

વનમાળાબહેન ભોળાં ન રહેશો ! જે ગુજરાતી ભાષામાં 'અર્થ'નો મોટો અર્થ પૈસા થતો હોય ત્યાં કમાવાની ક્ષમતા સાથે સમાજમાં સ્થાન અને હોદ્દો સંકળાયેલાં જ છે. તમારું કહેવું કે 'પુરુષ કમાય છે તેથી એ ઊંચો છે ને સ્ત્રી નથી કમાતી તેથી તે નીચી છે એવું જરાય સમજવાનું નથી.' વાંચી જરા હસવું આવ્યું, દુઃખ પણ થયું. જે સમાજમાં દહેજનું દૂષણ છે, જ્યાં સ્ત્રીઓને બાળી નાખવામાં આવે છે, જ્યાં પુત્રજન્મના પેંડા વહેંચાય છે અને પુત્રીજન્મનો શોક કરાય છે તેવા સમાજમાં સ્ત્રી આર્થિક સદ્ધરતા મેળવવા ઇચ્છે તે વૃત્તિને ચેપી રોગ કહેવો એ તો વાસ્તવિકતા સામે આંખો બંધ કર્યા બરાબર છે. વળી જો પૈસા કમાવાથી ઊંચાઈ ન આવતી હોય તો પુરુષ સ્ત્રી સમોવડિયો થઈ ઘરકામમાં સરખો હિસ્સો ભજવે તેમાં ય નીચાઈ નથી આવતી તો સ્ત્રીને જ કેવળ સલાહ આપવી કે નોકરી ન કર !?! પુરુષને પણ કેમ ન કહેવું કે ઘરકામમાં મદદ કર !

લેખિકાબહેન જરા જાગો ! તમારું કહેવું છે કે ઘરબહાર વ્યવસાય કરવાનો 'શહેરી' પવન ગામડામાં ફેલાશે તો ત્યાંનું વાતાવરણ પણ તમારી ભાષામાં 'રોગી' થઈ જશે. વનમાળાબહેન, સૈકાઓથી ખેતી કરતા સમાજમાં, પછી તે સમાજ હિન્દુસ્તાનમાં હોય, યુરોપમાં હોય કે આફ્રિકામાં હોય, સ્ત્રીએ ઘરની બહાર હમેશાં વ્યવસાય કર્યો છે. વાવણી, લણણી, કાપણી એમ દરેકે દરેક કામમાં સ્ત્રીએ ઘરકામની સાથેસાથે પુરુષની જોડે ખભેખભા મીલાવીને કામ કર્યું છે. જો આને તમે રોગ કહેતાં હો તો આ રોગચાળો ગામડાંમાં તો હતો જ, હવે શહેરમાં ફેલાય છે. દુઃખ એટલું જ છે કે સ્ત્રીના શ્રમની કદર કે કિમ્મત (આર્થિક કિમ્મત) ઘણી ઓછી થઈ છે, પછી તે વૈજ્ઞાનિક હોય, ખેતી કરતી હોય કે શિક્ષિકા હોય, દેશ ભારત હોય, અમેરિકા હોય કે ઇંગ્લન્ડ. આ હકીકત છે કે એકસરખા કામ માટે સ્ત્રીને પુરુષ જેટલો પગાર મળતો નથી. તમારા જેવી પ્રૌઢ લેખિકા પાસેથી પણ કદરની અપેક્ષા ન રાખીએ તો અમારો રસ્તો ધાર્યાથી યે અઘરો છે.

વનમાળાબહેને કદી એમ વિચાર કર્યો કે જો સ્ત્રીઓ ઘર-બહાર વ્યવસાય કરતી થશે તો તેને વડીલ સાસુ-સસરાની બાળ-ઉછેર માટે જરૂર પડશે. આ જરૂરિયાત ભાંગી પડતી સંયુક્ત કુટુમ્બની પરંપરાને કદાચ સજીવન કરશે ? બાળકોને વડીલોની છત્રછાયા મળશે ? જૂની-નવી પેઢીઓ વચ્ચેના સંઘર્ષો ઘટશે ?

સમાજને આગળ લાવવો હોય તો સ્ત્રીનું સ્થાન ઊંચું લાવવું રહ્યું. એ માટે સ્ત્રીએ કેવળ વર મેળવવા જ નહીં પણ પગ ઉપર ઊભા રહેવાની આવડત કેળવવા માટે આગળ ભણવું રહ્યું. પતિ-પત્નીએ સહકારથી સંસાર ચલાવવો જોઈએ. આગળ કહ્યા મુજબ ઘરકામ કરવામાંથી પુરુષોનો સંકોચ જતો રહેવો જોઈએ.

સ્મિતા વૈદ્ય સિંહ (હ્યુસ્ટન - ટેક્સાસ)

બસ, એ સજા !

(મન્દાક્રાન્તા - હિરણી : સૉનેટ)

બીજે દ્હાડે સિયવિરહી એકાકી નૃપાલ ચાલ્યાં
છાના સૌથી સરયૂતટપે, માનવી એક દોડી
પાસે આવી કરગરી વદ્યો : નાથ, હું તો કલંકી !
અંગારા-શા મુજ વચનથી આપની ખાખ થૈ ગૈ
લીલીવાડી, નૃપતિ-અપરાધી ઠર્યો ! તો ય આપે
શાને શિક્ષા હજી નથી કરી ? લોકનેંત્રોથી છૂટ્યાં
વીંધે બાણો બહિરભીતરે ! દેવ, હાવાં સજા દ્યો
આ પાપીને નગરતજવા : બોલી પાયે પડ્યો એ.

ચમકી સહસા, હસ્તે સાહી ઉઠાવત એહને
રઘુપતિ કહે : શીલે તારી દિસે અતિ ખેવના,
રજક ! તવ ઊંચેરાં લક્ષ્યો - સવાઈ નરોત્તમ!
શિથિલ નહિ આદર્શે થાવું - ચીંધે પથ ઉજ્જ્વલ.
નગર તજવાની ના આજ્ઞા તને કરવી કદા,
ત્યજી ગૃહિણી પાછી નિમંત્રે - તને બસ, એ સજા !

ભાનુપ્રસાદ પંડ્યા

અમે દુઃખને તો -

(ગાન)

અમે દુઃખને તો ક્યારે ગાંઠેલ છે રે લોલ ?
અરે એ તો મગતરાની જાત
અમે ચપટીમાં ચોળી નાખેલ છે રે લોલ.

ફૂંક ભેગું એ ક્યાંય ઊડી જાય છે રે લોલ
દુઃખ છે પોતે તો તરણા સમાન
એણે પડછાયો મોટો પાડેલ છે રે લોલ.

એ તો ખાલીખમ કોઈ આકાર છે રે લોલ
નથી આટલો ય દુઃખમાં તો ભાર
જાણે પરપોટો માથે મૂકેલ છે રે લોલ.

આંખ ચોળીને બેઠું એ થાય છે રે લોલ
ગયા જોવા જો દુઃખને જરાક,
બાકી મડદું થઈ એ તો પડેલ છે રે લોલ.

જગદીશ વ્યાસ

અનામી ફળ

(પરંપરિત હરિગીત)

અણચિંતવ્યો ક્યાંથી સ્રવે રસના વિશે
કોઈ અનામી ફળ તણો આસ્વાદ !
ક્યારેય તે નીરખ્યું નથી નજરોનજર,
ના સ્પર્શ લીલો હાથને મારા થયો,
સ્વપ્નમાંયે એમ તો ક્યારેય ક્યાં સેવ્યું હતું ?
તો પછી આકારની કે રંગની વાત જ કશી ?
એવા અનામી ફળ વિશે કહો -
પૂછું તો કોને પૂછું ?
જાણું ઘણુંયે મન વિશે : દુર્લભ્ય એ -
ને તોય એને પામવા વનનાં વનો ઘૂમી વળ્યો !
એમ તો વનને વિશે
નામી-અનામી કેટલાંયે ફળ લટકતાં ડાળીએ દીઠાં -
પરંતુ સ્વાદ જે જિહ્વા વિશે સ્ફુર્યો હતો તે તો ક્યહીં ?
આખરે ઘનઘોર કાળી રાત્રીએ
ઘેરું ઘૂઘવતા કોઈ સાગરને કિનારે
આછી ભીની વેળુ વિશે લંબાવું :
રાત્રી તો સમ સમ કરીને ક્યાંક જાવા થનગને-
ત્યાં -
છાતી મહીં કેવું કશું કૈં સળવળે !
મીઠો અજંપો લાગતો !
ધીરેકથી છાતી ઉપર પસવારી જોઉં હાથ -
કોઈ અજાણ્યા બીજની એ ફૂટ -
આટલી સૂમસામ શ્યામલ રાત્રીએ
ભેંકાર વનની મધ્યમાં
સાગરકિનારે - વેળુમાં
આછી ધારે તેજવર્ષા વ્યોમથી વરસી રહી !
પોપટ સમાં લીલાં પછી તો પર્ણ !
ને પર્ણના એ ઝુંડમાં
આછી હવામાં ઝૂલતું
એ એ જ એ સોડમ મીઠી - જિહ્વા વિશે સ્ફુર્યા કરી.

જગદીશ ત્રિવેદી

ગુજરાતના ત્રણ સપૂતો - ગાંધીજી, સરદાર અને વિક્રમ સારાભાઈ. ગાંધીજીએ સમગ્ર ભારતને સ્વાતંત્ર્યના એક સામાન્ય હેતુ હેઠળ એક કર્યું, સરદાર પટેલ સમગ્ર ભારતને એક ઝંડા નીચે લાવ્યા અને વિક્રમ સારાભાઈ સમગ્ર ભારતને એક ઉપગ્રહ નીચે લાવ્યા.

ભારતના કોઈપણ કસબા કે મોટા શહેરમાં વાતાનુકૂલિત ઓરડામાં ટ્યુબ લાઈટના શ્વેત પ્રકાશની હાજરીમાં ટી.વી.નાં મનોહર દશ્યો નિહાળતા હોઈએ ત્યારે તેની પાછળ હોમી ભાભા અને વિક્રમ સારાભાઈની કાર્યકૃતિ પાર્શ્વભૂમિકામાં અંકિત થતી હોય છે. ભારતમાં પરમાણુ યુગ અને ઊર્જાના શિલ્પી ભાભા અને અવકાશ યુગના શિલ્પી સારાભાઈ છે. વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્ર મુંબઈની તાસીર ભાભાએ અને અમદાવાદની તાસીર વિક્રમ સારાભાઈએ બદલી છે. બંને ધનાઢ્ય નબીરાઓ હતા. ધાર્યું હોત તો બંને જણે વ્યાપાર કે ઉદ્યોગને પોતાની કારકિર્દિ બનાવી હોત. બંનેએ શુદ્ધ વિજ્ઞાનથી પોતાની કારકિર્દિ શરૂ કરી અને પછી પોતાની શક્તિઓને પ્રાયોજિત વિજ્ઞાનના ક્ષેત્રે જોતરી, વિજ્ઞાન અને ટેકનોલૉજિને સામાજિક અને આર્થિક ઉત્કર્ષનાં સાધન બનાવ્યાં પાંસઠના પાક-યુદ્ધ બાદ ભાભા (૫૬ વર્ષે) અને બોતેરના બીજા પાક યુદ્ધ બાદ વિક્રમ સારાભાઈ (૫૨ વર્ષે) શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ પામ્યા ! બંને જણ જ્યારે સોળે કળાએ ખીલ્યા હતા ત્યારે જ મૃત્યુ પામ્યા. બંને મૌલિક સંશોધનના પ્રણેતા અને વિજ્ઞાન-વિકાસ તથા પ્રાયોજિત ટેકનોલૉજિના પુરસ્કર્તા હતા. બંનેનો દૃષ્ટિકોણ વિકાસલક્ષી અને માનવતાવાદી રહ્યો છે. બંને જણ જે સ્વપ્ન જોતા તેને સાકાર કરીને જંપતા. આઝાદી બાદ બંને જણાએ સારા પ્રમાણમાં નિષ્ણાતો તૈયાર કર્યા છે, સંસ્થાઓ વિકસાવી છે, ન્યૂક્લિઅર પાવર મથકો અને અવકાશ સંશોધન કેન્દ્રો ઊભાં કર્યાં છે, ભાભાએ ભારતને દુનિયાના ન્યૂક્લિઅર નકશા ઉપર અને વિક્રમ સારાભાઈએ ભારતને દુનિયાના અવકાશ-નકશા ઉપર મૂક્યું છે. કૃષિ, ઔદ્યોગિક અને ઘરેલૂ ક્ષેત્રે જરૂરી ઊર્જા માટે ભાભાએ ન્યૂક્લિઅર મથકો પાછળ પ્રાણ રેડ્યો છે તો નિરક્ષરતા નિવારણ, ખનિજ સ્રોતની ખોજ, હવામાન વિજ્ઞાનનાં અવલોકનો માટે રાષ્ટ્રિય એકમો, સામુદ્રિક અને ભૂમિ સર્વેક્ષણ પાછળ ઉપગ્રહો દ્વારા વિક્રમ સારાભાઈએ જાત ઘસી છે. ભાભા અને વિક્રમ સારાભાઈનાં કાર્યોનો સમન્વય એટલે સર્વાંગી અને સંપૂર્ણ ભારત રચવાનો પ્રયાસ. વિક્રમ સારાભાઈના મતે જૂનાં રીત-રસમો અને સાધનોથી પ્રગતિ શક્ય નથી. આધુનિક પ્રણાલીઓ અને પ્રબંધ વડે જ પરમાણુ ઊર્જા અને અંતરિક્ષ સંશોધન શક્ય છે.

વિક્રમ સારાભાઈ દુનિયાના કોઈપણ સ્થળે કે કોઈપણ સમયે અનન્ય વ્યક્તિ હોત. તે કલ્પનાશીલ અને સર્જનાત્મક વિજ્ઞાની હતા, કલાના કદરદાન હતા, સંગઠનોના સર્જક હતા. વિશાળ હિતો અને લાંબા સમયના આયોજનો માટે તે ચિંતનશીલ રહેતા. કઠોર પરિશ્રમની પૂરતી ગૂંજાશ સાથે જ એક સ્વપ્નદ્રષ્ટા અને દીર્ઘદ્રષ્ટા હતા. આ બધા ઉપરાંત તે અત્યંત નમ્ર માનવતાવાદી અને ખુશમિજાજી હતા. તેથી બધાનાં દિલમાં વસેલા હતા. કૉસ્મિક કિરણો, ન્યૂક્લિઅર પાવરના વિકાસ અને અંતરિક્ષ અનુસંધાન સહિતના કાર્યક્રમો માટે સૌ સારાભાઈને યાદ કરશે. તેથી વિશેષ તો તેમણે રાષ્ટ્રની નવી તસવીર તૈયાર કરી છે. ભાભાના અકાળ આકસ્મિક અવસાન બાદ સર્જાયેલા શૂન્યાવકાશને પૂરવા માટે સારાભાઈ સમર્થ હતા. તેમણે પૂરી તાકાતથી વિજ્ઞાન-વિકાસનું કામ હાથ ધર્યું અને પોતાના પુરોગામીના ન્યૂકિલઅર ઊર્જાના તૈયાર કરેલાં નકશામાં સફળતા સાથે રંગો પૂર્યા, અને અંતરિક્ષ અનુસંધાનનું નવુ વધારાનું પરિમાણ ઉમેર્યું !

વિક્રમ સારાભાઈનો જન્મ ૧૨ ઓગસ્ટ, ૧૯૧૯ના રોજ અમદાવાદ ખાતે ઉદ્યોગપતિ, સામાજિક કાર્યકર અને ધનાઢ્ય અંબાલાલ સારાભાઈના ઘેર માતા સરલાદેવીની કૂખે થયો હતો. શાલેય શિક્ષણ ખાનગી શાળામાં અને ઉચ્ચ શિક્ષણ અમદાવાદની ગુજરાત કૉલેજમાં લીધું હતું. ત્યારબાદ તે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ગયા. સેંટ જ્હોન કૉલેજમાં ભણી ૧૯૩૯માં Tripos મેળવી બીજા વિશ્વયુદ્ધના પ્રારંભકાળે તે ભારત પાછા આવ્યા. ભૌતિકવિજ્ઞાન પ્રત્યેના તેમના અદમ્ય ઝોકથી, જે જીવના પર્યંત રહ્યો હતો, દોરવાઈને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (બેંગલોર) ખાતે સ્થિત પ્રો. સી.વી. રામનના માર્ગદર્શન હેઠળ સંશોધન કરવા પહોંચી ગયા. બરાબર આ સમયે રામને ન્યૂક્લિઅર ભૌતિકવિજ્ઞાન અને કૉસ્મિક કિરણોના ક્ષેત્રે સંશોધન કાર્ય શરૂ કર્યું હતું. અને આ ક્ષેત્રે ભવ્ય વિકાસની તકો હતી. અહીં સારાભાઈએ રામનના માર્ગદર્શન હેઠળ કૉસ્મિક કિરણો પર સંશોધન શરૂ કર્યું આમાંથી તેમને આંતર-ગ્રહીય અવકાશના સૌર-પાર્થિવ સંબંધો તથા ભૂચુંબકત્વના અભ્યાસની તલપ જાગી. તેમનો પ્રથમ સંશોધન લેખ 'Time distribution of cosmic rays' ૧૯૪૨માં પ્રસિદ્ધ થયો. અહીં બેંગ્લોર ખાતે ભાભા સાથે ભેટો થયો. સારાભાઈ રામન અને ભાભાથી ભારે પ્રભાવિત થયા હતા. આથી તે નાની ઉમરે વિજ્ઞાન અને ટેકનોલૉજિ ક્ષેત્રે સારી એવી ઉપલબ્ધિઓ સિદ્ધ કરી શક્યા. ઈ.સ. ૧૯૪૫માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ફરીથી ગયા અને કૉસ્મિક કિરણો ઉપર સંશોધન કરી Ph.D.ની ઉપાધિ ઈ.સ. ૧૯૪૭માં મેળવી. તેમનો વિષય હતો ''Cosmic ray investigations in tropical lattitudes'' આ સમયે ફલોરિન (F^{19}) ઉપર પ્રોટોનનો મારો ચલાવી મેળવેલા 6.2 MCV ગામાકિરણના ફોટોન વડે યુરેનિયમ (U^{238})ના ફોટોવિભંડન માટેના આડછેદનું માપ ચોક્કસાઈપૂર્વક તૈયાર કર્યું.



માનવપ્રેમથી ભરીભરી વિજ્ઞાનબુદ્ધિથી
અવકાશવિજ્ઞાનમાં નોંધપાત્ર ફાળો આપનાર વિજ્ઞાની

વિક્રમ સારાભાઈ

પ્રહ્લાદ છ. પટેલ

ઈ.સ. ૧૯૪૨માં પૂના ખાતે હવામાન વિજ્ઞાન વિભાગમાં કામ કરતા હતા ત્યારે કૉસ્મિક કિરણો અને વાતાવરણ - ભૌતિકવિજ્ઞાનના અભ્યાસ માટે સંશોધન પ્રયોગશાળા સ્થાપવાનું વિચાર્યું. આ વિચાર તેમણે પૂના વેધશાળાના નિર્દેશક ડૉ. કે આર. રામનાથને જણાવ્યો જેને માટે તેમણે લીલી ઝંડી આપી. ઈ.સ. ૧૯૩૭માં કાશ્મીરની હિમ-ગિરિમાળાઓનાં શિખરો ઉપર કૉસ્મિક કિરણોના માપન માટે પર્વતારોહણ કર્યું. આ અનુભવ ઘણો ઉત્તેજનાત્મક અને ઉત્સાહવર્ધક હતો, પરિણામે કાશ્મીરમાં યોગ્ય ઊંચા સ્થળે કૉસ્મિક કિરણોના અભ્યાસ માટે અલગ એક મથક ઊભું કરવાનું નક્કી કર્યું. આ બધા આયોજનની ઇમારતને વૈચારિક સ્વરૂપ અપાયું ત્યારે સારાભાઈની ઉંમર માત્ર ૨૩ વર્ષની હતી. પાછળથી કાશ્મીરમાં ગુલમર્ગ ખાતે ઈ.સ. ૧૯૫૫માં PRLના એક ભાગ તરીકે સંશોધન કેન્દ્ર સ્થાપ્યું.

સારાભાઈનાં રસ-ક્ષેત્રોની લંબાઈ-પહોળાઈ ઘણી વધારે હતી. પોતાના વિચારોને સંસ્થાનું સ્વરૂપ આપવા માટે તેઓ આગવી લાક્ષણિક્તા ધરાવતા હતા. ૧૯૪૨માં સારાભાઈ નવોઢા પત્ની મૃણાલિની સાથે પૂનામાં થોડોક સમય રહ્યા ત્યારે અમદાવાદમાં ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (PRL)નાં સ્થાપનાના વિચારનો પ્રભવ થયો. ઈ.સ. ૧૮૪૭માં કેમ્બ્રિજથી પરમ સર્વશ્રી થયા બાદ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના મોવડી ગણેશ વાસુદેવ માવળંકર અને અન્યોનો સહકાર મેળવ્યો. સારાભાઈ શ્રી કસ્તુરભાઈના આ વિચારને તરત જ બહાલી મળી ગઈ. એમ.જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં ભૌતિક અનુસંધાનમાં પ્રયોગ શાળા (PRL) શરૂ કરવા માટે જગા ફાળવી આપી. ઈ.સ. ૧૯૪૮માં એમ.જી.માં PRLની શરૂઆત થઈ. તેના પ્રથમ નિર્દેશક ડૉ. કે.આર. રામનાથન નિમાયા. સારાભાઈના ટ્રસ્ટ કર્મક્ષેત્ર એજ્યુકેશમલ ફાઉન્ડેશન તથા અમદાવાદ એજ્યુકેશન સોસાયટી તરફથી શરૂઆતના ખર્ચાઓની જોગવાઈ થઈ. ત્યારબાદ કાઉન્સિલ ઑફ સાયન્સ અને ઇન્ડસ્ટ્રિઅલ રિસર્ચ (CSIR), મુંબઈ સરકાર અને પરમાણુ ઊર્જા વિભાગ તરફથી નાણાંનો પ્રવાહ શરૂ થયો. તા. ૨-૨-૧૯૫૨ના રોજ પ્રો. સી.વી. રામનના હસ્તે PRLનો શિલારોપણ વિધિ થયો અને તા. ૪-૪-૧૯૫૪ના રોજ ઉદ્ઘાટન થયું. વિશાળ નયનરમ્ય પટાંગણ સાથે ઉભેલ PRL ની બહુમાળી ઇમારતો અને PRL એક સંસ્થા તરીકે છે તે બધું જ સારાભાઈની પહેલ, વ્યક્તિગત સંબંધો, સમજાવટ, અને ઉચ્ચ આત્મવિશ્વાસનું પરિણામ છે. તે માનતા હતા કે સારા કામ માટે જરૂરી પૈસા માટે બધી દિશાઓ ખુલ્લી હોય છે. સારાભાઈએં PRLનું પોતાના ઘરની જેમ જતન કર્યું હતું. PRLમાં આવે, કામ કરે, ભણાવે, લખતા રહે અને ભારે વહીવટી ફરજો વચ્ચે સમય ફાજલ પાડી કૉસ્મિક કિરણો ઉપર સંશોધન કરે. ઈ.સ. ૧૯૪૯ થી ૭૧ના સમય દરમ્યાન ૨૦ સ્કૉલરોને માર્ગદર્શન આપ્યું અને ૫૦ સંશોધન લેખો પ્રસિદ્ધ કર્યા. ઈ.સ. ૧૯૬૩માં પરમાણુ ઊર્જા વિભાગે PRLને "High Attitude Research Laboratory"નો દરજ્જો આપ્યો.

તેમણે કૉસ્મિક કિરણોના વિવિધલક્ષી અભ્યાસ માટે મેસોન-ટેલિસ્કોપ અને કાઉન્ટરોની ગોઠવણી તૈયાર કરી. કૉસ્મિક કિરણની તીવ્રતામાં થતા દૈનિક ફેરફારો વિષે વિશેષ જાણકારી મેળવી. આ સાથે કૉસ્મિક કિરણોના ન્યૂક્લિઓજિક ઘટકોના અભ્યાસ માટે ન્યૂટ્રોન-પાઈલ્સની રચના કરી. આથી સારાભાઈને લાગ્યુ કે દૂરદૂરના અવકાશનો અભ્યાસ કૉસ્મિક કિરણોની બારીમાંથી સરળતાથી થઈ શકે. એટલે અપૂર્વ ધીરજ, ખંત, અને ઉત્સાહથી અંતરિક્ષના અભ્યાસ પાછળ પડી ગયા. તે અભ્યાસ માટે PRLની નિગેહબાની નીચે કોડાઈકેનાલ, ત્રિવેન્દ્રમ, ગુલમર્ગ જેવાં સ્થળોએ સંશોધન મથકો સ્થાપ્યાં. ઈ.સ. ૧૯૫૭-૫૮માં ઉજવાયેલા આંતરરાષ્ટ્રિય ભૂ-ભૌતિક વર્ષે PRL દ્વારા ઘણી સામગ્રી પૂરી

પડાઈ હતી. સારાભાઈ માત્ર અવલોકનો નોંધીને સંતુષ્ટ થનાર વ્યક્તિ ન હતા. આંતર-ગ્રહીય અવકાશ અને કુદરતને સમજવા માટે અભિગમ ધરાવતા હતા.

ભૂ-ચુંબીકય ક્ષેત્રમાં થતી વધઘટ અને તેનાં કારણોના અભ્યાસ પ્રત્યે સારાભાઈને વિશેષ દિલચશ્પી હતી. પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રના સમક્ષિતિજ ઘટકમાં થતા દૈનિક ફેરફારો ઉપરથી સ્પષ્ટ થયું કે મધ્યાહ્ને આ ઘટકનું મૂલ્ય મહત્તમ અને મધ્યરાત્રિએ લઘુત્તમ થાય છે. આ ફેરફારો માટે અયનમંડળના E-વિભાગમાં પેદા થતા વિકૃત પ્રવાહો જવાબદાર છે. તથા આંતર-ગ્રહીય પ્લાઝમાની ગતિઊર્જાઘનતા સાથે પણ સંબંધ ધરાવે છે. તે માનતા હતા કે અત્યંત ઘોંઘાટ વચ્ચે પણ્ સંગીત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો ફળ પ્રાપ્ત થાય છે. PRLમાં તેમણે સૌહાર્દપૂર્ણ, સૌજન્યપૂર્ણ અને ગતિશીલ નેતૃત્વ પૂરું પાડયુ છે. વિજ્ઞાનીઓને પોષ્યા છે અને આગળ ધપવા બળ પૂરું પાડયુ છે. તેઓ સાક્ષીઓ પ્રત્યે ઉદાર હતા. PRLમાં કૉસ્મિક કિરણોનું સંશોધનકાર્ય આંતરરાષ્ટ્રિય કક્ષાનું રહ્યું છે. ભાભા ઍટમિક રિસર્ચ સેન્ટર (B.A.R.C.) અને તાતા ઈન્સ્ટટ્યૂટ ઑફ ફંડામેન્ટલ રિસર્ચ (T.I.F.R)ને પરમાણુ ઊર્જાનું પારણું ગણીએ તો ભૌતિક અનુસંધાન પ્રયોગશાળાને અંતરિક્ષ સંશોધન અને કાર્યક્રમોનું પારણું ગણી શકાય.

સારાભાઈ Ivory Towerમાં કામ કરતા વિજ્ઞાની ન હતા. ભૌતિક વિજ્ઞાનમાં અત્યંત રચ્યાપચ્યા રહ્યાં ઉપરાંત ઉદ્યોગોના ઉત્કર્ષ માટે તેમણે અમૂલ્ય ફાળો આપ્યો છે. ફાર્માસ્યુટિકલના ઉદ્યોગને સતત ૧૫ વર્ષ માટે પોષણ આપ્યું છે અને ભારતમાં આ ઉદ્યોગને મોખરાનું સ્થાન અપાવ્યું છે. તે માટે પરદેશો સાથે જોડાણ ૠ કર્યું છે. ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોની ગુણવત્તા ઉપર સારાભાઈ ખૂબ ભાર મૂક્તા હતા. Electronic data processing and operations research techniquesનો આ ઉદ્યોગમાં ઈસ્તેમાલ કરનાર તે પ્રથમ હતા. ઉદ્યોગની ક્ષમતા વધારવા માટે કોઈપણનું સારું સૂચન તે તરત જ સ્વીકારતા અને માણસને પારખવાની અદ્ભૂત શક્તિ તે ધરાવતા હતા. વડોદરા, સારાભાઈ કેમિકલ્સ વડોદરાના તેઓ 'આદર્શ પ્રબંધક' હતા.

૨૮ વર્ષની ઉમરે તેમણે અમદાવાદમાં અટીરા (Ahmedabad Textile Industrial Research Association)ની સ્થાપના કરીને વિશ્વના કાપડ ઉદ્યોગના નકશા ઉપર અમદાવાદને સ્થાન અપાવ્યું. અહીં યુવાન વિજ્ઞાનીઓને methodologyનું શિક્ષણ અપાતું હતું. તે 'આપસીપણાની વિભાવના'ના પ્રખર હિમાયતી હતા. આ વિભાવના મજબૂત કરવા માટે તે માનતા હતા કે માણસ (કારીગર)ને સમગ્ર હેતુના એક ભાગ તરીકે ગણવો જોઈએ, નહીં કે સાધન તરીકે. અટીરા દ્વારા આ ઉદ્યોગમાં તેમણે સામાજિક વિશ્વસનીયતાનું નિર્માણ કર્યું. પ્રગતિશીલ, કલ્પનાશીલ અને સુધારાવાદી વિચારોને અટીરા જેવી સંસ્થામાં સામેલ કરવા માટે તેમણે સારી એવી જહેમત ઉઠાવી છે.

ભારતમાં ઔદ્યોગિક તાકાત પેદા કરવી હોય તો કુશળ કારીગરો ઉપરાંત પ્રવીણ પ્રબંધકો અનિવાર્ય છે. તે માટે તેમણે ઈ.સ. ૧૯૬૨માં અમદાવાદ ખાતે Indian Institute of Managementની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૬૫ સુધી તે આ સંસ્થાના માનદ્ ડિરેક્ટર રહ્યા.

આપણી શિક્ષણ-પ્રથા અને વ્યવસ્થામાં રહેલી ઘણી ઊણપોનો તેમને સમયસર ખ્યાલ આવ્યો હતો. શિક્ષણનાં ધોરણો ઊંચાં લાવવાં અને ટકાવી રાખવાં એ એક સમસ્યા હતી. શિક્ષણ સંસ્થાઓમાં પૂરતું પ્રશિક્ષણ પામેલ શિક્ષકોનો અભાવ, ચીલાચાલુ મર્યાદિત અભ્યાસક્રમો અને પાંગળી પરીક્ષા-પદ્ધતિઓ એ સામાન્ય ઘટના હતી. શિક્ષણ-સુધારા સામે સામાજિક અને રાજકીય અવરોધો અસરકારક હતા. યુનિવર્સિટીના શિક્ષણ ક્ષેત્રે એવા તો ડાખા અને જૂથબંધીઓ ચાલતી હતી કે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે સારાભાઈને હરાવવામાં આવ્યા હતા ! ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસની આ કાળી અને શરમજનક ઘટના હતી. શિક્ષકને 'સારા શિક્ષક' બનાવવા માટે તેમણે ઈ.સ. ૧૯૬૩માં "Group for Improvement of Science Education (GSIE)"ની શરૂઆત કરી. સારી સંસ્થાઓ, સારા શિક્ષકો અને સારા વિદ્યાર્થીઓને ઓળખી અને એકત્રિત કરી તેમનામાં ચાલકબળ પૂરું પાડવાનો હેતુ હતો. આવા ઉદ્દેશ્યોને બરકરાર કરવા માટે તેમણે અમદાવાદમાં 'કમ્યૂનિટી સાયન્સ સેન્ટર'નું નિર્માણ કર્યું. આ સંસ્થા એક અકલ્પ્ય અને આવશ્યક પ્રયોગ છે, જેમાં આવીને બાળકો, વૃદ્ધો, શિક્ષકો, વિજ્ઞાનરસિયાઓ તેમની જ્ઞાન-ભૂખને સંતોષે છે. આ સંસ્થા વિજ્ઞાન-શિક્ષણ અને અભ્યાસક્રમોનું ઊર્ધ્વીકરણ કરવા લક્ષ ધરાવે છે.

સામાજિક, આર્થિક અને રાષ્ટ્રિય વિકાસ માટે અંતરિક્ષ વિજ્ઞાન અને પ્રાદ્યોગિકીમાં રહેલી પ્રચંડ સુપ્ત શક્તિઓથી તે વાકેફ હતા. આવી જાગૃતિને કારણે તેમણે Indian Space Research Organisation (ઇસરો)ની સ્થાપના કરી. સૌ પ્રથમ તેમણે ચુંબકીય વિષુવવૃત્ત નજીક આવેલા થુમ્બા ખાતે રૉકેટ-પ્રમોચન મથકની સ્થાપના કરી જેને અનુસંધાન માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN)ની અનુમતિ મળી. આવું બીજું મથક મદ્રાસ પાસે હરિકોટા કાતે સ્થાપ્યું, પ્રાયોગિક ઉપગ્રહ પ્રત્યાયન ભૂ-કેન્દ્ર અમદાવાદ ખાતે સ્થાપ્યું. ત્રિવેન્દ્રમ (થુમ્બા) નજીકથી

ચુંબકીય વિષુવવૃત્ત પસાર થતો હોઈ ભારતને તેનો વિશિષ્ટ લ્હાવો મળ્યો છે, કારણ કે ત્યાંથી કૉસ્મિક-કિરણો ક્ષ-કિરણો ખગોળવિજ્ઞાન, અયનમંડળ અને aeronomyના ક્ષેત્રે અભ્યાસ કરવા વિશિષ્ટ સવલતો ઉપલબ્ધ છે. આથી ઉપગ્રહ સૂચનાત્મક દૂરદર્શન પ્રયોગ (SITE) દ્વારા વિજ્ઞાન અને પ્રાદ્યોગિકીની સિદ્ધિઓને દૂરદરાજના ગ્રામ વિસ્તારો સુધી પહોંચાડવાનું શક્ય બન્યું છે. ઈ.સ. ૧૯૬૮માં વિયેના ખાતે 'UN conference for exploration and peaceful uses of outer space' *અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા. અંતરિક્ષ વિજ્ઞાન અને પ્રાયોગિકીનો* માનવ કલ્યાણ માટે ઉપયોગ એ તો તેમનો પાયાનો ધ્યેય હતો પણ તેના સંભવિત ભય અને દુરુપયોગ સામે પણ તેમણે રાષ્ટ્ર સંઘને ચેતવણી આપેલી હતી. ભારતના ઉપગ્રહોનો નકશો સારાભાઈએ તૈયાર કર્યો હતો. તે નકશામાં આજે સફળતાપૂર્વક રંગો પૂરવામાં આવી રહ્યા છે. ઈ.સ. ૧૯૬૯માં અમેરિકાની સંસ્થા 'નાસા' સાથે ઉપગ્રહ-ટેક્નૉલૉજિના ઉપયોગ (ATS) માટે કરારો કર્યા. ત્યારબાદ આજે અવકાશ સંશોધનને જરૂરી અને પૂરક એવાં ૨૦ કેન્દ્રો સમગ્ર ભારતના ખૂણે ખૂણે કાર્યરત થયાં છે. તેમની સ્મૃતિમાં ત્રિવેન્દ્રમ ખાતે સેટેલાઈટ સિસ્ટમ ડિવિઝન (SSD)ને વિક્રમ સારાભાઈ સ્પેસ રિસર્ચ કેન્દ્ર એવું નામ આપવામાં આવ્યું છે.

ઈ.સ. ૧૯૬૬માં ભાભાના મૃત્યુ બાદ, તેમણે શરૂ કરેલ ન્યૂક્લિઅર પાવર યોજનાઓ, ભારે-પાણી પેદા કરવાના એકમો, ન્યૂક્લિઅર-ઇંધણ સંકુલો, ઇક્ટ્રોનિક કૉર્પોરેશન અને કાર્યરત એવા ઝડપી રિએક્ટરો પૂરાં કરવાનું ઉત્તરદાયિત્વ પરમાણુ ઊર્જા પંચના અધ્યક્ષ તરીકે સારાભાઈને શિરે આવ્યું, અને તેમણે યથાર્થ રીતે તે નિભાવ્યું. બિહારની ખાણોમાંથી મળતા યુરેનિયમને ઘરઆંગણે સમૃદ્ધ કરીને ઉપયોગ કરવા માટે ભાર મૂકી સ્વદેશીપણાની ભાવનાનું સચોટ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. કલ્પક્કમ ખાતેના ઝડપી Breeder રિએક્ટરની સંપૂર્ણતાનો યશ સારાભાઈને જાય છે. સારાભાઈને અંજલિ આપતાં B.A.R.C.ના નિર્દેશક ડૉ. રાજા રમન્ના લખે છે કે, 'જગતમાં એવા ઘણા ઓછા માણસો છે જે શુદ્ધ વિજ્ઞાન, આધુનિક ટેક્નિક, ઔદ્યોગિક અનુભવ, વિધેયાત્મક સંશોધનો ઉપર પૂરેપૂરી સમજ અને પકડ ધરાવતા હોય અને તે છતાં ગાંધીજીની નમ્રતા અને પ્રેમાળતા ધરાવતા હોય. સારાભાઈ તો ગયા પણ પરમાણુ-ઊર્જા ઉત્પન્ન કરવાની તેમની યોજનાઓ અને અવકાશ-યુગની તેમની ઉપલબ્ધિઓ તો આપણી પાસે જ છે.'

ઈ.સ. ૧૯૬૯-૭૦માં Gross National Productના રૂપિયા ૩૧,૭૩૩ કરોડમાંથી માત્ર ૧૩૬ કરોડ રૂપિયા સંશોધન અને વિકાસ (R and D) પાછળ ખર્ચાયા હતા. એટલે કે તે GNPની માત્ર ૦.૪૩ ટકા રકમ હતી. સારાભાઈએ આ રકમ વધારીની ૧ ટકો એટલે કે ૩૨૦ કરોડ રૂપિયા કરાવી. આથી રોજગારીની તકો વધી. કૃષિ, મત્સ્ય-ઉદ્યોગ, પાવર, કમ્યૂનિકેશન *અને ઇલેક્ટ્રોનિક, વાહન-વ્યવહાર, ખનિજો અને કુટુંબનિયોજન* ક્ષેત્રે સંશોધન અને વિકાસ માટે સારાભાઈએ અંગુલિનિર્દેશ કર્યો હતો. સર્જનશીલ શિસ્તબદ્ધ નાગરિકોના વિકાસ માટે તેમણે નેતૃત્વ પૂરું પાડ્યું હતું અને તે માટે ભૂમિકા તથા પર્યાવરણ પૂરાં પાડ્યાં છે.

સારાભાઈને ઈ.સ. ૧૯૬૨માં ભટનાગર મેમૉરિયલ ઍવૉર્ડ ઈ.સ., ૧૯૬૬માં પદ્મભૂષણ અને ત્યારબાદ મરણોત્તર પદ્મવિભૂષણના ખિતાબો એનાયત કરવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૬૧-૬૨માં ઇન્ડિયન સાયન્સ કૉન્ગ્રેસમાં તેઓ ભૌતિકવિજ્ઞાનના અધ્યક્ષ વરાયા હતા તથા યુ.એન. અવકાશ સમિતિઓમાં સભ્યપદ અને અધ્યક્ષપદ મળ્યું હતું. ઈ.સ. ૧૯૬૮માં Inter National Atomic Energy Agencyના અધ્યક્ષ બન્યા. આ બધું વિશ્વશાંતિ અને નિ:શસ્ત્રીકરણના પ્રયાસોના ફળરૂપે હતું. Pugwash Movement તે સમિતિના સભ્ય હતા. આથી તેમણે Indian Pugwash સમિતિની રચના કરી.

સારાભાઈ ઉષ્માસભર, નમ્ર અને નિખાલસ હતા. વ્યવહારમાં તે સાદા, સરળ, સાલસ અને મિતભાષી હતા. કોઈપણ કામ પૂરું ન થાય ત્યાં સુધી તેને લક્ષ્ય ગણીને જ મંડ્યા રહેતા હતા. ૩૦ ડિસેમ્બર, ૧૯૭૧ના રોજ તેમના નિધનથી ભારત અને ભારતીય વિજ્ઞાનને ભારે ખોટ પડી. પાછળ પુત્ર કાર્તિક અને પુત્રી મલ્લિકા મૂકતા ગયા. ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (PRL)ના ભૂતપૂર્વ નિર્દેશક ડૉ. સુધીરભાઈ પંડ્યા સ્વ. સારાભાઈને અંજલિ આપતાં કહે છે કે, 'આધુનિક શંકરાચાર્યની જેમ સારાભાઈ ભિન્ન ભિન્ન સંસ્થાઓ અને સંગઠનો સ્વરૂપે કાશ્મીરથી કન્યાકુમારી સુધી પગલાં પાડતા ગયા છે. લક્ષ્મીના ખોળામાં જન્મી જીવનભર સરસ્વતીની ઉપાસના કરી. તેમના અકાળ અવસાને આપણી વચ્ચેથી બુદ્ધિનિષ્ઠ અને શક્તિશાળી સ્વજન ખૂંચવી લીધો છે.' □

કવિમિલન

લિન યુતાંગની એક વાર્તા

અનુ. અશોક હર્ષ

ચાર વરસ પહેલાં હું યુંગયાંગ મુકામે રોકાએલો. ત્યાં મારા એક પુરાણા મિત્ર ચેંગનો મને ભેટો થઈ ગયો. પાટનગરથી તે પોતાના ગામ પેંગચેંગ જઈ રહ્યો હતો. યુંગયાંગમાં અમે બંને પુરાણા મિત્રો થોડા દિવસ રોકાઈ રહ્યા. તે બહુ રમૂજી સ્વભાવનો અને સાથોસાથ કવિ પણ હતો. અમારી વાતો દરમિયાન મને તેણે એક અત્યંત રમૂજી અને એટલી જ વિચિત્ર ઘટના કહી સંભળાવી. તેની એ વાત કેટલા અંશે સાચી હતી અને તેને રસપ્રદ બનાવવા તેણે એમાં ગાંઠનું કેટલું ઉમેરેલું એ તો હું નથી જાણતો, પણ મજકૂર ઘટના એક જ મહિના પહેલાં ખરેખર બની ગયાનું તેણે સોગનપૂર્વક જણાવેલું. ચેંગે જે શબ્દોમાં મને તે કહેલી તે મને જેવી યાદ રહેલી તેવી લગભગ તેના જ શબ્દોમાં રજૂ કરું છું.

નવેમ્બરની આઠમીનો એ દિવસ હતો. હું દૂર વાયવ્યમાં હતો ત્યાં મારી માની માંદગીના સમાચાર સાંભળી મેં ઘેર પાછા ફરવાનું નક્કી કર્યું. વળતા દિવસે બપોરે હું વાઈનાન પહોંચ્યો. એકદમ હવામાન પલટાઈને એવી ઠંડી નીકળી કે બરફ પડશે એવું લાગવા માંડ્યું. ત્યાંના મારા એક ઓળખીતા મૅજિસ્ટ્રેટે મને રોકાઈ જવાનું કહ્યું. તેની સાથે થોડો વખત ગાળી મારે જવાની ઉતાવળ હોવાનું જણાવી તેને ત્યાંથી નીકળ્યો ત્યારે બરફની આછી પતરીઓ પડવા માંડતા વાતાવરણ ધુમ્મસિયું બની ગયું હતું. લાંબે જોઈ શકાય તેવું નહોતું રહ્યું. મારા ઘોડાની સીટ બરફની આછી પતરીઓથી છવાઈ ગઈ હતી. મારે બહુ જ ધીમેધીમે આગળ વધ્યા વિના છૂટકો જ નહોતો. રસ્તે તુંગયાંગ મુકામે હળવું ભોજન લઈ હું પાછો આગળ વધ્યો.

જેમ આગળ વધતો ગયો તેમ બરફ વધુ ને વધુ વરસવા માંડતાં આગળ બહું સૂઝતું નહોતું. આગળ ઉપર મને એક ઢોળાવ નજરે પડ્યો અને થોડેક આગળ વધતાં એક મંદિર નજરે પડ્યું. એટલે નજીકના કોઈ શહેરમાં પહોંચવાને બદલે એક રાત એ મંદિરમાં જ આશ્રય માગી લેવાનું મેં નક્કી કર્યું.

ઘોડાને એક ઝાડ સાથે બાંધી મેં મંદિરની બહાર ઊભા રહી બૂમ મારી 'કોઈ છે કે ?' કશો ઉત્તર ન મળતાં હું અંદર પેઠો. અંધારામાં આગળ વધતાં મને વેદિ પાસે એક દીવાનો ઝાંખો પ્રકાશ નજરે પડતાં મેં ફરી બૂમ મારી, 'કોઈ છે કે ?'

ખૂંધ નીકળેલો એક વૃદ્ધ સાધુ મારી સામે આવી પહોંચ્યો અને મને તેની સાથે આવવા જણાવ્યું. અમે મંડપ ઓળંગતા હતા અને તે વારંવાર મને નિરખતો હતો. એક તો ખૂંધો, અને મારો ચહેરો તાકવા તેને શરીરને જ વળાંક આપવો પડતો હતો તે બહુ વિચિત્ર લાગતો હતો. એણે આગંતુકોમાંનો એક મને માની લઈ કહ્યું, 'શ્રીમાન યુ આવી ગયા છે.'

મેં તેને કહ્યું કે હું તો એક વટેમાર્ગુ છું, બરફના કારણે રાતવાસા માટે આશરો શોધવા આવ્યો છું.

'આવા તોફાનમાં ક્યાં જવા નીકળ્યા છો ?'

'મારે ઘેર પેંગચેંગ.'

નાકનું ટેરવું ઊંચું કરી મને નખશિખ નિહાળતો તે બોલ્યો, 'દેખાવ પરથી તમે કોઈ વિદ્વાન હો એમ લાગે છે. આજે રાતે અમે થોડાક મિત્રોનું મિલન ગોઠવ્યું છે. તમારી ઇચ્છા હોય તો તમે પણ એ મિલનમાં સામિલ થઈ શકો છો. કવિ પણ હશો.'

'થોડીઘણી કવિતા લખું છું.' મેં વિનમ્રતાપૂર્વક કહ્યું.

'બહુ જ સરસ, તો તો તમારી હાજરી સંમાન્ય થઈ પડશે.'

આવ્યા એક છેવાડાના સ્થાને અને આવી બરફના તોફાનભરી રાતે કવિજનોએ યોજેલા આ મિલનથી મને ભારે નવાઈ લાગી. મને મોડેથી જાણવા મળ્યું કે આ કવિઓનું એ એક નાનકડું અલાયદું જ જૂથ હતું અને તે કવિતાના તદ્દન નવા જ ક્ષેત્રને ખેડી તેનો વિસ્તાર વધારવા માંગતું હતું. તેઓના માન્યા મુજબ કવિતાનું આ નવું ક્ષેત્ર પોતાની કાવ્યરચનાને અમર બનાવી દીધા વિના નહિ રહે.

અંદરના કમરામાં પેસતાં એક ખૂણે એક સ્થૂળકાય આદમીને બેઠેલો જોયો. તે કાં તો ખૂબ આરામપ્રિય હોવો જોઈએ, અથવા તો પ્રણાલિભંજક, કેમ કે આગંતુકનું સ્વાગત કરવા ઊભા સુધ્ધા થવાની તસ્દી તેણે ન લીધી.

'આ જ છે મિ. ચેંગ ઉર્ફે 'મિ. હોગ'. પેલા ખૂંધા સાધુએ મને કહ્યું, 'એ એમના ઘેર જવા નીકળ્યા હતા પણ મેં તેમને રોકી લીધા છે.'

મિ. હોગે હવે તેનાં ચશ્માંમાંથી મારા તરફ જોયું અને ઊભા થવા પ્રયત્ન કર્યો.

'બેસો, બેસો, ઊભા થવાની કંઈ જરૂર નથી. ખૂબ આનંદ થયો તમને મળીને.' મેં કહ્યું.

'અહીં અમે બધાએ નવી કવિતાની ખાતર નવાં જ નામ અપનાવ્યાં છે. મારું નામ છે ફ્રેડરિક ડ્રોમેડરી હમ્ફ્રી, 'તેણે ભારે પણ મંદ સ્વરે કહ્યું.

'અમે એને હમ્ફ્સ કહીએ છીએ,' ખડખડાટ હસી ઊઠતાં મિ. હોગે જણાવ્યું.

'તમારી ઉમર કેટલી ?'

'એંસી થવા આવ્યાં. પહેલાં તો હું તમારા જેવો જ પ્રવાસનો ભારે શોખીન હતો અને સેંકડો માઈલ કશાં ભૂખ કે થાક વિના કાપી કાઢતો. પણ હવે આ પગ અક્કડાઈ ગયા છે.' કહેતાં જાણે

એ ભૂતકાળમાં સરી પડ્યો હોય એમ લાગ્યું.

'મને નવાઈ લાગે છે.' એકાએક તે બોલી ઊઠ્યો, 'પ્રોફેસર પાઈન હજી સુધી કેમ નથી દેખાયા ? આમ તો સૌથી પહેલા એ જ આવી જતા હોય છે.'

'પ્રોફેસર પાઈન ? એ કોણ છે ?'

'એમનું પૂરું નામ પૉર્ટર કયુ. પ્રાઈન,' ખૂંધા સાધુએ કહ્યું. 'હમણાં જ આવી લાગ્યા સમજો. જબરા વિવેચક છે. બરફના કારણે મોડા પડ્યા લાગે છે.' પોતે ચિયાં તાઓનો જબરો પ્રશંસક હોવાનું મને કહ્યું, જે પણ તેના જેવો જ એક સાધુ હતો.

મેં મિ. હૉગના પડખે જમાવ્યું. મને જાણવા મળ્યું કે તે એક ફાર્મ પર રહેતા હતા અને ભારે કુટુંબવત્સલ હતા.

એટલામાં તો બહારથી ચાબખીઓનો અવાજ કાને પડ્યો. 'બાહુ ! બાહુ ! હું આવી પહોંચ્યો છું,' કહેતો ખભે ધાબળો વીંટેલો એક તરવરિયો પાતળો યુવાન અંદર પ્રવેશ્યો. 'કેટલું બધું ચાલવું પડ્યું અને કેવા અંટવાવું પડ્યું !' અને ધાબળો દૂર ફેંકતો બોલ્યો, 'શી રાત છે આજની !'

'હું એનો પરિચય આપું,' સાધુ હમ્ફીએ કહ્યું, 'એ છે મિ. ડોનાલ્ડ કી - ટૂંકમાં ડૉન. અમારામાંનો એ એક સૌથી મૌલિક અને સૌથી આશાસ્પદ કવિ છે.'

મારી સામે જોઈને હસતાં તેના સફેદ દાંત ચમકી ઊઠ્યા. ભારે તરવરિયો જુવાન લાગતો હતો. તરત જ હૉગ તરફ ફરતો એ તેને સંબોધીને બોલ્યો, 'મિ. હૉગ તમને મારી આ કાવ્યપંક્તિ કેવી લાગે છે ?–

'એકાકી, વ્યગ્ર, વ્યથિત મેં પીડાદાયક માઈલો કાપ્યા જ કર્યા,
કાપ્યા જ કર્યા.'

'સરસ ! સરસ !' મિ. હૉગ ખુશમિજાજે બોલી ઊઠ્યા, 'અને સરળ પણ.'

'ડૉન, તમારાં અત્યારનો વર્તાવ જોતાં તમારા એકાકીપણા, વ્યાગ્રતા કે વ્યથા મને મુદ્દલ પ્રભાવિત નથી કરી શકતાં,' એક ખૂણેથી તીણો અવાજ સંભળાયો.

'કેમ એમ પ્રોફેસર ? તમે ક્યારે આવી ગયા ?' સાધુએ પૂછ્યું, અને મારી તથા હૉગની બંનેની નજર એ દિશાએ ખેંચાઈ.

'તમારા અત્યારના ઉલ્લાસ સાથે તમે વર્ણવેલી તમારી સ્થિતિ તદ્દન વિસંગત છે એમ તમને નથી લાગતું ? પ્રોફેસરે તેનું જ હાંક્યે રાખ્યું.

'અરે પ્રોફેસર ! તમે છાનામાના જ આવીને બેસી ગયા !' સાધુએ કહ્યું.

'મને નાચતાકૂદતા પ્રવેશવાની આદત નથી.'

હું પ્રોફેસરને બારીક નજરે જોઈ રહ્યો. તેની આંખોમાં બહુશ્રુતતાની ચમક વરતાતી હતી.

'અહીં આગળ આવીને બેસો, પ્રોફેસર', સાધુએ કહ્યું. 'અમે તમારી ગંભીર સમીક્ષા સાંભળવા માગીએ છીએ, દૂરથી તે બરાબર સંભળાય તેમ નથી.'


'મને અહીં જ ઠીક હતું.' કહેતા પ્રોફેસર સાધુના આગ્રહને માન આપી ઊઠ્યા અને એક આરામખુરશીમાં અગ્ર એવું સ્થાન લીધું.

થોડી જ વારમાં બીજા ત્રણ જણ પ્રવેશ્યા. એમાંના કસાયેલા શરીરવાળા જુવાનની ઓળખાણ મને વુલ્ફરીન હન્ટર બાર્કલે તરીકે આપવામાં આવી. બીજો જણ ઉન્નત મસ્તકે રૂઆબભેર દાખલ થયો. હૉગે મને જણાવ્યા પ્રમાણે તે જબરો પ્રેમી હતો. જોકે કુંવારો જ હતો, પરંતુ પ્રેમનાં જ ગીતો લખતો રહેતો. સૌ કોઈ તેને હેનરી તરીકે સંબોધતા, પણ આખું નામ હતું હેનરી વૉટલ્સ કૉમ્બીસ. પણ સૌથી અવિસ્મરણીય તો હતો ત્રીજો જણ, નામે અનાકબુલી કાટ્ઝ. તેની ચાલ જ નહિ, તેનો અવાજ પણ સ્રૈણ હતો. બોલતાં બોલતાં તેનો ગાલ તેની લાંબી આંગળીઓ પર ટેકવી દેતો. બાર્કલેને તેની ભાવુકતા મુદ્દલ ન ગમતી, બંને અંદરથી તો એકબીજાને તિરસ્કારતા, પરંતુ સૌજન્યવશ એકબીજા પ્રત્યેની લાગણીને કદી સપાટી પર આણતા નહોતા.

મને આ જૂથનો કવિતા માટેનો એકમાર્ગી ઉત્સાહ વિલક્ષણ લાગ્યો, જે બરફના આવા તોફાનમાં પણ બધાને અહીં ખેંચી લાવ્યો હતો. સાચું કહું તો, મેં તો આ કવિજૂથ વિષે આ પહેલાં કશું જ સાંભળ્યું નહોતું. પરંતુ એમની કાવ્યભક્તિ ખરેખર અનન્ય હતી, તેઓ પોતાની કવિતાની નવી તરાહ પર - ખાસ કરીને તેની દુર્બોધતા પર - મગરૂર હતા. તુ ફુ, લિ પો, વગેરે તેમના પુરોગામીઓથી તે તદ્દન નોખા પડી આવતા હતા. હકીકતમાં તેમની કવિતાની દુર્બોધતાએ જ તેમને પોતાનું આ ખાનગી મંડળ ઊભું કરવા પ્રેરેલા. અલબત્ત, કવિતા પાછળનો તેમનો મનોભાવ સર્વસામાન્ય માનવભાવ જ હતો, પણ તેની અભિવ્યક્તિ એવી દુર્બોધ હતી કે તે બીજાઓને માટે તો શું પણ ક્યારેક ખુદ તેમને પોતાને પણ સમજાવી મુશ્કેલ હતી.

ડૉન કીએ રચેલી આ પંક્તિએ મારામાં ભારે મૂંઝવણ અને પાછળથી રમૂજ પ્રેરેલી : 'ગોળાકાર ચોરસની ચમકની શિંગાળી ગુલાબકળીઓ.' પ્રોફેસર પોર્ટર કયુ. પાઈન તો આ પંક્તિ પર વારી ગયેલા અને મારી આ સમજવાની અશક્તિ પર તેમને કંઈક ગ્લાનિ પણ ઊપજેલી. મેં તેમને કહ્યું કે, ગોળાકાર ચોરસ ગુલાબકળીઓ ન તો મેં જોઈ છે કે ન તે વિશે ક્યાંય કદી સાંભળ્યું છે. પ્રોફેસરે મને સમજાવ્યું કે તે પંક્તિમાં કવિની પત્નીનો પગનો અંગૂઠો અપેક્ષિત છે અને શિંગાળાપણું તે અંગૂઠા પરના નખને કેવા પરિષ્કૃતપણે વર્ણવે છે !'

(અનુસંધાન પૃ. ૧૪ ઉપર)



યુદ્ધનગરી તુલાની ભવ્યતાનો ખ્યાલ આપતા અવશેષો.

આઝ્તેક સામ્રાજ્ય

– કે. કા. શાસ્ત્રી –

મેક્સિકોના ‘યુક્તાન’ નામક એક વિસ્તૃત ભૂભાગમાં વિકસેલા ‘માયા સૂર્યરાજ્ય’નો અસ્ત થયા પછી ત્યાં એક બલિષ્ઠ ફિરકો વિકસ્યો. ‘મૅક્સિકા’ નામે ઓળખાએલો આ ફિરકો ઓગણીસમી સદીમાં ‘આઝ્તેક’ નામે ઓળખાતો થયો. કોલંબસે જેને ઇન્ડિયન પ્રજા કહી હતી તે લોકો હજારો વર્ષ પૂર્વે એશિયામાંથી આવીને બેરિંગની સામુદ્રધુનીના માર્ગે આ ખંડમાં આવેલા મનાય છે. હિમયુગમાં બેરિંગ સમુદ્રના આ ભાગનાં પાણી આજના કરતાં ૪૫૦ ફૂટ નીચે હતાં. અને બેરિંગ સામુદ્રધુની હકીકતે સંયોગીભૂમિ હતી. આ સંયોગીભૂમિ પર થઈને ઇ.સ. પૂર્વે દશ હજારથી સાઠ હજાર વર્ષના ગાળામાં એશિયામાંથી પોતાનાં પશુઓ સાથે આલાસ્કામાં તેઓએ પ્રવેશ કર્યો હતો. અને પછી ધીરે ધીરે આગળ પ્રસરતા જઈ છેક દક્ષિણ અમેરિકાના છેડે હૉર્નની ભૂશિર સુધી પહોંચ્યા હતા. આ પીતરંગી - મૉન્ગોલોઈડ - લોકો મૅક્સિકોમાં ‘માયા’ (મય ?) અને ‘આઝ્તેક’, કેલિફોર્નિયાની પૂર્વ સરહદ પાસે એરિઝોના ખીણપ્રદેશમાં ‘નવાહો’, અને પેરુમાં ‘ઈન્કા’ નામે ઓળખાઈ ઉન્નતિનાં અનેક શિખરો સર કરવા શક્તિમાન થયા હતા. આમાંના માયા, આઝ્તેક અને ઈન્કાએ તો પોતાનાં સામ્રાજ્ય કહી શકાય તેવાં ‘સૂર્ય રાજ્યો’ વિકસાવ્યાં હતાં. આમાંના મૅક્સિકોના આઝ્તેક વિષે જોઈએ તે પહેલાં આ ભૂભાગમાં પૂર્વે શી પરિસ્થિતિ હતી એનો થોડો પરિચય પામવો ઠીક થઈ પડશે.

ઈ.સ. પૂર્વે પાંચ હજારથી ત્રીસ હજાર વર્ષોના ગાળામાંના જે અશ્મીભૂત અવશેષો મળ્યા છે તેમાં ભીમકાય પ્રાણીઓ, ઊંટ અને ઘોડાના અવશેષોની સાથોસાથ શિકારી માનવીના અવશેષો પણ મળ્યા છે. પેલા વિશાળકાય પ્રાણીઓનો નાશ કરાયે જતો હતો અને લાંબા ગાળા દરમ્યાન નાનાં ભૂચર અને જલચરોનો શિકાર પણ અવિરત ચાલુ હતો. લોકોનું જીવન શિકારમાં પ્રાપ્ત કરાતાં પ્રાણીઓ ઉપર આધારિત હતું. ઇ.સ. પૂર્વે ૫૦૦૦ વર્ષ પર આવીએ ત્યારે ધીમું પરિવર્તન થતું જતું હતું તેમ જણાયું છે. પ્રાથમિક પ્રયાસ કરવાનો અને લોકોની વસાહતો બનવાનો આરંભ થયો હતો. ખોરાકમાં લોકો પ્રાણીઓના શિકાર ઉપરાંત વિવિધ ફળો તેમજ મકાઈ જેવા અનાજ-કઠોળનો ઉપયોગ કરતા

થયા હતા. ઈ.સ. ૧૫૦૦ના અરસામાં તો મોટા ભાગના મેસો-અમેરિકામાં ખેતી પ્રસરી ગઈ હતી. હોન્ડુરાસ, બેલાઈઝ, ગ્વાટેમાલા અને અલ-સાલ્વાડોરનો પ્રદેશ સમધારણ ઋતુઓવાળો વસાહતીઓ માટે અનેક રીતે અનુકૂળ હતો. પરિણામે ત્યાં વસેલા લોકોમાં વણાટકામ, કુંભારકામ અને ઘંટી જેવાં સાધનો પણ વિકસ્યાં હતાં. આ લોકોમાં કંઈક કલાસૂઝ પણ વિકસી હતી. સ્થિર થયેલા આ લોકોમાં 'આલ્મેક' નામનો એક ફિરકો ઊપસી આવ્યો. પશ્ચિમે 'તાબાસ્કા' અને દક્ષિણે વેરાક્રૂઝમાં આ આલ્મેકોમાંથી વંશપરંપરાગત ચાલ્યા આવતા રાજવંશોનો પણ વિકાસ થતો જતો હતો. કોઈ ને કોઈ પ્રકારના ધર્મસંપ્રદાયો અને ધર્મગુરુઓ અસ્તિત્વમાં આવતા જતા હતા. ધર્મગુરુઓ એ દૈવી આત્માઓ છે અને તેથી એ દેવો છે એવી એક માન્યતા બલવત્તર બની હતી. આમાંથી આગળ જતાં ઇ.પૂ. ૧૨૦૦ આસપાસથી આ પ્રદેશમાં અનેક યાત્રાધામો વિકસ્યાં. એમનાં મંદિરો છાપરા-ઘાટમાં બંધાતાં હતાં. સ્નાનાદિ ક્રિયાઓ માટે તેની પાસે નાનાંમોટાં તળાવડાં પણ વિકસતાં રહ્યાં હતાં. આગળ જતાં પથ્થરોનાં સ્થાપત્યો પણ અસ્તિત્વમાં આવતાં થયાં. આ બાંધકામો માટે વીસવીસ ટન જેવડા પથ્થરો દૂરદૂરથી દોરડાં વડે ખેંચી લવાતા. જૂનાં સ્થાપત્યો પાડી નવાંનવાં વિશાળ સ્થાપત્યો પણ બંધાતાં થયાં. ક્રિડાસ્થાનો અને એમાં ઉપયોગમાં લેવાતાં પકવેલી માટીનાં સાધનો, નિત્ય ઉપયોગનાં અને ઘરકામમાં ઉપયોગી સાધનો પણ આ રીતે બનતાં થયાં. દેવદેવલાંની માન્યતાના વિકાસ સાથે રાની બિલાડાના ચહેરાવાળા માનવ આકારે પણ પથ્થરમાંથી તે પ્રજા કોરતી; કારણ કે એવી પ્રતિમાઓને વરસાદના દેવ તરીકે તેઓ આદર આપતી. આ દેવને તેવો 'ત્લાલોક' કહેતા.

આ સમયમાં 'ઓલ્મેક' પ્રજાએ જ્યોતિપક પંચાંગની પ્રક્રિયામાં ઘણો વિકાસ સાધ્યો હતો. આ વિદ્યા તેઓ પૂર્વ એશિયા - સંભવતઃ ભારતીય ઉપખંડમાંથી લાવ્યા હતા. સ્થપતિઓ સ્થાપત્યનો આરંભ આકાશીય ગ્રહોનાં સંચાલનને આધારે શુભ મુહૂર્તો નક્કી કરીને કરતા. સભ્યતા અને વેપાર-ઉદ્યોગ પણ મેસો-અમેરિકાના આ વિસ્તારમાં વધતાં રહ્યાં હતાં. દૂરદૂરના પ્રદેશો સાથે વ્યાપારી સંબંધો પણ અસ્તિત્વમાં હતા. આલ્કોન્ઝિન્ગોમાં આવેલી ગ્વેરેફોની ગુફાઓમાંની દીવાલો ઉપર ઓલ્મેક-ચિત્રકલા પણ જોવા મળે છે. આમ, ઓલ્મેકોની સંસ્કૃતિ અને સભ્યતા અલ સાલ્વાડોર અને કોસ્ટારિકા સુધી પહોંચી ગઈ હતી.

પૂર્વ એશિયામાં અતિપ્રાચીન કાળમાં નરમેધ થતો હતો કે નહિ એ તો જાણવા મળતું નથી, પણ ઇ.પૂ.ની પહેલીબીજી સહસ્રાબ્દીના સંધિકાળમાં આલ્મેકો નરમેધ કરતા હોય એવા સંકેતો એ કાળનાં ભિત્તિચિત્રોમાંથી મળ્યા છે ખરા.

આ પ્રદેશમાં નદીઓ તો હતી, પણ તે સમુદ્ર સુધી પહોંચતી નહિ હોય. કારણ એવું જણાય છે કે નાનાંમોટાં અનેક તળાવોમાં પાણીનો સંગ્રહ કરાતો હતો. પરિણામે પિયત ખેતીનો સારો વિકાસ થયો હતો. આથી સામાન્યત : આ લોકો માંસાહારી હોવા છતાં તેઓ વનસ્પતાહાર પણ કરતા થયા હતા. આ જ રીતે અનેક નાનાં ગામડાં અને નાનાં નગરો પણ તેઓએ વસાવ્યાં હતાં. ઇ.પૂ. ૪૦૦ આસપાસ તો નાનીનાની મૂર્તિઓ પણ તેઓ બનાવતા અને નાનાંનાનાં મંદિરોથી આગળ વધી મોટાં મંદિરો પણ અસ્તિત્વમાં આવ્યાં હતાં અને એથી આગળ વધી મોટાં મંદિરો પણ રચાયાં હતાં. આવું એક મોટું મંદિર મળી આવેલું છે અને તેમાં બે ઑલ્ટર - વેદીઓ હોવાનું જણાયું છે. ક્યુઈક્યુઈલ્કો અને બીજાં ધાર્મિક કેન્દ્રોનો વિકાસ આ સમયમાં થયો એમ જાણવા મળ્યું છે. એ કાળે અગ્નિદેવની ઉપાસના થતી હોવાના સંકેતો પણ મળ્યા છે.

એ સમયગાળામાં જ્વાળામુખી પહાડોના ઉત્પાત થયા હોવાના અણસાર પણ મળે છે. ખેતીવાડીને પણ એથી હાનિ થતી રહી હશે. છતાં આ લોકોની પ્રગતિ જારી રહી હતી. આ કાળે ક્યુઈક્યુઈલ્કોથી વાયવ્યે પાંત્રીસેક માઈલ દૂર એક બીજું કેન્દ્ર પણ વિકસ્યું. 'તેઓતિયુ આકાન' તેનું નામ. આ એક ભવ્ય નગર હતું. 'ઇશ્વરીય સ્થાન - દેવનગર' એવો એ નામનો અર્થ થાય છે. આ નગર ચાર વિભાગમાં વિભક્ત હતું. વેપારીઓ, કડિયાકુંભાર જેવા કારીગરો દૂરથી આવીને આ નગરના ચોક્કસ વિસ્તારોમાં વસ્યા હતા. કારીગરનાં સાધનો, સૈનિકો માટે શસ્ત્રો વગેરે અહીં નગરના વાયવ્ય ખૂણે વસેલી વસાહતમાં બનતા અને તેની દૂરના પ્રદેશોમાં નિકાસ પણ થતી. આમ જ નગરની પૂર્વ અને નૈર્ઋત્ય દિશામાં ખેતી થતી, જેની પેદાશ નગરને પૂરી પડતી. ઇ.સ. ૬૦૦ સુધીમાં તો આ નગર એની સમૃદ્ધિની ટોચે પહોંચેલું. અહીંના ભવ્ય પ્રાસાદો ચિત્રકામથી શોભતા હતા. જે કંઈ મંદિર-વગેરેના અવશેષો હજી સુધી ટકી રહ્યા છે તેમાંથી આજે પણ સમૃદ્ધ ગણાય તેવો તેના વિપેનો ખ્યાલ મળે છે. આંખો પર ગોગલ્સ ચડાવ્યા હોય તેવી આંખોવાળી એમની દેવમૂર્તિઓ અને ફણિધર નાગનાં મળેલાં પ્રતીકોમાંથી એ કાળની એમની ભવ્યતાનો ખ્યાલ મળી રહે છે.

'ત્લાલોક' અને 'ક્વેત્ઝાલ્કોઆત્લ'એ બે કદાચ એમના પ્રધાન દેવો હતા. આઝ્તેકોના સમય સુધી પણ એમનું મહત્ત્વ અંકાતું રહેલું. તિરુઆકાનની ચડતીપડતીમાં ધર્મ અને વેપારનો આગવો મહિમા હતો. પ્રાપ્ત શિલ્પાવશેષો જોતાં લાગે છે કે ઈ. ૯૦૦ થી ૧૨૦૦ દરમિયાન યોદ્ધાઓનો પણ સારો વિકાસ અને મહિમા થયો હશે.

આલ્મેકોની પડતીના સમયમાં તો લોક લોકો પ્રગતિના પંથે

પડેલા જોવા મળે છે. આલ્મેકોએ આઝ્તેકોને દેવો આપ્યા તો તોલોકોએ વીર પુરુષોની પરંપરા આપી. આ સંધિકાળની અનેક વીરગાથાઓ દંતકથાઓના રૂપમાં અસ્તિત્વમાં આવી. મુખ-પરંપરાઓ અને એમની ચિત્રલિપિનાં ઓળિયાંઓમાં આ બધું ઊતરી આવ્યું છે. પણ દુર્ભાગ્યે સ્પૅનિશ આક્રમકોએ સત્તા પ્રાપ્ત કર્યા પછી ચલાવેલી લૂંટફાટોમાં આવાં સેંકડો ઓળિયાંનો નાશ થયો. આમાં જે કંઈ બચ્યાં તેમાંની એની ચિત્રલિપિ દ્વારા જે કંઈ ઉકેલી શકાયું તેના ઉપર તેમના ઇતિહાસ વિષેના આજના આપણા જ્ઞાનનો આધાર છે. મેસો-અમેરિકનોની અગાઉની પરંપરાને જીવંત રાખી તોલ્તોકોએ પચાસેક માઈલ દૂર જરા સૂકા પ્રદેશમાં ઉચ્ચ સપાટીવાળા વિસ્તારમાં 'તુલુ' નામની નગરી વસાવી જે તેમની રાજધાની બની હતી.

તુલાના ધર્મગુરુ ક્વોત્ઝાલકોઆત્લને તેઝ્કાત્લિમોકાના અનુયાયીઓએ નશાખોર અને નિંદ્ય ઠેરવતાં એણે તુલાનો ત્યાગ કર્યો. પછીનાં તોલ્તેક રાજ્યોએ ગોપાલક ચિચિમેકોથી પોતાના સામ્રાજ્યને બચાવવાના પ્રયત્નો કર્યા. છેલ્લો રાજવી હુએમાક તુલાનું રક્ષણ કરી શક્યો નહિ. શહેરને સળગાવી દેવાયું. આમાં આઝ્તેકોનો પણ સાથ હતો.

કેટલાક લોકો હુએમાકની સાથે તેસ્કોકો સરોવરના કાંઠા પરના નગર ચાપુલ્તેપેક નગરમાં ગયા. ત્યાંનો સમ્રાટ આપઘાત કરી મરણ પામેલો. આ તોલ્તેકોએ યુકતાનમાં માયાસ્કીના નગર ચાઈચેનઈત્ઝા ઉપર આક્રમણ કરી એ જીતી લીધું અને જૂના નગરથી ખૂબ સમૃદ્ધ નવા નગરની સ્થાપના કરી.

તુલાના વિનાશ પછી મૅક્સિકોમાં અંધાધૂંધી પ્રસરી અને પરિણામે તેકસ્કોકો સરોવરના કાંઠાઓને ફરતા વિસ્તારમાં નાનાંનાનાં અનેક નગર રાજ્યો વિકસ્યાં. એ સમયે ચિચિમેક નામે ઓળખાતા લોકો પોતાના યુદ્ધદેવતા હુઈત્ઝિલોપોચત્લિની દોરવણી નીચે વિકાસ સાધી રહ્યા હતા. આગળ જતાં આ લોકો 'આઝ્તેક' તરીકે જાણીતા થયા.

આઝ્તેકો સત્તા પર આવ્યા તેમાં તુલાથી ચાલ્યા ગયેલા છ સમૂહો કારણભૂત છે. 'તેપાનેક', 'આલ્કાન' તથા તેકસ્કોકો અને ક્સોચિમિલ્કોના લોકો મૅક્સિકોની ખીણમાં આવેલાં સરોવરોને કાંઠે વસ્યા. તોલ્તેકોનો વારસો જીવતો રાખી રહેલા કુલ્હુકાન લોકોની સાથે તેઓ ભળ્યા. છઠ્ઠો સમૂહ આઝ્તેકોનો હતો, જેઓ પોતાનો ગુફાવાસ છોડીને આવ્યા હતા. પોતાના દેવ હુઈત્ઝિલોપાચત્લિની છબી પીઠ ઉપર બાંધીને નીકળેલા એ યોદ્ધા બનીને આવેલા. એક સ્થળે રાતવાસો કરીને રહેલા ત્યારે દેવ હુઈત્ઝિલોપાચત્લિએ એમના ધર્મગુરુઓને સ્વપ્નમાં પોતાની કેટલીક ઇચ્છાઓ દર્શાવી. ધર્મગુરુઓએ એ ખાસ ઇચ્છાઓ આઝ્તેકોનેને કહી અને આઝ્તેકોએ તે સ્વીકારી. આઝ્જતેકો



ઈ. ૯૩૦ થી ૧૨૦૦ના અરસામાં વિકસેલી આઝ્તેક નગરી તુલામાં એમની લડાયક વૃત્તિનો ખયાલ આપતા એ પ્રજાના વીર યોદ્ધાઓના સ્મરણમાં ઊભા કરેલા શૈલ સ્મૃતિસ્તંભોમાંનો એક.

આગળ વધ્યે જતા હતા. માર્ગમાં આવતાં તે તે સ્થાનના લોકો સાથે લડતા જતા હતા, અને પકડાયેલા કેદીઓને પોતાના દેવને બલિ ચઢાવતા જતા હતા. જ્યાં ક્યાંય થોડો સમય તેઓ રહેતા ત્યાં પોતાના દેવનાં મંદિરો રચતા જતા હતા અને તે તે સ્થળે મકાઈ, મરચાં અને અન્ય ઉપયોગી છોડ ઉગાડતા જતા હતા. અછત જેવી સ્થિતિ હોય તો એવાં સ્થળો છોડી દઈને આગળ વધતા. તેઓ ઉદ્યોગશીલ હોઈ અનેક વિષયોમાં નિપુણતા હાંસલ કરી હતી.

'આઝ્તેક' શબ્દ છેક ઓગણીસમી સદીમાં પ્રચલિત બન્યો છે. હકીકતે તેઓ 'મૅક્સિકાઓ' જ હતા. આ મૅક્સિકાઓએ પરંપરા પ્રમાણે ઈ. ૧૧૯૫ આસપાસ મૅક્સિકોના ખીણપ્રદેશમાં પ્રવેશ કર્યો. ચિચિમેક શાસન નીચે નવા સામ્રાજ્યની સ્થાપનાની તેમની નેમ હતી. આ આક્રમકોએ ત્યાં નિવાસ કર્યો, તુલુમાંથી બચેલાઓ સાથે આંતરલગ્નો કર્યાં, ખીણપ્રદેશનો ઘણો ભાગ

જીતી લીધો અને 'તેનાયુકા'માં પોતાની રાજધાની સ્થાપી. ત્યાં તેઓનો એક વિશાળ પિરામિડ છે. ચિચિમેકોના સમયમાં સ્થાપત્યકીય પ્રકાર ખીણપ્રદેશ માટે નવો જ હતો. ત્લાલોક અને હુઉત્ઝિલોપોચત્લિના માનમાં રચાએલા સાત ભવ્ય પિરામિડો તેનામુકામાં છે મૅક્સિકો રચનાના છે. આમાં સર્પાકાર કમાનો ધ્યાન ખેંચે છે.

ઇ. ૧૩૦૦ની પૂર્વે એક સમૂહ ચાપુલ્તેપેક ટેકરીઓ સુધી પહોંચ્યો હતો અને ત્યાં સરોવરના પશ્ચિમ કાંઠે વસ્યો હતો. પેલાં નગરરાજ્યોના લોકોએ આ આગંતુકોનો સમાદર ન કર્યો, અને એમના ઉપર આક્રમણ કરવામાં આવ્યું તથા ચાપુલ્તેપેકમાંથી હાંકી કાઢ્યા. પણ પ્રસરણ દરમિયાન તેઓ ખડતલ બની ગયા હતા એટલે પાછા ફરી એમણે એ કબજે કર્યું. ભૂતકાળમાં 'તેઓમામા' (ઇશ્વરવાહકો) સંજ્ઞાવાળા ચાર મુખીઓએ નેતૃત્વની સેવા આપેલી. હવે મૅક્સિકાઓએ એક જ મુખીની પ્રણાલિ શરૂ કરી. એણે ટેકરીઓની આસપાસના પ્રદેશના સંરક્ષણની રચના કરી, પણ તેપીનેક અને ચુલ્હુકાનના વીરોએ સમૂહમાં આક્રમણ કર્યું. મુખી પકડાયો, પણ આઝ્તેકો સર્વાંશે હારેલા નહિ. ઘણા નાસી છૂટેલા. આમ છતાં મુખીનો વધ કરાયો. ચાપુલ્તેપેકમાં જોવાએલી વીરતા અને કરુણતા મૅક્સિકોમાં ભાગ્યે જ જોવા મળી હશે. મૅક્સિકાઓ ભલે નિષ્ફળ ગયા, પણ 'પ્રજા' તરીકે ખડા થયા. મૅક્સિમિલિયન અને કાર્લોનાનો મહેલ ઉત્તમ હતો. આજે ત્યાં ત્યાંનાં ઇતિહાસવિષયક દર્શનીય મ્યૂઝીઅમ છે. ચાપુત્તિપેકની લડાઈમાં નિષ્ફળ જતાં મૅક્સિકાએ મુખીને, પોતાનાં નિવાસો અને માલમિલકતો ગુમાવ્યાં. એમના કોઈ મિત્રો ન રહ્યા એટલે મરણિયા થઈને તેઓ શત્રુઓ તરફ વળ્યા. તેઓ કુલ્હુઆકનના લોકો પાસે ગયા અને દયા માગી. એ સ્થિતિમાં પોતાનો ધ્વજ અને હુઈત્ઝિલોપોત્લનાં વસ્ત્રો એમને સોંપવા પડ્યાં.

કુલુહુઆકાનના રાજવી પાસેથી મૅક્સિકાઓએ વસવાટ માટે જગ્યા માગી ત્યારે સર્પોની બહુલતાવાળા જ્વાળામુખી પહાડની નજીકની ભૂમિ એણે કાઢી આપી. એવી જગ્યાએ રહેવાથી મૅક્સિકાઓનો ઉચ્છેદ થઈ જશે એવો તેનો ખ્યાલ હતો. વસવાટ કર્યા પછી એ લોકો જીવે છે કે મરી ગયા છે તે જોવા એણે પોતાનું એક પ્રતિનિધિમંડળ પણ મોકલ્યું. પ્રતિનિધિમંડળે જોયું કે મૅક્સિકાઓએ તો ત્યાંના સર્પોનો નાશ કરી ત્યાં ખેતી વિકસાવી પાક ઉતારવા માંડ્યું હતો. એક મંદિર બાંધ્યું હતું અને પાકાં મકાનો બાંધી રહેવા માંગ્યું હતું. રાજવીએ તો એમની ઉપેક્ષા કરેલી પણ જાણે એમને દૈવી રક્ષણ મળ્યું હતું. રાજવીએ એમને પોતાના સૈન્યમાં પગાર આપી સમાવ્યા. કુલ્હુઆ 'કસોચિમિલ્કો'ને હરાવવામાં એ કામ લાગે તે એનો હેતુ હતો. ભાગ્યનો સાથ હતો. એમને કુલ્હુઆકાનના પ્રવેશની છૂટ મળી અને તોલ્તેકવંશના ઉમરાવોનાં કુટુંબોમાં લગ્નાદિ સંબંધ પણ થવા દીધા.

સદા આજ્ઞાંકિત મૅક્સિકાઓએ પોતાના મુખીની સાથે પરણાવવા કુલ્હુઆકાનના રાજવી પાસે રાજકુંવરીની માગણી કરી કે જેથી એને દેવીનું સ્થાન મળે. એને મેળવી એનો વધ કર્યો, અને પછી 'ત્લાઝોત્લેઓનલ' નામથી તેને માતૃદેવી તરીકે સ્થાપી. એનું ચામડું 'હુઈત્ઝિલોપોચત્તિલ' (ધર્મગુરુ)એ ધારણ કર્યું. કુલ્હુઆકાનનો રાજા આવ્યો. આ દેવીનાં દર્શનાર્થે ત્યારે પેલા ધર્મગુરુ અંધારા ગર્ભમંદિરમાં હતો. રાજાએ ભેટ ધરી અને દીવો પેટાવ્યો ત્યારે ખબર પડી કે પેલા ધર્મગુરુએ ઓઢેલી ખાલ એની દીકરીની જ હતી. ક્રોધાયમાન એણે મૅક્સિકાઓનો સંહાર કરવાનો હુકમ કર્યો. મૅક્સિકાઓ ત્યાંથી નાઠાં. એમનો ધર્મગુરુ દિલાસો આપતો રહ્યો, પણ તેનોચ્તિત્લાનના કાદવિયા ટાપુમાં જઈ રહ્યા. આ ટાપુ ઉપર કુલ્હુઆકાનન નગર રાજ્યો, તેકસ્કોકો લોકો અને તેપાનેકોની રાજધાની આઝકાપોત્ઝાલ્કોની સત્તા હોવાનો દાવો હતો. પરંતુ એનું સમાધાન મેળવી લીધું. અહીં ચાર ધર્મગુરુ રાજવીઓ એમને માર્ગદર્શન આપતા રહ્યા. હવે મેક્સિકાઓએ ચાપુલ્તેપેક લોકોની કતલ કરી જૂની પદ્ધતિની નેતાગીરીને જીવતી કરી. આ ટાપુમાં એ લોકોએ ઝૂંપડાં બાંધ્યાં. 'ચિનામ્પા' તરીકે જાણીતા બગીચા બનાવ્યા અને અન્નાદિ સામગ્રીનું પણ ઉત્પાદન કરવા માંડ્યું.

જૂના તેહોતિહુઆકાનના પ્રકારને અનુસરી મૅક્સિકાઓએ પોતાની ધાર્મિક માન્યતા પ્રમાણે નગરના ચાર વિભાગ કર્યા. મધ્યમાં હુઈત્ઝિલોપોચત્લિ ધર્મગુરુનું મંદિર-દિવ્યધામ (મૅક્સિકાઓને મન વિશ્વનું કેન્દ્રસ્થાન) બનાવ્યું. આ દિવ્યધામ સીધુંસાદું ચાલ્યું નહિ. જુદા પડેલા ત્લાતે લોકો ત્યાંથી નવું નગર વસાવવા નજીકના ટાપુમાં ખસ્યા. બંનેનો વિકાસ થવા માંડતાં ખીણમાં સત્તાની સમતુલા બદલાઈ અને સાથે એમનું નસીબ પણ બદલાયું.

તેઝોઝોનોક નામના એક જુલ્મગાર તેપોનેકોનો રાજા બન્યો હતો. એની રાજધાની આઝકાયોત્ઝાલ્કોનું પ્રભુત્વ વધતું જતું હતું. એણે પોતાના પડોશીઓ પર જુલ્મ ગુજાર્યો અને સામે બીજા નગરની મુત્સદ્દીગીરી શરૂ થઈ. મૅક્સિકાઓ એને તાબે થયા અને એના પગારદાર સૈનિકો બન્યા તથા એને ખંડણી ભરવા લાગ્યા. સમય જતાં મૅક્સિકાઓએ 'આકામ્પિયત્લિ' નામના માણસને પોતાનો રાજા બનાવ્યો. મૅક્સિકાઓના ઉમરાવ અને કુલ્હુઆ રાજકુમારીનો એ પુત્ર હતો. આમ, એ દૌહિત્ર થતો હતો. સખત જહેમત ઉઠાવવી પડશે એવું પ્રજા પાસેથી સાંભળતાં એણે સરોવરના ફરતી બે વાડીઓ બનાવરાવી જેમાં મકાઈ, મરચાં, વટાણા વગેરે ઉગાડ્યા ને બતક વગેરેના ઉછેર માટે પણ વાડી બનાવરાવી.

મૅક્સિકા યોદ્ધાઓએ તેનામુકા અને અલ્હુઆકાનનો વિનાસ

કરવામાં સહાય કરી હતી. તેપીનેક રાજસત્તાના વિકાસની સાથે મૅક્સિકાઓએ મિકિસક અને કસોચિમિલ્કો ઉપર સ્વતંત્ર વિજયો મેળવ્યા હતા. એક નેતા હોવો જોઈએ એ તેઓનું મંતવ્ય હતું.

મરવા પડ્યો ત્યારે આકામાપિચત્લિના પુત્રોમાંના એક 'હુઈત્ઝિલિહુઈત્સ'ને પસંદ કર્યો.

તેનોચ્તિત્લાનમાં સુધારા થવા લાગ્યા. લોકો માટીને બદલે પથ્થરોનાં મકાન બાંધવા લાગ્યા. કુએર્નાવાકાની નજીક ગરમ પ્રદેશ હતો, જેમાં કપાસ ઊગી શકતો હતો. મૅક્સિકાઓએ તેના ઉપર વિજય મેળવ્યો અને સૂતરાઉ કપડાં પહેરતા થયા. વનસ્પતિના રેસાઓનું કાપડ વપરાતું બંધ થયું. આ નગર લશ્કરી મથક તરીકે વિકસવા લાગ્યું, જ્યારે ત્લાતેલોલ્કોનગર બીજા દૌહિત્ર તેઝોઝોમોકની સત્તામાં વેપારનું કેન્દ્ર બનવા લાગ્યું.

ઈ. ૧૪૧૭ આસપાસ પિતા પછી ચિમાલ્પોપોકા તેનો-ચ્તિત્લાનનો સત્તાધીશ બન્યો. ચાપુલ્તેપેકના ઝરાઓમાંથી તાજું પાણી મેળવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચિમાલ્પોપોકાએ ચાલ્કો સાથે લડાઈ જારી રાખી હતી, ત્યારે તેપાનેક લોકો ચાલ્કોના બચાવમાં આવ્યા હતા. મૅક્સિકાની સત્તા વધતી જતી હતી ત્યારે તેપાનેકની ઘટવામાં હતી. તેઝોઝોમોકે અર્ધી સદી સુધી સત્તા ભોગવ્યા પછી એનું સામ્રાજ્ય ભાંગી પડ્યું. બે તેપાનેક રાજકુંવરો ખાલી ગાદી માટે યત્ન કરી રહ્યા હતા. ચિમાલ્પોકાએ ગુમાવતાનો પક્ષ લીધો ને માર્યો ગયો. મૅક્સિકાઓએ પોતાને સબળ યોદ્ધાઓ તરીકે સિદ્ધ કરી બતાવ્યા હતા. તોલ્તેક સામ્રાજ્ય ઊભું કરનારું શાહી લોહી મૅક્સિકાઓની નસોમાં વહેતું હતું. □

અનુસંધાન] કવિમિલન [પૃ. ૯ ઉપરથી

'પણ તેમાં ચમક ક્યાંથી ?'

'આહ', પ્રોફેસર બોલ્યા, 'તમે એનો સંદર્ભ પૂરો સમજ્યા નથી. ડૉને અમને ખાનગીમાં આ પંક્તિનો પ્રેરણાસ્રોત કહી બતાવેલો. ગયા મહિને તે પોતાની પત્ની સાથે ફરવા નીકળેલા ત્યારે પત્નીનાં કંતાનનાં પગરખાં ભીનાં થઈ ગયેલાં અને એ ભેજ અંદર આંગળાં સુધી ઊતરેલો, જે તેણે અસાધારણ કાવ્યપ્રતિભા દ્વારા વ્યક્ત કરેલ છે. આ એક જ પંક્તિ કેટલી બધી સૂચકતા ધરાવે છે ! અલબત્ત, એનો પૂરો રસાસ્વાદ તો કવિની તેની પત્ની સાથેની લટાર તમે જાણતા હો તો જ માણી શકો.'

'પરંતુ આ અતિકૃષ્ટ હોય એમ તમને નથી લાગતું ?'

'અતિકૃષ્ટ ? કોના માટે ? અજ્ઞાનીઓ માટે, અમાર જેવા માટે નહિ. એક જ પંક્તિ આખી ઘટના સમજાવી દે છે. કવિતામાં એ અનિવાર્ય છે. કવિતાની સાચી સમજ ઘણું જ ઊંડાણ માગી લે છે. વાંચતાં તરત સમજાઈ જાય એ કવિતા કવિતા જ નથી.'

રાત વધતી ગઈ તેમ કાવ્યચર્ચા પણ આગળ વધતી ગઈ.

લઘુકથા

મફલર

— યશવંત કડીકર —

ખૂબજ ઠંડી પડતી હતી. પવન બંધ થવાનું નામજ લેતો ન હતો. રામુ આવ્યો. તે ધ્રૂજી રહ્યો હતો. મેં મારું મફલર એને આપી દીધું. કામ પતાવીને રામુ ચાલ્યો ગયો. આનંદથી એનો ચ્હેરો ખીલી ઊઠ્યો હતો. મફલર એણે વીંટ્યું નહિ. બસ, હાથમાં લપેટીનેજ ચાલ્યો ગયો.

હું પણ ખુશ હતો. બીજા દિવસે તે આવ્યો. એને જોઈ મને નિરાશા સાંપડી.

બધું પહેલાની જેમ જ હતું. ઠંડી વધી ગઈ હતી. રામુનો પહેરવેશ તો જેમનો તેમ હતો. મફલર ન હતું. કેટલાંયે ચિત્રો કલ્પ્યાં હતાં મેં - મફલર વીંટેલો રામુ કેવો લાગશે ?

મને ચીડ ચઢી. આ સાલાઓ તો જેવા છે તેવા જ રહેવાના. એ જવા લાગ્યો. મેં પૂછ્યું, 'મફલર કયાં છે, અલ્યા ?

કંઈ ન બોલ્યો એ. હસી પડ્યો. એ કંઈક કહેવા જતો હતો પણ અટકી ગયો. હું વધુ કંઈ પૂછું તે પહેલાં તો એ ચાલ્યો ગયો. બીજા દિવસે હું એની રાહ જોતો હતો. કદાચ ટોકવાનું કંઈક પરિણામ આવે !

તે ન આવ્યો. સમય વીતી ગયો, છતાં પણ ન આવ્યો. બીજો દિવસ વીત્યો તો પણ એ ન આવ્યો. એના કોઈ સમાચાર પણ ન હતા.

સાંજ ઢળી હતી. બારણે ટકોરા પડ્યા. કોણ હશે ? મેં બારણું ખોલ્યું. રામુના પિતા હતા : 'સાહેબ, રામુને શરદી ને તાવ છે. થોડાક દિવસ નહીં આવે.'

રામુની માંદગીના સમાચારથી મને દુઃખ થયું. મહેનતુ છોકરો હતો. આજ્ઞાંકિત પણ. મારા મોંમાંથી નીકળી ગયું, 'કશો વાંધો નહીં, ખર્ચીના પૈસા જોઈતા હોય તો કહેજો.'

'ભલે' કહીને રામુના પિતા ગયા. હું કયાંય સુધી એમને જતા જોઈ રહ્યો. ઘેરી આત્મીયતાથી રામુને આપેલું મફલર એમણે લપેટ્યું હતું. ઠંડી વધી ગઈ હતી. ! □

સૌથી પહેલો આનંબુલી કાટ્ઝ ઊઠી ગયો – જેવી બાર્કલેએ તેની કવિતા શરૂ કરી તે સાથે જ, કોઈનું ધ્યાન તેના તરફ ન દોરાય એ રીતે. લગભગ ત્રણેક વાગ્યે પોતાને વહેલા ઊઠવાનું હોવાનું જણાવી કૉમ્બ્સ પણ ચાલતો થયો. માત્ર કી અને બાર્કલે જાગતા રહ્યા. તેમની આંખમાં મુદ્દલ ઊંઘ ન હતી. મિ. હૉગ આરામથી ખુરસીમાં ઊંઘી ગયા હતા અને તેમનું વિશાળ પેટ લયબદ્ધપણે ઊંચુંનીચું થઈ રહ્યું હતું. મારી આંખ ક્યારે ઢળી ગઈ તેની ખુદ મને જ ખબર નથી. □

પતંગ

લાલચંદ ગગલાણી

'કા ય પો છે એ... એ... એ... કાયપો છે એ... એ... એ...!!! લલકારતા ઉત્તેજનાભર્યા શબ્દોથી અમદાવાદ, સૂરત, વડોદરા અને ગુજરાતભરનાં નાનાં-મોટાં અનેક નગરોમાં અગાશી, ધાબાં, છાપરાં, પોળ અને શેરીઓ ૧૪મી જાન્યુઆરી એટલે કે ઉત્તરાયણને દિવસે ગાજી ઊઠે છે. જાણે આ લંબાયેલા શબ્દો પડઘાતા પડઘાતા આકાશમાં ઊડતી પતંગોને હડસેલતા વિખરાઈ જાય છે.

માનવ સંસ્કૃતિના ઇતિહાસ સાથે જોડાએલો પતંગનો વિસ્મયકારી ઇતિહાસ બે-એક હજાર વર્ષ જૂનો છે. ગર્વભેર ગગનમાં વિહરતા વિહંગોને માણસો થોડી ઈર્ષાથી તો વધુ ઉત્સુકતાથી મુગ્ધભાવે જોઈ રહેતા. આકાશમાં ઊડવાનું જાણે સ્વપ્નસમ બની ગયું. કલ્પનાની પાંખો ફફડાવતા માનવીની મહત્ત્વાકાંક્ષા ઊડતી રહી અને તેમાંથી પતંગનો પ્રવેશ થયો. જોકે હજુ સુધી ચોક્કસપણે જાણી શકાયું નથી કે પતંગની શોધ કોણે કરી ? આમ છતાં એવા સંકેતો મળે છે કે પતંગનું જન્મસ્થળ ચીન દેશ હોવો જોઈએ.

ચીનમાં દંતકથા પ્રચલિત છે કે મહાન હાન વંશને (Han Dynasty) ચીનમાં વિજયી બનવામાં પતંગે અભૂતપૂર્વ ભાગ ભજવ્યો હતો. ઈ.સ. પૂર્વે ૨૦૬માં જનરલ હાન સીન (Han Hsin) લશ્કરની નાની ટુકડી સાથે એક મજબૂત કિલ્લેબંધીથી સુરક્ષિત મહેલનો કબજો કરવા છાવણી નાંખી બેઠો હતો. દિવસે, દિવસે મુંઝવણ વધતી જતી હતી, મહેલમાં પ્રવેશવા કિલ્લેબંધી શી રીતે તોડવી !

જનરલે એક સરસ યુક્તિ લડાવી. એક પ્રચંડ પતંગ તૈયાર કરી ઉડાડ્યો. પતંગ જ્યારે બરાબર મહેલની ટોચ ઉપર પહોંચ્યો ત્યારે તેને સ્થિર કરીને કિલ્લાની દિવાલ સુધીના દોર ઉપર નિશાની કરી લીધી અને પછી એ દોરને માપીને છાવણીથી મહેલ સુધી એટલું લાંબુ ભોંયરું ખોદવા સૈનિકોને આજ્ઞા કરી.

પછી જનરલ હાને ચુનંદા સૈનિકો સાથે એ ભોંયરામાં થઈને મહેલ પર આક્રમણ કર્યું. બળવાખોરો આશ્ચર્યથી દિઙ્મૂઢ બની નાસી ગયા. વિસ્મયભર્યો વિજય મેળવવામાં પતંગ યશભાગી બન્યો. બીજી લોકકથા તરંગી લાગે તેવી છે. એક ચાઈનીઝ ખેડૂતે સ્વપ્નમાં તેની હેટને આકાશમાં ઊડતી જોઈ. બીજે દિવસે તેણે સ્વપ્નમાં જોએલી તેવી હેટને દોરી બાંધી ઉડાડી, ખરેખર તે ગોળ અણીયાળી અને વજનમાં હલકી હૅટ હવામાં અદ્ધર ઊડવા લાગી, પોતાના ખેતર ઉપર થઈને ગામ ઉપર સુંદર રીતે ઊડતી એ હેટ તે જોઈ રહ્યો. ત્યાર પછી ધીરેધીરે ચીનમાં કાપડની અને ખાસ કરીને રેશમી કાપડની લંબચોરસ આકારની પતંગો ઊડતી થઈ. જ્યારે પહેલી સદીમાં ચીનમાં કાગળની શોધ થઈ, ત્યારથી કાગળની પતંગો બનવા માંડી. ડ્રેગન આકારની પતંગો ચીનમાં વધુ લોકપ્રિય બની ગયેલી. આ પતંગ ઉપર એવી રીતે દીવા ગોઠવવામાં આવતા કે ડ્રેગનની આંખો ચમકતી દેખાય અને મ્હોમાંથી તેમજ નાકમાંથી ધુમાડો નીકળતો જોઈ શકાય. આ વિશાળકાય પતંગો રાત્રે આકાશમાં ઉડાડવામાં આવતી. લોકો આનંદ અને આશ્ચર્યથી આકાશમાં ઊડતા-વિહરતા ડ્રેગનને ક્યાંય સુધી તાકી રહેતા.

દસમી સદીમાં ચીનના મહાન પતંગકાર લીયેહે (Liyeh) સંગીતમય પતંગ બનાવ્યો હતો. પતંગ સાથે લયબદ્ધ મધુર સંગીત ગૂંજી ઊઠે તેવા નાજુક સાધનો એણે જોડ્યાં હતાં. તિબેટમાં તો સદીઓ સુધી યુવાનો વિશાળકાય પતંગો બનાવીને દોરીનો એક છેડો પતંગ સાથે અને બીજો છેડો પોતાની કમર આસપાસ મજબૂત રીતે બાંધીને હિમાલયના ફૂંકાતા પવનમાં ખચ્ચર ઉપર બેસીને પતંગ સાથે દોડતા, થોડીવારમાં પવનના પ્રચંડ સૂસવાટા સાથે તે યુવાનો ખચ્ચર ઉપરથી ઊંચકાઈને ૧૦-૨૦ ફીટ અદ્ધર થોડા સમય સુધી હવામાં ઊડતા. તિબેટમાં આ રમત ખૂબ જ લોકપ્રિય હતી. થાઈલૅન્ડમાં દર વર્ષે ફેબ્રુઆરીથી મે માસ દરમ્યાન આકાશ વિવિધ પક્ષીઆકારની પતંગોથી છવાઈ જાય છે.

પતંગના અંગ્રેજી શબ્દ KITEની ઉત્પત્તિના ઇતિહાસમાં નજર નાખીએ.કહે છે કે 'કાઈટ' નામના એક વિશાળકાય, શક્તિશાળી પક્ષીના નામ ઉપરથી કાઈટ 'KITE' નામ પ્રચારમાં આવ્યુ. કાઈટ પક્ષી તેની વિશાળ પાંખો સાથે અનંત આકાશમાં લાંબા અંતર સુધી ઊડી શકતું, હવામાં વિહરતું રહેતું. સુંદર રીતે ઊડતા કાઈટ પક્ષીથી માનવને ઊડવાની પ્રેરણા મળી.

જુદાજુદા દેશોમાં વિવિધ રીતે, વૈવિધ્યભર્યા રંગોમાં અને અગણ્ય આકારોમાં પતંગો બનાવવામાં આવે છે. આરંભમાં પતંગો લાકડાની પાતળી ફ્રેમ ઉપર ચીકણો કાગળ તેમજ રેશમી કાપડનો ઉપયોગ કરી અવનવા આકાર અને કદમાં બનાવવામાં આવતા. આજે તો પ્લાસ્ટિક અગર સિન્થેટિક કાપડમાંથી પણ પતંગો બનાવે છે. પતંગની વિકાસકથામાં ચીનની અદ્ભૂત રંગીલી દંતકથાઓ ઉપરાંત અનેક સાહસભરી વિસ્મકારી ઘટનાઓના રંગ પુરાયા છે.

ચીનના ઇતિહાસમાં એક રસિક નોંધ મળે છે. સહેનશાહ (LIU PARY) લ્યુ પેરીને સિંહાસન ઉપરથી ઉથલાવી મૂકવા

તેના જનરલે એક કાવતરું કરેલું, પરંતુ તેમાં નિષ્ફળ થવાથી, પકડાઈ જવાના ડરથી તેણે એક યુક્તિ અજમાવી. જનરલે એક અદ્ભૂત પતંગ તૈયાર કરીને શહેનશાહના મહેલ ઉપર મધરાતે ઉડાડ્યો. હવા અનુકૂળ હતી તેથી પતંગ ભારે સૂસવાટા કરતો રાતના અંધકારમાં ભયંકર અવાજ કરતો ઊડવા માંડ્યો. મધરાતના સૂનકારમાં પતંગના એ સૂસવાટાના જાણે કોઈ વિકરાળ રાક્ષસના બિહામણા ફુંફાડા સાંભળી મહેલનું રક્ષણ કરતા સૈનિકો ગભરાઈને નાસવા લાગ્યા. જનરલે નાશી જતા સૈનિકો જોઈને શાંતિપૂર્વક મહેલનો કબજો સંભાળી લઈ શહેનશાહને બંદીવાન બનાવ્યો.

ચીનમાં દર વર્ષના નવમા મહિનાના નવમા દિવસે દર વર્ષે નિયમિત 'પતંગ મહોત્સવ' ઉજવાતો. આ મહોત્સવમાં આબાલવૃદ્ધ સૌ ઉત્સાહભેર ભાગ લેતા. લોકોએ પતંગ બનાવવાની કલા ક્રમે ક્રમે વિકસાવી. અટપટો ખૂબીઓભરી વિશાળકાય પતંગો બનાવવા માંડી, પતંગનો શોખ ઝડપભેર ફેલાતો રહ્યો. આમોદ, પ્રમોદ, આનંદ ઉત્સવ ઉજવવામાં પતંગ મોખરે રહેતા. આ પતંગ-મહોત્સવને દિવસે સુંદર, સુશોભિત પતંગોથી આકાશ છવાઈ જતું. જેનો પતંગ આકાશમાં વધુ ઊંચાઈએ ઊડતો હોય તે વ્યક્તિને જીવનમાં મોટી સફળતા મળે એવી એક માન્યતા દઢ બનેલી.

જાપાનમાં દર વર્ષે પાંચમી મે 'પતંગ મહોત્સવ' તરીકે ઉજવાતો. આ મંગલ દિનને 'બાલદિન' તરીકે ઓળખાવતા. આ પ્રસંગે બાળકો, યુવાનો, યુવતીઓ માછલી આકારના પતંગો ઉડાડતા. આ મહોત્સવ જાપાનના હોશુબાના (Hoshubana) નામના એક નાના ગામડામાં નિયમિત રીતે ઉત્સાહ અને ઉમંગભેર લોકો ઊજવે છે. O-DAKOS મંડળના કાર્યકર્તાઓ ૪૮ ફૂટ×૩૬ ફૂટનો વિશાળકાય પતંગ ભારે કૌશલ્યથી બનાવે છે. આ પતંગની બનાવટમાં વપરાતા વાંસ વર્ષોવરસ સાચવવામાં આવે છે. આશરે ૧૫૦૦ જેટલા હાથબનાવટના કાગળના ટુકડા વાંસની ફ્રેમ ઉપર ચીટકાવવામાં આવે છે. દરેક પતંગને લગભગ બસો (૨૦૦) કની (Brodle) બાંધવામાં આવે છે. જગતનો આ મોટામાં મોટો પતંગ તૈયાર કરવામાં સેંકડો યુવાનોની દિવસોની અવિરત મહેનત ખર્ચાય છે. આ મહાકાય પતંગ ઉપર જાપાનની ચિત્રલિપિમાં અર્થપૂર્ણ શબ્દો લખવામાં આવે છે. 'O-DAKOS' મહોત્સવ સમિતિ દર વર્ષે આ સંદેશો અલગઅલગ સૂચક અર્થમાં ચિત્રિત કરે છે.

પચાસ જેટલા માણસો આ મહાકાય પતંગને સાથે મળી ઉડાડે છે. પતંગ સૂર્યાસ્ત સુધી આકાશમાં વિહાર કરતો રહે છે. પતંગનો આવો વૈભવ દુનિયાના બીજા કોઈ રાષ્ટ્રમાં જોવા મળતો નથી. પતંગ બનાવવાની અને ઉડાડવાની કલા અને જ્ઞાનનો ફેલાવો ઝડપભેર ચીનના પડોશી દેશો કૉરિયા, જાપાન, મલાયા, ઇન્ડિયા, ઇન્ડોનેશિયા, ફિલિપાઈન્સ સુધી થયો. પોલીનેશીઅન લોકોએ તેના દૂરદૂરના દ્વીપ ઉપરથી પતંગો ઉડાડવાના પ્રયત્નો શરૂ કર્યા. ત્યાંથી એશિયા, અરબસ્તાન, યુરોપ અને અમેરિકાના આકાશમાં રંગબેરંગી પતંગો અનેકવિધ આકારમાં ઊડવા માંડ્યા.

પૅસિફિક દ્વિપના લોકો તો પતંગની સહાયથી માછલાં પણ પકડતા. પતંગને છેડે બાંધેલા ગલ દરિયામાં ડૂબાડતા અને થોડી જ વારમાં માછલી આ ગલમાં ફસાઈ જતી. કોરિયામાં લંબચોરસ પતંગ બનતા. પતંગ ઉડાડવાની સ્પર્ધાઓ પણ થવા માંડી હતી.

કોરીયનો દર વર્ષના આરંભમાં પંદર દિવસ સુધી ધાર્મિક વિધિની જેમ જ પતંગ સ્પર્ધા ચાલતી. પતંગોને પૂછડું જોડતા, પતંગ ઉપર ચિત્રામણ કરતા તો કોઈ આવા શબ્દો મોટા સુંદર અક્ષરોમાં લખતા 'દુર્ભાગ્ય ઉપર ભાગ્યનો વિજય થશે' કોરિયનોમાં એવી માન્યતા પ્રચલિત હતી કે, ભગવાન આકાશમાં વસે છે. ભગવાનને રીઝવવા પતંગોને પુષ્પોની જેમ આકાશમાં વેરતા હતા. આવી માન્યતાથી પ્રેરાઈને પતંગને વધુ ને વધુ ઊંચે સુધી આકાશને આંબવા ઉડાડતા કે જેથી સ્વર્ગમાં વસતા દેવની આરાધના થઈ શકે. દિવસને અંતે લોકો એ પતંગોને દોર સાથે જ વહેતી મૂકી દેતા, એવા આશ્વાસનથી કે તેનો પતંગ જરૂર સ્વર્ગ સુધી પહોંચી જશે.

નવમી સદી દરમ્યાન યુરોપમાં પતંગનો પ્રવેશ થયો. એવા ઉલ્લેખો મળે છે કે રોમનો દૈત્યના સ્વરૂપની પતંગો ઉડાડતા. તે ઉપરાંત હીરા, પેરૂ, પક્ષીઓ, પ્રાણીઓ, માનવ આકારો, છ ખૂણિયા, આઠ ખૂણિયા પતંગો બનવા માંડી. આ પતંગોને આકાશમાં સ્થિર રાખવા પૂંછડું બાંધવાની આવશ્યકતા રહેતી.

૧૮૯૦ દરમ્યાન એડી હારગ્રેવે પૂછડા વગરની પતંગો બનાવવાની શોધ કરી, તેની ક્રાંતિકારી ટેક્નિકથી પતંગોની હારમાળા બનાવી, જેનાથી એક હારમાં દસેક પતંગોનું ઉડ્ડયન શક્ય બન્યું.

ઇન્ડિયાના સ્ટેટની સ્કૂલના વિદ્યાર્થીઓએ સાથે મળીને ઓગણીસ (૧૯) પતંગોની હારમાળા બનાવી અને તેને૩૫,૫૩૦ ફૂટની ઊંચાઈએ ઉડાડીને વિક્રમ સ્થાપ્યો હતો. આ પતંગમાળા ઉડાડવામાં ૫૬,૪૫૭ ફીટ દોર વાપરવામાં આવ્યો હતો.

હારગ્રેવે પતંગ ઉદ્યોગમાં શકવર્તી શોધ કરેલી. તેણે ઍરોડાયનેમિક સિદ્ધાંતને આધારે પતંગનું સ્વરૂપ બદલાવ્યું, બૉક્સ ટાઈપની પતંગ બનાવી સફળતાપૂર્વક ઉડાડી લોકોને મુગ્ધ કર્યા હતા. હારગ્રેવના સફળ પ્રયોગથી પ્રેરાઈને ટેલિફોનની શોધના પ્રણેતા જગતના વિખ્યાત વૈજ્ઞાનિક એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલે એક વધુ વિસ્મયકારક પ્રયોગ કર્યો.

ઈ.સ. ૧૯૦૭ દરમ્યાન ગ્રેહામ બેલે પોતાની ફેક્ટરીના તમામ કામદારોને રોકીને એક રાક્ષસી કદનો પતંગ તૈયાર કરી.

CYGNET KITE નામ આપ્યું. પતંગ ઉપર ૩૩૯૩ Tetrahedral Cell ગોઠવ્યા. તેની પ્રચંડ શક્તિથી એક માણસને હવામાં ૧૬૮ ફીટ ઊંચે હવામાં થોડી મિનિટો સુધી તરતો રાખ્યો હતો.

આ પ્રયોગે રાઈટ બંધુઓને વિમાનની શોધ માટે પ્રબળ પ્રેરણા આપી.

ઈ.સ. ૧૭૫૨માં વિખ્યાત બેન્જામિન ફ્રાન્કલીને હવામાં વિદ્યુત શક્તિનો વ્યાપ છે એ વાત પૂરવાર કરવા એક દિવસ પવનના ભારે વંટોળ-તોફાનમાં વિશાળ પતંગ સાથે ત્રાંબાનો તાર જોડીને ઉડાડ્યો ત્યારે બીજા છેડે વિદ્યુતનો આંચકો અનુભવ્યો. આ પ્રયોગથી આકાશી વિજળીમાં વિદ્યુતશક્તિ વહન થાય છે એમ સિદ્ધ કર્યું.

અમેરિકન વેધશાળા ઈ.સ. ૧૮૯૮થી ૧૯૩૦ સુધી પતંગ દ્વારા હવામાનના અહેવાલ પ્રાપ્ત કરતી હતી.

રાઈટ બંધુઓએ (Wright Brothers) પતંગના સફળ પ્રયોગોથી પ્રેરાઈને વિમાનની કલ્પનાને આકાર આપ્યો. તેઓએ પાંખોવાળી પતંગ સાથે નાની, વજનમાં હલકી ઇલેક્ટ્રીક મોટર બેસાડી ઉડ્ડયન કરવાનાં સફળ પ્રયોગ કર્યો. આ ક્રાંતિકારી પ્રયોગ બાદ માનવે હવામાં ૧,૭૮૩ દરમ્યાન બલૂન દ્વારા ઊડવાનો સૌ પ્રથમ પ્રયાસ કર્યો. આવા પ્રયત્નોની પરંપરાના પરિણામ રૂપે ૧૯૦૩ દરમ્યાન યંત્રથી ચાલતા વિમાનમાં માનવે પ્રથમ ઉડ્ડયનનો આરંભ કર્યો.

વિશ્વવિખ્યાત નાયગરા નદી ઉપર પૂલ બાંધવામાં પતંગે અતિમહત્ત્વનો ભાગ બજવેલો. ૧૯૪૬માં દુનિયાભરના એન્જિનીઅરોને નાયગરા નદી ઉપર રેલવે પૂલ બાંધવાની યોજના રજૂ કરવા આમંત્રણ આપવામાં આવેલું. આ સમયે એક સામાન્ય કોટીનો પૂલ અસ્તિત્વમાં હતો. જેના ઉપર થઈનો લોકો નદી ઓળંગતા હતા.

આખી ટ્રેન પસાર કરવા માટે પૂલ તૈયાર કરવો એ ભારે મુશ્કેલ કામગીરી માગી લે. બંને કિનારા વચ્ચેનું અંતર માપવાનું કૌશલ્ય ત્યારે સહજ ન હતું. આ કોયડાના ઉકેલ રૂપે પતંગ ચગાવવાની સ્પર્ધા યોજવામાં આવી. ન્યૂયોર્ક સ્ટેટ બાજુથી સામે કિનારા કેનેડાની સરહદ સુધી પતંગ પહોંચાડવાનો હતો. મોટી સંખ્યામાં અમેરિકન યુવાનોએ સ્પર્ધામાં ભાગ લીધો, પરંતુ કોઈ પતંગ સામે કિનારે પહોંચાડી શક્યું નહિ. સ્પર્ધાને બીજે દિવસે હોમા વોલ્શ (Homa Walsh) નામના યુવાને પડકાર ઝીલ્યો અને પતંગને સામે કાંઠે કેનેડાની સરહદના એક વૃક્ષમાં ભરાવી દીધો. આ એક ઐતિહાસિક ઘટના ગણાવવામાં આવે છે. પતંગે બે કિનારા વચ્ચેનું ચોક્કસ અંતર નક્કી કરી આપ્યું, તેને આધારે રેલવે પૂલ બાંધવામાં સફળતા મળી હતી.

ઇંગ્લેન્ડની એક શાળાના શિક્ષક જ્યોર્જ પોકોકે (George Pocock) ૧૮૨૬માં ઘોડાગાડીને બદલે 'પતંગ ગાડી' બનાવીને પેટન્ટ મેળવી લીધું હતું. આ ગાડી વજનમાં હલકી બનાવેલી, તેમાં ૪ થી ૫ પેસેન્જર બેસાડીને વિશાળકાય બે પતંગો ખેંચી જતા હતા. જ્યોર્જે આ ગાડીનું નામ 'ચાર વોલાન્ટ' (Char Volant) રાખેલું.. આ પતંગગાડી કલાકના વીસ માઈલની ઝડપે દોડતી, બ્રિસ્ટલ અને માર્લબરો વચ્ચેનું લગભગ સો માઈલનું અંતર પાંચ કલાકમાં પૂરું કરતી. એક ઘટના એવી બની કે આ પતંગ ગાડીએ શાહી કોચને પણ દોડમાં પાછળ રાખી દઈને આગળ નીકળી ગયેલી તે કારણે અનેક મુસીબતો ઊભી થયેલી. સરહદ ઉપરના ટોલ-વેરો વસૂલ કરનારને સમજ પડી નહિ કે આ ગાડી પાસે કયા ધોરણે ટોલ વસૂલ કરવો ! ટેરીફ બુકમાં 'પતંગ ગાડી' માટે ટેક્સ વસૂલ કરવા વિશે કોઈ જોગવાઈ કરવામાં આવેલી નહિ !

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પોલ ગાર્બરે (Paul Garber) એવો એક અસાધારણ, અનોખો પતંગ તૈયાર કરી તેના ઉપર નાની, વજનમાં હલકી તોપ ગોઠવીને દુશ્મનના વિમાન કે સ્ટીમર, યુદ્ધ જહાજ ઉપર અપૂર્વ યુક્તિથી ગોળી છોડીને ભારે નુકસાન પહોંચાડતો. પૉલે અમેરિકન નેવી-નૌકા સૈન્યને આવા પ્રકારની હજારો પતંગો પૂરા પાડ્યા હતા. આજે એ પતંગો સંગ્રહ કરનાર માટે મૂલ્યવાન બની ગયા છે.

અતીતમાં અટવાતા, ઊંચકાતા, ગૌરવભેર ગગનમાં ઘૂમતા, ઉડ્ડયનની પરાકાષ્ઠાએ પહોંચતા પતંગ વિવિધ મનોરમ્ય રંગોમાં અને વિપુલ સ્વરૂપો, આકારો ધારણ કરતા આપણે તેના સંગમાં રહીને મુગ્ધભાવે મનોરંજન માણ્યું. લાખો નવયુવાનોને પતંગે અદ્ભુત પ્રેરણા પૂરી પાડી છે. ભારત અને અમેરિકા સહિત આજે જગતના અનેક દેશોમાં પતંગ સાત્વિક મનોરંજન આપતા રહ્યા છે, યુવાનોની મહત્ત્વાકાંક્ષા પોષતા રહી સદૈવ નિર્દોષ સ્પર્ધા પ્રેરતા રહ્યા છે. □

સૂરતનું શ્રી ચંદ્રપ્રભસ્વામીનું જિનાલય

વાસુદેવ સ્માર્ત




શત્રુંજય પટમાં ચિત્રિત વરઘોડામાંના એક રથ

સૂરત શહેરના સૈયદપુરા વિસ્તારમાં એક શ્રાવકશેરી છે. આ શેરીમાં શ્રી ચન્દ્રપ્રભસ્વામીનું એક જાણીતું જૈન દેરાસર છે. કહે છે કે સકળચંદ નામના એક શ્રાવક શ્રેષ્ઠીએ વિ. સં. ૧૬૬૦માં આ દેરાસર બંધાવ્યું હતું. આ દેરાસરમાં 'નંદીશ્વર દ્વીપ'ની કાષ્ટની સુંદર રચના થાય છે એથી 'નંદીશ્વર દ્વીપ'ના દેરાસર તરીકે પણ તે ઓળખાય છે. દેરાસરમાં પ્રવેશતાં તેના ચૉકની પશ્ચિમમાં ડાબી બાજુએ એક ઓરડીમાં શ્રી જ્ઞાનવિમલ સૂરિની પાદુકા છે. તેની આસપાસ 'સંવત ૧૭૮૨ વર્ષે શાકે ૧૬૪૭ શ્રી ભટ્ટારક વિજયપ્રભ સુરીશ્વર પટ્ટપ્રભાકર ભટ્ટારક પં. શ્રી જ્ઞાનવિમલ સૂરીશ્વર પાદુકાભ્યો નમઃ પ્રતિષ્ઠિતં ભ. શ્રી સૌભાગ્યસાગર સૂરિભિઃ શ્રી' એવું લખાણ છે.

આ દેરાસરના ગર્ભગૃહમાં મૂળનાયક તરીકે શ્રી ચન્દ્રપ્રભસ્વામી અને નાનીનાની અન્ય આરસપ્રતિમાઓ છે. પંચધાતુની પણ અનેક મૂર્તિઓ છે, જેમાંની એક પ્રતિમામાં તીર્થંકરની ગોદમાં અન્ય તીર્થંકરની નાનકડી પ્રતિમા છે. મોટી પ્રતિમા શ્રી આદિનાથ ભગવાનની અને ખોળામાંની નાની પ્રતિમા તેમના પૌત્ર મરીચિની છે. જે કદાચ ભાવિ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની હોઈ શકે. આની સાથે 'સંવત ૧૭૮૦ આદિનાથ બિંબ પ્રતિષ્ઠિતં શ્રી જ્ઞાનવિમલસૂરિભિઃ' એવું લખાણ છે. ગર્ભગૃહમાં સિદ્ધચક્ર તથા સોળ પાંખડીઓવાળું ધાતુનું એક કમળ પણ છે. આ દરેક પાંખડી પર તીર્થંકર દર્શાવ્યા છે. પંચધાતુના ચોવીસ ચૌમુખજી પણ અહીં જોવા મળે છે. દેરાસરના ભોંયરામાં જૈનોના અઢારમા તીર્થંકર અરનાથની પ્રતિમા છે.

મુખ્ય દ્વારમાં પ્રવેશતાં વિશાળ રંગમંડપ આવે છે. તેમાં ડાબી




શત્રુંજય પટમાં પાલિતાણા ગામનાં બે દૃશ્યો


બાજુએ 'સમવસરણ' છે, જેના સચિત્ર ગઢ ઉપર સુંદર ચિત્રાલેખન જોવા મળે છે. તેમાં પ્રથમ ગઢમાં સાધુસાધ્વીઓ, રાજવીઓ, બગલાં, સારસ, કાગડા, બુલબુલ, વાંદરાં, સસલાં, ભૂંડ, શ્વાન, કૂકડાં વગેરે પશુપક્ષીઓના સમુદાય દર્શાવ્યા છે. બીજા ગઢમાં ગાય, ઊંટ, હરણ વગેરે તથા ત્રીજા ગઢમાં હાથી, વ્યાલ, અશ્વ, પોપટ વગેરે અને ચોથા ગઢમાં મોર, હાથી, વ્યાલ, શ્વાન, વૃક્ષો ઇત્યાદિ સુંદર સંયોજન અને રંગમધુર આલેખનમાં જોવા મળે છે.

આ દેરાસરમાં સાડા પાંચ × સાડાસાત ફૂટના વિશાળ કદનો મહાતીર્થ શત્રુંજયનો પટ્ટ પણ છે. આ પટ્ટનું ચિત્રકામ ઘણું ઉત્કૃષ્ટ છે. તેમાં શત્રુંજયની પૂર્ણ યાત્રા દર્શાવી છે. માનવજીવન તથા સામાજિક જીવનના અનેક વિષયોનું તેમાં આલેખન છે. પશુપક્ષીઓ, સ્થાપત્ય, પર્વતો, જલાશયો, માનવઆકૃતિઓ વગેરેની ખૂબ ઝીણવટભરી રજૂઆત તેમાં છે. એમાં દર્શાવેલાં સ્ત્રીપુરુષોનાં વસ્ત્રપરિધાનોમાં સેંકડો પ્રકારની પાઘડી, જામા, ઉપરણા, આભૂષણો વગેરેનું લાવણ્યયુક્ત નજાકતભર્યું આલેખન છે. પટ્ટની મધ્યમાં વિશાળ સુંદર મંડપમાં ભગવાન આદીશ્વર બિરાજમાન છે. ચોપાસ દર્શાવેલા વિવિધ વિષયોમાં એક વરઘોડાનું દૃશ્ય છે. તેમાં શણગારેલાં બળદગાડાં, વેલડાં, રથો તથા સુશોભિત હાથીઓ અને તેના ઉપર સુંદર અંબાડીઓ અને તેમાં બેઠેલા રાજવીઓ, ધજાપતાકા, છત્રો, અશ્વારોહીઓ, મુનિઓ, શ્રાવકશ્રાવિકાઓનો વિશાળ સમુદાય વગેરે દર્શાવ્યાં છે. આ જ રીતે ગ્રામજીવનના દૃશ્યમાં રોજિંદા જીવનવ્યવહારની પ્રવૃત્તિઓ, જલકૂંડમાં સ્નાન કરતા યાત્રીઓ, કૂવે પાણી ખેંચતી પનિહારીઓ, પહાડ ચડતાં યાત્રી સ્ત્રીપુરુષો, સાધુસાધ્વીઓ, અશક્તને લઈ જતી ડોળીઓ વગેરે પણ દર્શાવ્યાં છે. સુંદર દેરાસરો, તેની ધજાપતાકા, તીર્થંકરોની પ્રતિમાઓ, નર્તકો, દર્શનાર્થીઓ, પૂજન કરતાં યાત્રીઓ, ચંદન ઘસતા પૂજારીઓ, માળીઓ વગેરે પણ ચિત્રિત છે.

આ ચિત્રપટ્ટના આલેખનમાં રાજપુત અને મુઘલ ચિત્રશૈલીનો પ્રભાવ દેખાય છે. નજાકતભરી માનવઆકૃતિઓ, સ્પષ્ટ રેખાઓ, પારદર્શક વસ્ત્રપરિધાન, અનેકવિધ ભાતનાં આભૂષણો તેમાં છે.



નંદીશ્વર દ્વીપ



ચૌમુખજી

આ વિશાળ પટ્ટનું ચિત્રસંયોજન પણ વિશિષ્ટ છે. ગિરિરાજ શત્રુંજયના પહાડી માર્ગો, ગઢકિલ્લા, વૃક્ષ-વનરાજી, વહેતા જલપ્રવાહોને તેમાં સુંદર રીતે સમાવી લીધાં છે. એમાં દર્શાવેલાં દેરાસરોની વિશાળતા પણ આ ચિત્રનું મુખ્ય અંગ છે. જૈનમંદિરોમાં પંચતીર્થના પટ્ટો જોવા મળે છે. એમાં દરેક મંદિરના પટ્ટમાં વિશેષરૂપે પહાડો-પર્વતોના આકારો, રેખાઓના વળાંકો વગેરે વિધવિધ રીતે દર્શાવવામાં આવ્યા છે. આ પટ્ટનું સમગ્ર ચિત્રાંકન ગતિમય લાગે છે. તેમાં રંગોનું ચયન પણ એવું જ ઉત્તમ છે. અનેક ચિત્રવિષયોને સમાવી લેતા આ પટ્ટનું ચિત્રાંકન આંખને ખચકો આપ્યા વગર વહી જતું લાગે છે.

દેરાસરના રંગમંડપમાં પ્રવેશતાં ઉપર મોભ પર કાષ્ઠશિલ્પની બાવીસ માનવઆકૃતિઓ જોવા મળે છે. આ દરેક આકૃતિ વિવિધ વાદ્ય વગાડતી બતાવી છે. જો કે આ આકૃતિઓનું શિલ્પાંકન ઘણું ક્ષતિગ્રસ્ત છે. મંડપના જમણી તરફના વિભાગમાં બાર સ્તંભો છે, જેના ઉપર કાષ્ઠશિલ્પની મોટા કદની પાંખવાળી પૂતળીઓ (પરીઓ) છે. આવી ૩૪ પૂતળીઓ છે જે દરેક સુંદર ચિત્રિત મુખાકૃતિવાળી અને સુંદર આભૂષણો પહેરેલી છે. એ દરેકના હાથમાં કોઈને કોઈ વાજિંત્ર છે. મધ્યના ચાર સ્તંભોની એક એક બાજુ પર વાદ્યવાદકોનાં છ છ ચિત્રો ચીતરેલાં છે. આમ, એક સ્તંભ ઉપર ૨૪ ચિત્રો લેખે કુલ આવાં ૯૬ ચિત્રો છે, પણ આ ચિત્રોના આલેખનમાં કોઈ નિશ્ચિત શૈલી જણાતી નથી. તેમાંની આકૃતિનું ચિત્રણ બહુ આધુનિક લાગે છે.

રંગમંડપની છતમાં લોકકળાને મળતાં ઘણાં જૂનાં ચિત્રાંકનો છે, જેમાં રાસ-ગરબા ગાતી સ્ત્રીઓ મસ્તક ઉપર મુકુટ અને સુંદર ભાતીગળ વસ્ત્ર તથા આભૂષણોયુક્ત દર્શાવી છે. વચ્ચેવચ્ચે આકાશગામી દૈવી આકૃતિઓ તથા પક્ષીઓ આલેખ્યાં છે. વાદ્યવાદક સ્ત્રીઆકૃતિઓ પણ તેમાં જોવા મળે છે. સમગ્ર ચિત્રાંકનની પાર્શ્વભૂમિકામાં લાલ રંગ પથરાએલો છે. છતમાં જમણી બાજુ એક એક હાથ મિલાવી ફરતી સ્ત્રીઓ પણ જોવા મળે છે.

બંને બાજુની છતમાં બીજા ભાગમાં ચતુર્ભુજ દૈવી પુરુષોને દાંડિયા રાસ રમતા બતાવ્યા છે, જેમના ઉપરના બે હાથમાં દાંડિયા અને નીચેના બે હાથમાં કરતાલ છે. અહીં પણ વિધવિધ

વાદ્યો વગાડતી આકૃતિઓ છે. આ દૈવી આકૃતિઓ મુકુટધારી, અલંકૃત અને સુંદર ભાતવાળાં વસ્ત્રપરિધાનથી યુક્ત છે. અહીં પણ પાર્શ્વભૂમાં લાલરંગ મુખ્ય છે. આકૃતિઓનો રંગ આછો બદામી છે. અહીં ગોળાકારમાં ફૂલપત્તીની સુંદર ભાત અને ફરતી ફૂલવેલની કિનાર પણ છે.

મધ્યમાં ઉપરના ખંડમાં અષ્ટાપદની રચના અને નીચે રાસચિત્રો જોવા મળે છે.

રંગમંડપના બીજા વિભાગમાં સોળ સ્તંભો પર પાંખોવાળી અને વાજિંત્રો વગાડતી નાનીનાની ૨૮ પૂતળીઓ છે. આ પૂતળીઓ કોઈ પણ પ્રકારના લેખન વગર એમની એમ જળવાયેલી છે. આ દેરાસરનાં શિલ્પાંકન અને ચિત્રાંકનમાં વાજિંત્રોનું વૈવિધ્ય એક વિશિષ્ટતા રૂપ છે.

આ દેરાસરનું બીજું મુખ્ય આકર્ષણ છે 'નંદીશ્વર દ્વીપ'. રંગમંડલમાં ભાદરવા સુદ ચોથ, એટલે કે સાંવત્સરિક પર્વના દિવસે અહીં મેરુ પર્વત સહિત 'જંબૂદ્વીપ'ની કાષ્ઠની રચના કરી તેની ફરતે 'નંદીશ્વર દ્વીપ' રચવામાં આવે છે. આ રચના હવે તો લગભગ એક માસ સુધી રાખવામાં આવે છે, જેના દર્શનાર્થે સંખ્યાબંધ ભાવિક જૈનો આવે છે.

તીર્થલોકમાં આવેલા જંબૂદ્વીપને પહેલો ગણતાં આ આઠમો દ્વીપ ગણાય છે. એની પહેલાં સાતમો 'ઈક્ષુવર' નામનો સમુદ્ર છે. નંદીશ્વર દ્વીપના મધ્યભાગની અપેક્ષા તેની ચારે દિશામાં શ્યામવર્ણનો એક એક 'અંજનગિરિ' છે. એ ઘણો ઊંચો છે અને એના ઉપર અનેક જિનાલયો છે.

આ ચારે અંજનગિરિની ચારે બાજુ એક એક લાખ યોજનના અંતરે એટલે જ લાંબી અને પહોળી વાવડી છે. આ સોળ વાવડીની પ્રત્યેકની ઉપર સ્ફટીક વર્ણનો હજારો યોજન ઊંચો 'માનુપોત્તર' પર્વતની જેમ વર્તુલાકાર 'દધિમુખ' પર્વત છે. આ સોળે પર્વતો ઉપર એક એક શાશ્વત જિનાલય છે.

એક વાવડીથી બીજીએ જતાં વચમાં બબ્બે 'રતિકર' પર્વત આવે છે. આમ આ ૩૨ રતિકર પર્વતો છે જે હજારો યોજન ઊંચા છે અને તે દરેક ઉપર એક એક જિનાલય છે.

આમ, નંદીશ્વર દ્વીપ બાવન શાશ્વત જિનાલયોથી મંડિત છે. દેવો આ શાશ્વત આષ્ટાહ્નિકાઓ તેમજ તીર્થંકરોના દ્વીપે જાય છે અને મહોત્સવ કરે છે. આ દ્વીપો ને સમુદ્રનાં નામ આ પ્રમાણે છે:

(૧) જંબૂદ્વીપ - લવણ સમુદ્ર, (૨) ધાતકી ખંડ - કલોદધિ સમુદ્ર (૩) પુષ્કરવર દ્વીપ - પુષ્પવર સમુદ્ર, (૪) વારૂણીવર દ્વીપ - વારૂણીવર સમુદ્ર, (૫) ક્ષીરવર દ્વીપ - ક્ષીરવર સમુદ્ર, (૬) ઘૃતવર દ્વીપ - ઘૃતવર સમુદ્ર અને (૭) ઈક્ષુવર દ્વીપ - ઈક્ષુવર સમુદ્ર.

નંદીશ્વર દ્વીપની રચનામાં મધ્યમાં મેરુ પર્વત અને આસપાસ દ્વીપો પર ઉત્કૃષ્ટ ચિત્રકામ કરેલું છે. સુવર્ણરંગથી શોભાયમાન દેવ-ચિત્રો, ધજા અને ઘંટડીઓથી મંડિત દેવમંદિરનાં શિખરો, વાદળોમાં વિહાર કરતી દેવયોનીઓ, રાજપુરુષો, સાધુઓ, સામાન્ય જન, જલકુંડો ઈત્યાદિના ચિત્રોથી ખચિત આ રચનામાં સુદૃઢ રેખાંકન, સીમિત રંગો, વિધવિધ ચિત્રસંયોજન એનાં મુખ્ય આકર્ષણ છે.

સંવત્સરીના પવિત્ર દિવસે ચોમુખી ચોવીસ દેવપ્રતિમાઓ આ પર્વત પર બિરાજે છે. આ દૃશ્ય દર્શનીય અને દિવ્ય લાગે છે.

દેરાસરના ઉપરના ખંડમાં સોળ સચિત્ર ફલકો છે. આ બધા ફલકોનું ચિત્રકામ પણ ઉત્તમ છે. એનાં રંગો, રેખાંકન અને વિષયને અનુકૂલ વાતાવરણ સર્જાવતું ચિત્રસંયોજન કોઈ નિષ્ણાત ચિત્રકારોએ કર્યું હોય એમ સ્પષ્ટ દેખાઈ આવે છે. જૈન તીર્થંકરોની કથાઓ તથા પ્રસંગો તેમાં ચિત્રિત છે.

સૂરતનાં જૈન દેવાલયોમાં આ દેરાસરનું સ્થાન મહત્ત્વનું છે. અહીંની બધી વસ્તુઓ પણ સુરક્ષિત રહી છે. એની છતમાં લટકતાં મોટાં હાંડી-ઝુમ્મરો એની શોભામાં વૃદ્ધિ કરે છે.

કોઈ સમયે અહીં આસપાસમાં ઘણા જૈનો રહેતા હશે એમ શ્રાવક શેરીના નામ પરથી લાગે છે, પણ આજે અહીં જૈનોની વસ્તી ઘણી ઘટી ગઈ છે. ■

મહાત્મા

૧૯૧૫માં ગાંધીજી હમેશ માટે દક્ષિણ આફ્રિકા છોડીને હિંદ આવ્યા. દક્ષિણ આફ્રિકાની રંગભેદની લડતમાં અણીને વખતે પાંત્રીસ હજાર રૂપિયા મોકલીને ગોંડળના મહારાજા ભગવતસિંહજીએ મદદ કરી હતી. લડતની સફળતાના યશનો ખાસ્સો એવો હિસ્સો ગોંડળના મહારાજાનો માનતા હોઈ તેમને મળવા જવાનો કાર્યક્રમ પણ એમણે ગોઠવ્યો.

૧૯૧૫ના જાન્યુઆરીની ૧૫મી તારીખ છે. આખું ગોંડળ આનંદથી થનગની રહ્યું છે સ્ટેશન ઉપર ભવ્ય સ્વાગત થાય છે. ચાર ઘોડાની ગાડીમાં ગાંધીજીને બેસાડી સરઘસ ત્યાંથી નીકળે છે. *મહારાજા પણ કુટુંબ સાથે એક જગાએથી બધું દૃશ્ય જોઈ રહ્યા છે.*

થોડેક સુધી ગયા પછી કેટલાક ઉત્સાહી લોકોએ ઘોડાઓ છોડી નાખ્યા અને ગાડીએ પોતાને જોતરીને ગાડી ખેંચવા લાગ્યા.

તરત જ ગાંધીજીએ એનો વિરોધ કર્યો. એમણે બધાને સમજાવ્યું કે હું તો તમારી સેવા કરવા માગું છું, પશુની પેઠે મારો બોજ ખેંચાવવા માટે તમારી વચ્ચે આવ્યો નથી. જો તમે આ ચાલુ રાખશો તો મારે નીચે ઊતરી જવું પડશે. આના કરતાં હું પગે ચાલવાનું વધુ પસંદ કરીશ.

તરત જ લોકોએ ઘોડા જોડ્યા. કહે છે કે ગોંડળ આયુર્વેદ રસશાળામાં બીજે દિવસે રાજવૈદ્ય જીવરામભાઈએ ગાંધીજીને માનપત્ર આપ્યું તેમાં એમને પ્રથમ પહેલી વાર 'મહાત્મા' તરીકે સંબોધવામાં આવ્યા હતા.

ચૌદ રાજલોક : આ કક્ષમાં ૭' x ૨½'ના એક ફલક પર સમગ્ર લોકના સ્વરૂપને દર્શાવતું ચિત્ર છે. 'ચૌદરાજલોકનું ચિત્ર' છે. આ ચિત્રનું સંયોજન તાંત્રિક ચિત્રને મળતું આવે છે.


જૈન માન્યતા પ્રમાણે અનંત આકાશનાં 'અલોકાકાશ' અને 'લોકાકાશ' એમ બે વિભાગ પડે છે. અલોકાકાશમાં કેવળ આકાશ છે જ્યારે લોકાકાશમાં આકાશ ઉપરાંત સચેતન પદાર્થો (જીવો), પુદ્ગલો (રૂપ, રસ, ગંધી, યુક્ત પદાર્થો) ઇત્યાદિ છે. લોકાકાશ પૂરતા વિભાગને 'લોક' કહે છે. એને સામાન્ય વિશ્વ તરીકે ઓળખાવાય છે. એની બધી બાજુએ ફરતો આલોકાકાશ છે. લોકનો આકાર કેડની બંને બાજુએ એકેક હાથ રાખી પહોળા પગ કરી ટટાર ઊભેલા પુરુષના જેવો છે. સમગ્ર લોકના (૧)દ્ધોલોક (૨) તિર્યગ્-લોક યાને મધ્યમ લોક અને (૩)ઊર્ધ્વ-લોક એમ ત્રણ વિભાગ કરાય છે. એ અનુક્રમે પગથી કેડ સુધીનો ભાગ, નાભિસ્થાન અને એની ઉપરનો ભાગ.

લોકની ઊંચાઈ ચૌદ રજ્જુ જેટલી છે. અધોલોકની ઊંચાઈ સાત રજ્જુથી કંઈક વધારે છે તો ઊર્ધ્વલોકની સાત રજ્જુથી કંઈક ઓછી છે. એ બેની વચ્ચે ૧૮૦૦ યોજનની ઊંચાઈવાળાં મધ્ય લોક છે. એમાં મેરુ પર્વતની સમતલ ભૂમિથી ૯૦૦ યોજન સુધી નીચેના તેમજ એ ભૂમિથી ૯૦૦ યોજન ઉપરના ભાગનો સમાવેશ છે.

અધોલોકમાં ભવનપતિના તેમજ વ્યંતરોનાં નિવાસસ્થાનો છે. એની નીચે સાત નરકભૂમિ છે. એ સાતે એક બીજાથી ખૂબ અંતરે છે. એ પ્રત્યેક અંતરમાં અનુક્રમે એકેકથી નીચે ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને આકાશ છે.

મધ્યમ લોકમાં અસંખ્ય દ્વીપો અને સમુદ્રો છે. એમાં સૌથી વચમાં 'જંબૂ' દ્વીપ છે. ત્યાર બાદ 'લવણ' સમુદ્ર, 'ધાતકી દ્વીપ' 'કાલોદધિ' સમુદ્ર અને 'પુષ્કર' દ્વીપ વગેરે છે. પહેલા અઢી દ્વીપમાં જ આપણી મનુષ્યોની વસ્તી છે. આ ભાગને 'મનુષ્યલોક' કહે છે. મનુષ્યલોકની ઉપર જ્યોતિષ-ચક્ર એટલે સૂર્યાદિ ગ્રહો, નક્ષત્રો અને તારાઓ છે. આ ચક્રથી ખૂબ ઊંચે ઊર્ધ્વલોકમાં વૈમાનિક દેવોના નિવાસસ્થાનરૂપ ૧૨ દેવલોક, એની ઉપર ૯ ગ્રૈવેયક અને એની ઉપર ૫ અનુત્તર છે. એ અનુત્તર વિમાનોની ઉપર અર્ધચન્દ્રના આકારે સિદ્ધ શિલા છે. એ શિલાના ઉપરના ભાગમાં એટલે લોકના સૌથી ઊંચા બાગમાં સિદ્ધ પરમાત્મા છે.

સમગ્ર લોકની બરાબર મધ્યમાં ઉપરથી નીચે ચૌદ રજ્જુ જેટલો ઊંચો અને એક રજ્જુ જેટલો વિસ્તૃત ભાગ 'ત્રસનાડી' તરીકે ઓળખાયો છે. એનો આકાર નળા જેવો છે. એની બહારના ભાગમાં ત્રસની ઉત્પત્તિ નથી. 'ચૌદ રાજલોકનો બોધ કરવાનું દૃશ્ય આ ફલક ઉપર આલેખ્યું છે. (સુરતના સૈયદપુરાના જિનમંદિરના - ફલકો પરનાં ચિત્રો) **પ્રો. હીરાલાલ કાપડિયા**



cactus flower

ઉપોદ્‌ઘાત

'ખરેખર ? ચીન ?... પણ ચીન શું કામ ? શા માટે ચીન જાઓ છો ?' - કેટલાયે લોકોએ પૂછ્યા હતા આવા પ્રશ્નો. કેટલા સહેલા લાગે છે ? પણ જવાબમાં શું કહેવાનું ? દરેક પૂછનારને સંતોષ થાય એવા કેટલાક જવાબો શોધવાના ? મારી પાસે એ વખતે એક જ જવાબ હતો - 'પણ ચીન શા માટે નહીં ?'' જોકે જવાની શક્યતા અણધારી જ ઊભી થયેલી, અને આ સુયોગ જવા ના દેવો, એમ નક્કી કરેલું.



સ્થિર નદી, સરતાં નીર

– પ્રીતિ સેનગુપ્તા –

ઈ. ૧૯૮૨ની એ વાત. અમેરિકાના પ્રેસિડન્ટ રિચાર્ડ નિક્સન છ-સાત વર્ષ પહેલાં ચીનની સત્તાવાર - છતાં 'મૈત્રીના હસ્ત-ધૂનન'ના ખ્યાલ સાથેની - મુલાકાતે ગયા હતા, અને ત્યારથી ચીનનું 'પ્રવેશ-દ્વાર' વિશ્વ માટે જરાક ખૂલ્યું હતું. એમ માનવામાં આવે છે. સાચે જ, હું એ પહેલી વાર ચીન જવાનું કરતી હતી ત્યારે હજી બહુ પ્રવાસીઓ ત્યાં જવા નહોતા માંડ્યાં, ત્યારે હજી ચીન પ્રવાસ-ભોગ્ય લક્ષ્ય-સ્થાનનો ખ્યાલ કે ખ્યાતિ નહોતું પામ્યું. તેથી જ, ચીન જવાની વાત સાંભળીને મિત્રો મને પ્રશ્ન કરતા હતા, અને નવાઈ પામતા હતા.

નવાઈ તો જાણે મને પણ લાગેલી. પ્રવાસના બે દિવસ પહેલાં જ ડાયરીમાં નોંધ કરી હતી કે, 'અત્યારે તો વિચારી પણ નથી શકતી કે બે જ વર્ષ પહેલાં ચીન જવામાં મને જરા પણ રસ નહતો, અને હમણાં સુધી એ અંગે વિરક્ત પણ હતી.'' વળી, એ પ્રવાસ માટેના પૈસા ભર્યાં,ને ચોક્કસ જવાની જ હતી, તોયે જાણે ચીનનો વિચાર કરતાં મનમાં ઘણી મોટી ખાલી જગ્યા હોય એવું લાગતું.

થોડાઘણા ફોટા તો જોયા હોય, પણ એની 'ગ્રેટ વૉલ' સિવાય ચીન વિષે મારા મનમાં કોઈ સંકલ્પના હતી નહીં. પછી એનો નકશો જોયો, ને એના પર થોડું વાંચ્યું ને એ રીતે એને માટે થોડી સમજણ ઊભી થઈ - ખાસ કરીને એની ભૂગોળ બાબતે. ચીનના પ્રવાસો એંશીના દાયકાથી શરૂ જ થઈ રહ્યા હતા. ત્યારે હજી ચીન કોઈ ગૂઢ, ગોપન રહસ્ય જેવું હતું; પર્યટકોનાં ટોળાંથી અભ્રષ્ટ, અસ્પૃષ્ટ હતું; સૂક્ષ્મ નિરીક્ષણો અને અવનવા અનુભવો માટે એ હજી ઉદ્‌ઘાટિત અને અનાવૃત હતું. આ કારણે હું જાણે કોઈ આદ્ય-પ્રવાસી હતી, અને કોઈ ગુપ્ત રત્ન-કોષને શોધી કાઢવાનું સાહસ કરવાની હતી !

અંગત રીતે, એંશીનો દાયકો મારે માટે પણ અત્યંત અગત્યનો બન્યો, કારણ કે એ દસ વર્ષ દરમ્યાન એક પછી એક ખૂબ લાંબા ને સાહસી પ્રવાસો મેં દુનિયા ભરમાં કરવા માંડ્યા : સુદૂર-પૂર્વ, મધ્ય-પૂર્વ, અગ્નિ એશિયા, પૂર્વ યુરોપ, ચીન, પૅસિફિક, ઍન્ટાર્કટિકા વગેરે અનેક સ્થળ....

ચીનમાં પગ મૂકતાંની સાથે ચકિત થઈ ગઈ હતી. પહેલી જ વાર એની મુલાકાત લઈ રહી હતી, છતાં સ્પષ્ટ એમ લાગ્યું હતું કે એ આધુનિકતા અને ઉન્નતિની અણી પર હતું, અને જોતજોતામાં ખૂબ બદલાઈ જવાનું હતું. આવો કાંઈ સહ--બોધ થયેલો, ને ત્યાં ફરતાં જ વિચારેલું કે પાંચ વર્ષ પછી ફરી ચીન જઈશ, ને જોઈશ કે કેટલું બદલાયું છે ! આ યાદ હતું છતાં, તેમજ વર્ષમાં પાંચ-છ મહિના પ્રવાસે નીકળી પડતી હતી છતાં, ફરી ચીન જવાનું પાંચ, કે સાત વર્ષે પણ, ના જ બન્યું. છેવટે ફરીથી એ સિદ્ધ થયું ૧૯૯૩માં. બરાબર ૧૧ વર્ષે.

ચીનના જીવનનાં વિવિધ પાસાંમાં આવેલા પરિવર્તનની તો શું વાત કરવી ? અને આ વર્ષો દરમ્યાન રાજકારણના ક્ષેત્રમાં તો એટલું બની ગયું કે મારા જેવી 'શુદ્ધ પ્રવાસી,' અને રાજકારણથી અજ્ઞાત વ્યક્તિને માટે એ વિષે વિગતે, વિદ્વતાપૂર્ણ રીતે, લખવું પણ મુશ્કેલ !

મારા પતિનું મંતવ્ય એવું કે પ્રખર સામ્યવાદ અને એની જોહુકમીથી પીડાતી પ્રજા જ્યાં હોય તેવા દેશમાં જવું ના જોઈએ, કારણ કે પ્રવાસીઓ દ્વારા આવતાં વિદેશી નાણાં -- મુખ્યત્વે અમેરિકન ડૉલર-થી એ સરકાર પોષાય છે, ને પ્રજાનું પીડન ચાલુ જ રહે છે. ૧૯૯૧માં સોવિયેત યુનિયન ગઈ ત્યારે પણ આ જ દલીલ હતી. (ત્યાંની સફર પૂરી કરીને હું ફિનલૅન્ડ પહોંચી, એને બીજે જ દિવસે મૉસ્કોમાં બળવો થતાં સામ્યવાદી સત્તા ઊથલી પડી હતી, દેશ જોતજોતાંમાં ટુકડા-ટુકડા થઈ ગયો હતો; અને પછી ત્યાંની પ્રજાની સ્થિતિ અસહ્ય અછતને કારણે હતી તેનાથી પણ ખરાબ થઈ.) ક્યુબા દ્વીપ-દેશ તો અમેરિકા (યુ.એસ.)ના દક્ષિણ-પૂર્વ કિનારેથી ખૂબ પાસે. ત્યાં જવાનું પણ મન ઘણું થાય છે, પણ પ્રજાનું જીવન એવું કરુણ છે કે ઔચિત્યના મૂલ્ય-ભાનને લીધે ત્યાં જતાં પગ અટકે છે. વળી, અમેરિકાએ વર્ષોથી ક્યુબા સાથે મૈત્રી-સંબંધો નથી રાખ્યા. એનાં જટિલ કારણોમાંનું એક તે ક્યુબા ને સોવિયેત યુનિયનની એકમેક સાથેની સામ્યવાદી ઘનિષ્ટતા.

કોઈ પણ સમયના ગાળાનો ઇતિહાસ જોઈએ તો દેખાઈ આવે છે કે આંતરરાષ્ટ્રિય સ્તરે મુત્સદ્દીગીરીની આંટીઘૂંટી વણાતી રહેતી જ હોય છે. સમજણ વધતી જાય તેમ વિશ્વમાંના સંઘર્ષો પ્રત્યે સભાનતા વધતી જાય છે. એટલું જ નહીં, મન પર એની અસર પણ પડતી જાય છે. અત્યારે, '૯૦ના આ દાયકામાં, તો એવું જ લાગે છે કે સ્થાન અને જન-પ્રેમી મુસાફર માટે આ વિશ્વ બહુ અઘરી જગ્યા બની ગયું છે. જુઓ ત્યાં વિખવાદ ને ઝઘડા, ક્યાં તો બૉમ્બ ને બળવા, કયાં તો ગરીબી ને રોગચાળા. વિશ્વ-દર્શન જેના જીવનનો અર્થ હોય તેણે કરવું શું ? એક અજીબ ઉદાસીની છાયા પથરાયેલી રહે છે, સભાનતાની ત્વચાની નીચે. સુંદર માટેની ઇચ્છાને કુરૂપ વાસ્તવિકતા હંમેશાં ગૂંગળાવવા કરે છે. અને ભય સ્વાસ્થ્ય કે આરોગ્યને અંગે જ નથી હોતો, પણ દેશોની સરહદો પર પાસપોર્ટ-પરવાના તપાસતા અમલદારોની સખ્તાઈ, તથા અપમાન ને શંકાથી ભરેલી દૃષ્ટિનો પણ હોય છે. આવા મુકાબલા થાય ત્યારે એકાકી પ્રવાસીએ તો હાર જ માની લેવાની. હું તો દુનિયા ભરની સરહદો પર અપમાન પામી હોઈશ. એકાકી, સ્ત્રી, અને ભારતીય - આનાથી વધારે શંકાસ્પદ મિશ્રણ જાણે હોઈ જ ના શકે.

તો શું પ્રવાસ કરવો છોડી દેવો ? શું એ એક જ ઉપાય હશે ? હું ઉદાસી અને ઉત્સાહની વચ્ચે અટવાતી રહું છું, પણ છેવટે તો, વિશ્વની આઘાત પમાડે તેવી ઘટનાઓમાંથી માર્ગ કરતી રહું છું. ફક્ત હિંમત જ નહીં, પણ નિર્ણયની મક્કમતા હોય તો જ પ્રવાસ કરી શકાય. કંઈક એવી પરિસ્થિતિ છે આજના વિશ્વની.

ખેર, ચીનનો પ્રવાસ તો હું સમૂહ-સફરમાં કરવાની હતી. પ્રવાસીઓ માટે ચીન દેશે દ્વાર ખોલ્યાં હતાં ખરાં, પણ સહેજ જ. કોઈને પણ એકલાં ફરવાની છૂટ નહોતી. જૂથમાં જ રહેવું પડે. વળી, જે જે ગામમાં જવું હોય ત્યાં જવા માટે ચીનની સરકાર પાસેથી રજા લેવી પડે; અને ત્યાં રહેવા માટે હોટેલનાં આરક્ષણ પહેલેથી મેળવી લેવાં પડે. આટલી શરતો પૂરતી ના હોય તેમ ચીન જવા માટેનું કારણ બતાવવું પડે. જેને દેશનાં નદી, પહાડ, ગામ, ખેતર વગેરે જોવા જ જવું હોય તે સત્તાવાર બીજું કારણ ક્યાંથી બતાવે ? જે વ્યવસાય કે વેપાર માટે જતા હોય તે આમંત્રણના અને ધંધાને લગતા કાગળ ચીની કંપનીઓ પાસેથી મેળવી શકે, ને તે તે શહેરમાં જવાની રજા ચીનની સરકાર પાસેથી માગી શકે. એકાકી પ્રવાસીને, સૌથી પહેલાં તો, ચીનમાં પ્રવેશ કરવાનો પરવાનો જ અપાતો નહિ. તેથી જવાનો પ્રશ્ન જ કયાં ઊભો થયો ?

હું પહેલી જ વાર સમૂહ-સફરમાં જતી હતી, અને એના ફાયદા તેમજ ગેરફાયદા અનુભવવાની હતી. પહેલો ફાયદો એ કે ભારતીય પાસપોર્ટ હોવા છતાં મને પરવાનો મેળવવાની તકલીફ ના થઈ. બીજો, કે રહેવા માટે હોટેલ શોધવાની માથાકૂટ કરવી ના પડી. ને ત્રીજો એ કે શાકાહાર મેળવવા માટે ચિંતા કરવી ના પડી. તે જમાનામાં હજી ચીનમાં અંગ્રેજી બોલનારાં કે સમજનારાંની સંખ્યા ગણતરીની જ હતી, તેથી દુભાષિયા વગર ચાલે તેમ હતું જ નહીં. પણ ગેરફાયદો એ થયો કે જૂથમાં હોવાને કારણે સ્થાનોને જાણે હું હંમેશની તીવ્ર રીતે પામી નહીં. ડાયરીમાં મેં લખ્યું તે પ્રમાણે, 'ઊંડા સંવેદનો કે ખાસ કશા રસ વગરનું આ જૂથ હતું. પરિસર કે પ્રજાને ન્યાયપૂર્વક જોવા-સમજવાની વૃત્તિ ભાગ્યે જ કોઈમાં હતી. તેથી, એક બાજુ હું એકલી પડતી હતી, તો બીજી બાજુ, એકલાં પ્રવાસ કરતાં મળતી, અનુભવોની તીવ્ર-ગંભીર અનુભૂતિથી બહુધા વંચિત રહેતી હતી.'

પણ ફરિયાદ શું કરવી, જ્યારે કોઈ જુદી જ દુનિયાનું દર્શન પામી હતી ! જુદું જ હતું ચીન- એને વિશે જાણ્યું હતું તેનાથી પણ જુદું, જેટલા દેશો જોયા હતા તે બધાથી પણ જુદું. અવશ્ય ખૂલ્યો હતો એક જાદુઈ દરવાજો - ને ત્યાં હતો ગુપ્ત, ગોપન એક આખો દેશ - ચીન.

(ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

આંબા ડુંગર

તા. ૧૨-૧૧-૭૯ : ગયા શનિ-રવિ હું આંબા ડુંગર ગયો હતો. ત્યાં ફલોરસ્પાર (Frourpar)ની ખાણ આવેલી છે. ફલોર સ્પાર એટલે કલ્સિયમ ફલોરાઈડ જેનું રસાયણિક સૂત્ર C_aF^2 છે. આંબા ડુંગર, ગુજરાત મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશને ત્રિભેટે આવેલો ડુંગર છે. અને એક જ જગ્યાએ વિશાળ જથ્થામાં ફલોરસ્પાર મળતો હોય તેવી દુનિયાની આ એક માત્ર જગ્યા છે. આંબાડુંગરથી છ કિલોમીટર દૂર નર્મદા આવેલી છે. આમ તો આદિવાસી પ્રદેશ. આ પ્રદેશના આદિવાસી માટે અમેરિકાની પરિભાષા વાપરીઓ તો સ્ત્રીઓ Topress અને પુરુપો bottomless (સ્ત્રીઓ પોલકાં કે ચોળી વગરની અને પુરુપો લંગોટી ભર) પણ એ તો અહીં ફલોરસ્પારની ખાણ નીકળી તે પહેલાંની વાત છે. આજે તો ખાણમાં કામ કરતી આદિવાસી સ્ત્રી પૂરાં કપડાં પહેરે છે એટલું જ નહિ પણ માથે હેલ્મેટ પહેરીને કામ કરે છે અને તેનાં બાળકો ખાણના આદિવાસી સ્ત્રી, માથે ખાણીઓ પહેરે તેવી સફેદ હેલ્મેટ પહેરીને માથે ટોપલા ઊપાડવા માટે હેલ્મેટની ઉપર હિંઢોળી ગોઠવી હોય, ત્યારે પૂર્વ અને પશ્ચિમનું કેવું સુભગ મિલન દેખાય !

ખાણમાંથી નીકળ તો ફલોર સ્પાર તો ૨૮ થી ૩૦ ટકા ફલોરાઈડ ધરાવે છે. તેમાંથી ૯૫ ટકા ફલોરાઈડ વાળો. પાવડર તૈયાર કરવા માટે ત્યાં જ એક વિશાળ કારખાનું (Benitiary Ptant) નાખવામાં આવ્યું છે. આંવ્યા ડુંગરના ફલોરસ્પારમાંથી ફોસ્ફરસ દૂર કરવાનો મોટો પ્રશ્ન છે તે માટે ફ્રેન્ચ પેઢીને ૫૦ લાખ રૂપિયાનો ફી આપી સલાહ માગી કંપનીએ દોઢ વર્પ પ્રયોગો કરીને પછી કહ્યું કે તમારા ફલોરસ્પારમાંથી ૯૨ ટકાથી વધુ ફલોરાઈડ નહિ મળી શકે અને ઉદ્યોગોને તો ૯૫ ટકા ફલોરાઈડ નહિ મળી શકે અને ઉદ્યોગોને તો ૯૫ ટકા ફલોરાઈટ જોઈએ ! તો હવે શું કરવું ? ફ્રેન્ચ પેઢીના પચાસ લાખ પાણીમાં ગયા પણ આંબાડુંગર ઉપર જ પોતાની પ્રયોગશાળામાં પ્રયોગો કરીને ભારતીય ટેક્નિશિયનોએ ૯૬ ટકાનો ફલોરાઈડ મેળવવાની પદ્ધતિ વિકસાવી ! પણ ૯૬ ટકામાંથી ૯૯ ટકા ફલોરાઈડ કેમ મેળવવો તેમાં હજુ સફળતા મળી નથી. આમાં યુનિવર્સિટીઓ કેમ મદદરૂપ થઈ શકે તે માટે ચર્ચાસભા આ કારખાનાનો વહીવટ કરતી ગુજરાત મિનરલ ડેવેલમેન્ટ કોર્પોરેશને ગોઠવી હતી, તેમાં હું ગયો હતો !

હવે લાગે છે ને ગુજરાત ઔદ્યોગિક સંક્રાન્તિ કાળમાં પહોંચી ગયું છે ?

ગ્રામ્ય નારીની આતિથ્યભાવના

તા. ૮-૨-૮૦ : બે દિવસ ઉપર હું માલવણ ગયો હતો. માલવણ એ પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાનું બે હજાર ઘરનું ગામ એલ.ડી. આટસ કોલેજના ગણિતના પ્રોફેસર મહેતા તે ગામના છે, અને ત્યાંની હાઈસ્કૂલની કમિટીના પ્રમુખ છે. તે હાઈસ્કૂલને દાન મળ્યું તેથી તેનું, "જે. જે. શાહ હાઈસ્કૂલ" તેવું નામકરણ કરવાનો વિવિધ હતો તે માટે મારે માલપણ જવાનું થુંય. વિવિધ સવારે ૧૦-૩૦ વાગ્યે હતો. ત્યાં ૧૦-૦૦ વાગે પહોંચી જવા માટે મહેતા એક ફિયાટ ગાડી લાવેલા. તેમાં સવારે ૫-૦૦ વાગ્યે કરફર્યુ વિસ્તારની લાંબી પ્રદક્ષિણા કરીને જવા માટે અમે નીકળ્યા. માલવણ લગભગ ૨૧૦ કિલોમીટર થાય. ૧૭૫ કિલોમીટરે રસ્તા પર પડેલા પથ્થર ઉપરથી ગાડી પસાર થઈ, પથ્થર ઉછળ્યો અને પેટ્રોલની ટાંકીને કાણું પડ્યું. થયું. ડ્રાઈવરે નીચે સૂઈ જઈ તે કાણા ઉપર હાથ દાબી રાખ્યો. અમારામાંથી એક જણ નજીકના ખેતરના ઝુંપડે જઈ નાની ડોલ અને એલ્યુમિનિયમનું રસોઈ કરવાનું તપેલું લઈ આવ્યો. જમણી બાજુમાં પૈડાં ડામરની સડક ઉપર, અને ડાબી બાજુનાં જમીન ઉપર એમ ગાડીને ઢળતી રાખી, તપેલી અને ડોલમાં પેટ્રોલ ભેગું કર્યું અને ડબ્બામાં ભર્યું. પછી આકડાનું થડ કાપી તેનો દટ્ટો બનાવ્યો અને કાણે દાબો માર્યો. મોટર ઊપાડી ૮ કિલોમીટર લુણાવાડા જઈ ૧૦ લિટર પેટ્રોલ ભરાવ્યું અને હવે તો માલવણ ૨૭ કિમી. રહ્યું. એમ કહીને આગળ ચલાવ્યું. ત્યાં સાત કિ.મી. ચાલ્યા પછી ગાડી ફુસ કરીને અટકી. સવારના ૯-૩૦ થયા હતા. બાજુમાં જ તળાવડી હતી તેમાંથી પાણીલાવી ગરમ થયેલા રેડી એટરને ઠંડું પાડ્યું. તો ય ગાડી ચાલુ ન થઈ. ધક્કા માર્યા તો યે ચાલુ ન થઈ.

અમે આ બધું કરતા હતા ત્યાં રસ્તાથી અડધો એક કિલોમીટર દૂર આવેલાં પાકાં ઝુંપડામાંથી ૫૦, ૫૫ વર્પનાં એક આધેડ બેન એક નાની બેબી (તેની પૌત્રી હશે) ને લઈને અમારી પાસે આવી પહોંચ્યાં અને કહે, "તમે મોટા માણસ લાગો છો. મારી વહુએ દૂરથી તમારી મોટર ખોટકાઈ તે જોયું એટલે મને કહે તમે જરા તપાસ કરી આવો. આવા મોટા માણસ આપણે આંગણે ક્યાંથી ? તેમને ચા-પાણી માટે ઘેર લઈ આવો." અમે બેનનો આભાર માન્યો અને કહ્યું અમારે માલવણ પહોંચવું છે. એટલે તેમને ઘેર તો નહિ આવીએ. ત્યારે તેમણે કહ્યું તો તો ઊભા રહો હું અબઘડી ઘેરથી ચા બનાવી કિટલી ભરીને લઈ આવું છું. માંડ માંડ બેનને

(અનુસંધાન પૃ. ૪૨ ઉપર)

અશોક હર્ષ



ઔરંગઝેબ, અને તે પાછો કવિ ? ઘણાને જાણીને આશ્ચર્ય થશે પણ તેણે કવિતાઓ રચી છે, અને તે પણ હિંદી ભાષામાં 'સંગીત રાગ કલ્પદ્રુમમાં તેની કાવ્ય રચનાઓની ચર્ચા પણ કરવામાં આવી છે. એની એક કવિતાની થોડીક પંક્તિઓ અહીં ઉતારી છે જે તેણે પોતાની પ્રિય બેગમ ઉધ્યપુરીની પ્રશંસામાં રચેલી :

'તબ ગુણ રવિ ઉદય કીનૌ
યાહી તેં કહ તુમ કો બાઈ ઉદય પુરી,
એૈસી સરસ્વતી કૌન કી 'પુરી'
જાત નમન જાન શાહ ઔરંગઝેબ રીઝ રહે
યાહી તેં કહત તુમકો વિઘટ - રૂપ - ચાતુરી.'

અલ્લા શિબલી નોમાનીના જણાવ્યા પ્રમાણે, વ્રજ ભાષાની ઔરંગઝેબના જમાનામાં જેવી તરક્કી થવા પામી, મુસલમાનોએ જેટલાં હિન્દી પુસ્તકોના અનુવાદ કર્યાં અને એણે પોતે જે નજૂમ અને તસ, (પદ્ય અને ગદ્ય) લખ્યાં, એથી શાહી કૃપાદૃષ્ટિ હિન્દી ભાષા પ્રત્યે કોઈ જમાનામાં નથી થવા પામી."

ઔરંગઝેબના અમલ નીચે જ મિર્ઝામાં ઇજને ફખરૂદીન ખરૂદીન મુહમ્મદે હિંદીનું સરળ વ્યાકરણ રચેલું. વૃંદ કવિને એ રોજના દસ રૂપિયા આપતાં એ જ્યારે બંગાળ અને ઓરિસાનો સૂબેદાર હતો ત્યારે પણ વૃંદ કવિને પોતાની સ્રાથે રાખેલો. એની હિંતપ્રિયતાનો એક જ દાખલો થશે. કેરીની મોસમમાં એના પુત્ર આઝમશાહે મોકલાવેલી કૈરીઓ ચાખીને તેના સ્વાદને અનુરૂપ નામ આપવા જણાવેલું ત્યારે ઔરંગઝેબે તેને આ બે નામ લખી મોકલેલાં (૧) સુધારસ; (૨) રસનાવિલાસ.

ઔરંગઝેબે શાહી પરિવારમાં પણ હિન્દીનું શિક્ષણ ચાલુ કરાવેલું. હિંદીમાં નિષ્ણાત શાહજાદા આજમશાહે નવા જ નામી નામના કવિ પાસે 'શાકુન્તલ' નો હિન્દી અનુવાદ કરાવેલો. ઔરંગઝેબની પુત્રી ઝેબુન્નિસા હિન્દીમાં નિષ્ણાત હોઈને તેણે તો 'નૈનુવિલાસ" નામનો આખો કાવ્યગ્રંથ લખેલો, જેનો અંતિમ દોહો છે :

'ઝેબુન્નિસા જહાન મેં દુખ્તર આલમગીર,
જૈન વિલાસ વિલાસ મેં ખાસ કરી તહરીર."

રોહિલા અફઘાન ગુલામકાદરે ઈ.સ. ૧૭૮૮ના જુલાઈની ૧૮મીએ લાલ કિલ્લો કબજે કરી મુગલ સમ્રાટ શાહઆલમને પોતાનો તમામ ખજાનો તેને સોંપી દેવા જણાવ્યું. શાહઆલમ પાસે ત્યારે કશું રહ્યું જ નહોતું, અંગ્રેજોએ તેનું સાલિયાણું સુધ્ધાં બંધ કરી દીધું હતું. શાહઆલમે પોતાની મજબૂરી વ્યક્ત કરતાં જ તેનો પિત્તો ગયો અને શાહઆલમનો કાંઠલો પકડી તેને ન કહેવાનાં વેણ કહ્યાં અને શાહઆલમને સપરિવાર મોતીમહેલમાં કેદ કર્યો.

તા. ૧૭મી ઑગસ્ટે ગુલામકાદર ફરી બાદશાહ પાસે પહોંચ્યો અને ખજાનો પોતાને ન સોંપે તો કત્લ કરવાની ધમકી આપી. બાદશાહે ફરી પણ પોતાની મજબૂરી વ્યક્ત કરતાં ગુલામકાદરે તેને અદ્ધર ઊંચકીને ભોંય પર પટક્યો. બાદશાહે કુરાનના ખાધેલા સોગનની પણ તેના પર કશી અસર થવા ન પામી અને શાહઆલમને બંને આંખે અંધ બનાવી દીધો. પરંતુ સિંધિયાનો સેનાપતિ રાનાખાં દિલ્હી આવી રહ્યો છે એવું સાંભળી ગુલામકાદર તા. ૧લી સપ્ટેમ્બરના રોજ દિલ્હીથી નાસી છૂટ્યો. બેગમો પાસેથી ખૂંચવેલા કિંમતી હીરા તેણે પોતાના ઘોડાના જીન નીચે સંતાડી દીધેલા. એના નાસી જવાની જાણ થતાં સેનાપતિ રાનાખાંએ તેના ફ્રેન્ચ અફસર લાસ્તાંની સરદારી નીચે મરાઠા સૈનિકોની એક ટુકડી તેને પકડવા માટે મોકલી આપી.

ગુલામકાદર મેરઠના કિલ્લામાં ભરાયાની જાણ થતાં લાસ્તાં મેરઠ પહોંચ્યો. ત્યાંથી નાસતાં માર્ગ ભૂલી જતાં તે મરાઠા સૈનિકોના હાથે ઝડપાઈ ગયો. લાસ્તાંએ તેણે સંતાડેલા હીરા કબજે કરી, હાથમાં હાથકડી અને પગમાં બેડી સાથે રાનાખાં પર મોકલી આપ્યો. રાનાખાંએ તેને મથુરા મુકામેની છાવણીમાં સિંધિયા સમક્ષ રજૂ કર્યો. તેને જોતાં જ પાણીપતનાં યુદ્ધમાં પોતે ઘાયલ થયા પછી અફઘાનોનું તેના પ્રત્યેનું ક્રૂર વર્તન સિંધિયાને યાદ આવી ગયું. એક પખાલીની મદદથી તે માંડમાંડ જીવ બચાવી નાસી છૂટ્યો હતો. એક વખતના એ પખાલીની રાનાખાંને જ સિંધિયાએ પોતાનો સેનાપતિ બનાવ્યો હતો.

સિંધિયાએ ગુલામકાદરને રિબાવી રિબાવીને મારી નાખવાનો હુકમ કર્યો. એ મુજબ પહેલા દિવસે તેના બંને કાન કાપીને તેના ગળામાં ભેરવી દેવામાં આવ્યા. બીજા દિવસે તેનું નાક અને ઉપરનો હોઠ કાપી કાઢવામાં આવ્યાં, અને તેનું મોં કાળું કરીને શહેરમાં ફેરવવામાં આવ્યો. ત્રીજા દિવસે તેની બંને આંખો કાઢી લેવામાં આવી અને પછી એક પછી એક અંગ કાપતા જઈ તેની લાશને એક ઝાડ પર લટકાવી દેવામાં આવી.

સિંધિયાએ ગુલામકાદરની આંખો અને કાન શાહઆલમ પર મોકલી આપતાં શાહઆલમે દરબાર ભરી સિંધિયાની આ ભેટનો સૌની ખુશાલી વચ્ચે સ્વીકાર કર્યો. □

[લં. ૩, ત. ૪; શ્લોક ૧-૪૦]

વત્સનું કૌશામ્બીમાં પુનરાગમન

(નિશ્ચય કર્યો.) પછી તો બીજે જ દિવસે, રાણીઓ ને મંત્રીઓ સાથે, વત્સરાજ લાવાણકથી કૌશામ્બી[1] જવા ઊપડ્યા. એમના આગળ ધપતા લશ્કરનો કોલાહલ, અસમયની ભરતીનાં મોજાંની જેમ, અવકાશ ભરતો બધે (ઝડપથી) ફેલાવા લાગ્યો. હાથી પર ચડીને જતા એ નૃપતિને આ એક જ ઉપમા આપી શકાય. કહેવું પડે કે ઉદયાચલે ચઢીને ગગને રવિ વિચરતો ![2] રાજાને માથે શ્વેત છત્રની[3] છાપા છે; સૂર્યનાં તેજને એણે જીત્યું, તેથી પ્રસન્ન થયેલ ચંદ્ર જાણે હવે (પ્રેમથી) એની સેવામાં છે ! (રાજા) પોતે તો પોતાની સર્વોપરિ કક્ષામાં પૂરો તેજસ્વી છે; એની આસપાસ સામન્તો, ધ્રુવની ફરતા ગ્રહગણોની માફક ભમે છે.[4] એની પાછળની હાથણી પર શોભે છે બે રાણીઓ, જાણે સાક્ષાત્ શ્રી અને ધરિત્રી એના પ્રત્યેના પ્રેમને કારણે જાણે એની પાછળ-પાછળ દોરાતી આવે છે. માર્ગે ઊંચા તુરંગોની ખરીઓના અગ્રભાગથી નખક્ષત પામેલી ભૂમિ જાણે ભૂપતિની રૂપભોક્તા હોય એવી લાગે છે.[5]

આમ ચાલતાં ચાલતાં, માર્ગે બન્દીગણોથી બિરદાવાતા વત્સેશ્વર કેટલેક દિવસે કૌશામ્બી આવી પહોંચ્યા. લોકોએ ઉત્સવ મનાવ્યો. નગરીના નાથ પ્રવાસેથી પાછા પધાર્યા છે. ગૉખની ખુલ્લી આંખો મંડાણી છે. બહાર બે પૂર્ણકુમ્ભોના ઉત્તુંગ કુચદ્વય છે. જનકોલાહલોના હર્ષભર્યા સંલાપો છે. ધવલમંદિરોના સુધાહાસો છે. પ્રવાસેથી પાછો પધાર્યો છે સ્વામી. એથી શોભી ઊઠી છે નગરી. રાજા ત્યાં પ્રવેશે છે. પાછળ છે બન્ને રાણીઓ.

પુરની આ સ્ત્રીઓને શો સાંપડ્યો દર્શનોત્સવ ! મનોહર ભવનો પર ઊભેલી સેંકડો સુંદરીઓના મુખચન્દ્રોથી આકાશ છવાઈ ગયું હતું, જાણે પેલી બે રાણીઓના મુખથી જિતાયેલા ચન્દ્રનું સૈન્ય આખું સેવાર્થે ઊતરી પડ્યું ! કેટલીક વળી જે ઝરૂખે રહી, અપલક નયને જોઈ રહી હતી તે તો જાણે વિમાને ચડીને કૌતુકભરી આંખે ત્યાં નિહાળી રહેલી અપ્સરાઓનો જ ભ્રમ ઊભો કરતી હતી. ગૉખની જાળીએ, વળી, અપલક દીર્ઘ પાંપણો ચોડીને તાકી રહેલી કેટલીકો તો જાણે રાજાને પ્રેમને પાંજરે પૂરવા તીરોનાં જાળાં રચી રહી હતી. બીજી એકની કૌતુકભરી દૃષ્ટિ તો રાજાને જોવા એવી (-એટલી) ત્રાંસી થઈને આગળ વધી કે આંખના ખૂણાઓને પાર કરી, છેક કાન સુધી પોતાની વાત લઈ ગઈ કે 'રાજા નથી દેખાતો ![6] કેટલીક ઉતાવળે દોડી આવેલીઓનાં હાંફતાં ઉર જાણે રાજાને જોવા કંચુકીબહાર ધસી આવે છે. ઉતાવળે આવેલી વળી કેટલીકના ગળાના હાર તૂટી, મોતીઓ વેરાવાં લાગ્યાં જાણે હર્ષાશ્રુબિન્દુ વેરાણાં. વળી એક બીજી, વાસવદત્તાને જોતાં, એ લાવાણકે બળી ગયાની વાત યાદ આવતાં, ઉત્કંઠાભરી બોલી ઊઠે છે : 'હાય રે ! અને જો પેલા લાવાણકના અગ્નિએ બાળી મૂકવાનું પાપ કર્યું હોત તો જગત ઉજાળતું આ તેજ લઈને જગત આખાને એ અંધારે જ ઢાળત ![7] વળી એક સ્ત્રી, પદ્માવતીને જોઈને બીજીને કહે છે : 'શૉક્યને જોઈને આ તો જરાય લજવાતી નથી; એને કેવી પોતાની સખી માની છે, હેં !' નીલોત્પલ-શાં ઉત્ફુલ્લ લોચને બન્ને દેવીઓ પર સાનંદ દૃષ્ટિ ઢાળતી એક વળી, બીજીને કહે છે : 'સારું જ થયું ને કે, શિવ કે મુરારિની નજરે આ બે રૂપો પડ્યાં નથી, નહિ તો ઉમા ને શ્રી બેય રહી જાય બાજુ પર !'

આમ, જનતાનો નયનોત્સવ બનેલ વત્સેશ્વરે નિજમહેલે, બન્ને પત્નીઓ સાથે, મંગલવિધિપૂર્વક પ્રવેશ કર્યો. જેમ પ્રભાત થતાં જ કમળસરોવરની અને ચન્દ્ર ઊગતાં જ સાગરની, તેમ રાજા મહેલે પ્રવેશતાં જ રાજમહેલની શોભા ઑર વધી ગઈ ! ક્ષણભરમાં તો સામન્તોએ મંગલ કામનાઓ સાથે ધરેલ નજરાણાં ને ભેટોથી મહેલ એવો ભરાઈ ગયો, જાણે ભૂપાલોની ભેટોનો પ્રવાહ અવિરત ચાલ્યાં કરશે એમ લાગ્યું. વત્સરાજ પણ સમસ્ત રાજલોકને સરખી રીતે સન્માની કૃતોત્સવ થયો, સૌનાં ચિત્તે જાણે પ્રવેશ્યો. પછી જ અન્તઃપુરે પ્રવેશ્યો - એક તરફ રતિ અને બીજી તરફ પ્રીતિ, બે દેવીઓની મધ્યે જાણે કામદેવ ![8] ને પછી પાનાદિ લીલામાં શેષ દિન વિતાવ્યો.

ભૂદેવની ફરિયાદ

બીજે દિવસે એ રાજસભામાં હતો. પાસે મંત્રીઓ હતા. ત્યાં દ્વારે, આક્રન્દ કરતો કોઈ એક બ્રાહ્મણ આવી ચડ્યો : 'ભારે થઈ, મહારાજ ! જંગલમાં, પ્રભુ, મારા પુત્રના બેય પગ કારણ વિના પેલા ગોવાળીઆઓએ કાપી નાંખ્યા !' સાંભળીને તરત જ રાજાએ બે-ત્રણ ગોવાળીઆઓને ત્યાંથી પકડાવીને ખડા કર્યા. પૂછ્યું, તો એ લોક કહે : 'બાપુ ! અમે રયા ગોવાળિયા ! ઈંયાં જંગલમાં કોઈ માનવીબાનવી નો મળે ! એટલે પછેં એકાન્તે અમે રમીં છીં. અમારામાં એક ગોવાળછોરો છે. ઈનું નામ દેવસેન. ઈ એક જગ્યાએ એક શિલા છે, ઈના પર બેહે. ઈ એનું શિંઘાશણ ! ને ઈ કે' કે 'હું તમારો રાજા.' પછી ઈ કયે ઈમ અમારે લોકે કરવું જોઈં. અમારામાંથી કોઈથી પછી ઈની આગ્યા નો ઉથામાય, હા ! ઈમ ઈવડો ઈ ગોવાળિયો જ ન્યાં તો રાજ ચલાવે છ બાપુ ! હવે, આજ આવડા આ બામણનો દીકરો, ઈ શિંઘાશણવાળી જગ્યાએથી નીકળ્યો.[9] નીકળ્યો તો નીકળ્યો, પણ અમારા ગોવાળરાજાને નમવું તો જોવે જ ને ! ઈયે નંઈ ! 'લ્યા

લૈ, તું એને પાયલાગણ-બાયલાગણ કરીન્ પછી જ્યાં જવું હોય ઈયાં જા; ઈ રાજાગ્ન્યા કે'વાય' ઈમ અમે કીધુંયે ખરું. પણ ઈ તો તામાં ને તામાં અમને હડસેલતોક ને, પાછો દાંત કાઢતોકાઢતો, બસ, વયો ગ્યો ! છોકેડે ! તંઈ, 'ઈ ઉંછાછળાના, 'લ્યા, પગ વાઢી નાંખો; જાવ લ્યા છોરાં, ઈને દંડ ઘો' કહીને ગોપાલરાજે અમને આગ્ન્યા કરી. એટલે પસીં અમીં તો ઈનીં વાંહે પડ્યા; ને, બાપજી ! ઈના બેય ટાંટિયા વાઢ્યા ! હા ! બાપુ, ઈ તો રાજાનો હકમ ! ઈને કોણ ઉથામે ? કો જોઈ !"

તીક્ષ્ણબુદ્ધિ યૌગન્ધરાયણે આ સાંભળીને, તરત જ રાજાને એકાન્તે લઈ જઈને કહ્યું, 'નક્કી એ સ્થાને કોઈક ખજાનો દાટેલો હશે જ, નહિ તો એક ગોવાળીઆનો આટલો પ્રભાવ પડે નહિ ![10] માટે ચાલો, આપણે ત્યાં (ઝટ) પહોંચી જઈએ.' આમ કહીને પછી રાજા ને મન્ત્રીઓ, પેલા ગોવાળોને આગળ કરીને, જંગલમાં પેલે સ્થાને, સેનાસહિત, પહોંચી ગયા (૪૦)

પાદટીપ

૧ : લાવાણક-કૌશામ્બી પર અગાઉ નોંધ આવી ગઈ છે. ભાસ ('સ્વપ્ન') જેવામાં પણ ઉલ્લેખ પામેલી આ લાવાણક નગરીના ટીંબા પર, પ્રયાગથી ૧૩-૧૪ માઈલ છેટે, ગંગાને દક્ષિણ તટે, હાલ જ્યાં લાવાયન છે ત્યાં આ નગર હતું.

કૌશામ્બી તો હસ્તિનાપુર પછીની, એક વખતની, મહત્ત્વની નગરી. કથાસરિત્સાગરમાં તો સૌથી વધુ ઉલ્લેખાય છે. ઉદયન અને ઉદયનકુમાર નરવાહનદત્તનું એ પાટનગર. ઉત્તરપ્રદેશમાં અલ્હાબાદથી ચૌદેક માઈલ પશ્ચિમે, આજના કસલી પાસે એ હતું.

૨ : આ છે અદ્‌ભુતાલંકાર, અતિશયોક્તિનો જ એક પ્રકાર. શ્લોક આમ છે :

'ગજેન્દ્રે ચડીને જાતા રાજાની ઉપમા કશી ?–
રવિ જો ગગને જાતો ચડીને ઉદયાચલે.'

૩ : શ્વેત છત્ર :- આવાં છત્રો સાથે રાજાઓ નીકળતા, એ રિવાજની, સૂર્યના આકરા તાપવાળા આ દેશમાં નવાઈ નથી. પહેલાં તડકો રોકવા કે વરસાદથી બચવા જે હશે તે, પછી મહત્તા/સત્તાનું ચિહ્ન બન્યું. દેવોને માથેય - મૂર્તિઓમાં- છત્ર હોય છે. આપણે જેની નોંધેય ન લેત એવા આ રિવાજ પર પશ્ચિમના વિદ્વાનોએ, ઊંડી-ઊંડી ખણખોદ કરીને, મોટા મોટા નિબંધો લખ્યા છે ! આવો એક દસ પાનાંનો (II 263-272) નિબંધ પેન્ઝરનો છે.

અંગ્રેજી 'અંબ્રેલા' શબ્દ તો અર્થની દૃષ્ટિએ પણ બરાબર નથી. મૂળ ઇટાલિયન Ombrella પરથી એ છે. અર્થ થાય 'થોડીક છાયા'. એના કરતાં તો સારા ફ્રેન્ચ 'Parapluie', જર્મન 'Regenschirm', સ્પેનિશ 'Paraguas' વગેરે. જૂના અંગ્રેજી, ગ્રીક વગેરે યુરોપીય પ્રશિષ્ટ ગ્રંથોમાં આ શબ્દ છે. ગ્રીક વિદ્વાનોને મતે આ રિવાજનાં મૂળ ભારતમાં છે. પણ છત્રીનું મૂળ પેન્ઝરને મેસોપોટેમિયામાં લાગે છે. બેબિલોન અને એસ્સિરિયાના રાજાઓનું આ રાજચિહ્ન. રથે રાજા હોય ને માથા ઉપર છત્ર, એવાં શિલ્પો ને ચિત્રો બ્રિટિશ મ્યૂઝીઅમ વગેરેમાં છે. ઇજિપ્તના રાજાઓ પણ આવા છત્રધારી હતા.

એશિયામાં બધે - ને છેક ચીન સુધી, આ રાજસત્તાનું ચિહ્ન હતું. ઈ.સ. પૂ. અગિયારમી સદીના રાજાઓનાં ચિત્રોમાં આ છે. બર્મા-ભારતમાં છેક હમણાં સુધી રહ્યું. રાજા/રાણીને માથે બાર-પંદર ફીટના દંડ પર છ-એક ફીટના પરિઘવાળી છત્રી રહેતી. મુકુટ, દંડ, પાવડી, ચમ્મર ને છત્તર એ પાંચ રાજચિહ્ન ગણાતાં. છત્રનાં જુદાં જુદાં નામો પણ હતાં. જુદા જુદા પદાધિકારીઓ જુદા જુદા નિયત માપની ને રંગની છત્રીઓ અમુક ચોક્કસ સંખ્યામાં જ રાખી શકતા. રાજાનું છત્ર બહારથી સફેદ રહેતું. અન્ય છત્રીઓ કાળી કે અન્ય રંગની રહેતી. સળિયા તો પછી આવ્યા; તે પહેલાં છત્રીઓ વાંસની ચીપોની બનતી. બર્મામાં બુદ્ધની પરંપરાગત મૂર્તિમાં માથે જે છત્ર રહેતું તેને કહેતા 'તિ'.

'કથાસરિત્સાગર'માં અહીં 'સિતેન આતપત્રેણ કૃતચ્છાયો કહ્યું છે, શ્વતે ચળકતી હિમ જેવી છત્રી. પૂર્વના દેશોમાં છત્રીને આટલું બધું મહત્ત્વ કેમ ? ગગન છત્ર જેવું છે. પ્રત્યેક જિતાતું રાજ્ય પોતાની 'છત્રછાંયા નીચે આવ્યું' એમ જીતનાર કહેતો. આમ છત્ર ગગનનું પ્રતીક. રાજા કહેવાતા 'છત્રપતિ'. વળી છત્ર મેલી આંખોથી રાજાને બચાવતું. ફ્રેઝર વળી એમાં 'ટેબુ' (નિષેધ) તારવે છે : 'સૂરજ ન જોવો.'

પૂર્વમાં છત્રી પ્રાચીન કાળથી બધે જ હતી. એ પશ્ચિમના દેશોમાં પછી કાળક્રમે, બહુ પાછળથી ગઈ. છત્રીઓ મોટી હતી; બંધ કરવાની સગવડ નહોતી; એટલે મોંઘી પડતી. એ કારણોથી પણ ઝટ ફેલાવો ન પામી. તેરમી સદીમાં માર્કોપોલોએ કુબ્લાખાનના દરબારમાં સરદારોને પોતાના ભાલા પર ભરાવી શકાય એવી છત્રીઓનો અધિકાર અપાયાનું લખ્યું છે. ૧૩મી-૧૪મી સદીમાં ફ્રાન્સમાં 'પારાસોલ્સ'-(Parasoles)નો વપરાશ હતો. ફોલ્ડિંગ અમ્બ્રેલા, સમેટી શકાય એવી છત્રી ચૌદમી સદીમાં શોધાઈ. મેરિગ્લોનીએ એનું વર્ણન કર્યું છે, ને એને માટે 'Chatyr' શબ્દ વાપર્યો છે, પોતે ફ્લોરેન્સમાંથી એવી એક 'છતર'

ખરીદી હોવાનું કહે છે (II 268). પછી તો રત્નજડિત ને ચિત્રખચિત રંગબેરંગી, રૂમાલો ને ચિતરામણોવાળી છત્રીઓ આજેય જોવા મળે છે. ચાંપ દબાવતાં જ ચપાક કરતી પોતાની મેળે ખૂલી જતી, નાનકડી થેલીમાં સમાઈ જતી છત્રીની હવે નવાઈ નથી.

ઍંગ્લોસેક્સન લોકો છત્રીથી પરિચિત હતા, પણ ઇંગ્લૅન્ડમાં છત્રી સત્તરમી સદી સુધી પ્રચારમાં નહોતી. પછી છેક ૧૮મી સદીમાં કૉફીહાઉસિઝમાં ઘરાકોની બેઠકો પર છત્રીઓ મૂકવાનો ચાલ પડ્યો. આજે હૉટેલો/ક્લબોમાં બહારની બેઠકો પર રંગબેરંગી છત્રીઓની ફેશન છે. આવું દૃશ્ય પૅરિસમાં ૧૭૫૨માં કર્નલ વુલ્ફે જોયેલું, ને ત્યારે 'આવું ઇંગ્લૅન્ડમાં શા માટે નહિ થતું હોય' એવો પ્રતિભાવ આપેલો. ૧૭મી-૧૮મી સદી સુધી છત્રી માટે 'છત્રી' શબ્દ પ્રચલિત નહોતો; પણ 'roundel' ('રાઉન્ડેલ') શબ્દ વપરાતો, ને ક્યારેક વળી 'aroundel' પણ વપરાતો. Jonas Hanway (1712-1786)એ પહેલો એવો જણ નોંધાયો છે જે કાયમી છત્રી રાખતો. પછી તો ચેમ્બરલેન, આપણા સમયમાં. કાયમી રાખી શકાય એવી, પોલા સળિયા-સળિયાઓવાળી, ઉઘાડ-બંધ કરી શકાય ને લાકડીની માફક સાથે રાખી શકાય એવી છત્રી સૌથી પહેલી બનાવી Samuel Fox-એ ૧૮૫૨માં. રાજા-મહારાજાઓ માટે મોટી છત્રીઓ ૧૯મી સદીમાં બ્રિટિશ કંપનીઓ બનાવતી.

તડકાથી બચવા જે નાનકડી ને ક્યારેક રૂપકડી આછા રંગની નાજુક છત્રી સ્ત્રીઓ વાપરે છે તેને અંગ્રેજીમાં Parasol (પારસોલ) કહે છે. શબ્દોય કેવી અજબ રીતે બનતા હોય છે ! બહુ રસિક છે એ રીત દા.ત. આ જ શબ્દ લો. અહીં બે શબ્દખંડો છે. એમાંનો એક 'Para' રસાયણશાસ્ત્રમાંથી લીધેલો શબ્દ છે : બે કાર્બનના અણુઓ બેન્ઝાઈનમાં ભળતાં એક 'રિંગ' - ચક્કર - થાય છે તે 'Para'; એમાં ભળ્યો. બીજો ગોળાકાર સિક્કા માટેનો શબ્દ 'Sol'. એ સિક્કો તો ૧૭૯૭માં ફ્રાન્સમાં ચલણમાંથી રદ પણ થઈ ગયો. છત્રીનો ગોળાકાર પણ કાંગરિયાળો હોય છે ! એવા સિક્કા પણ હતા. આપણે ત્યાં છત્રીવાચક શબ્દો સંસ્કૃતમાં એકાધિક છે : આતપત્રં, આતપવારણં, છત્રં, ઉષ્ણવારણં, વારિત્રા, વસ્ત્રકુટ્ટિમં, કાવારી જનત્રાં; રાજા માટે તે 'નૃપછત્રં', નૃપલક્ષ્મ. (જુઓ મોનિયેર વિલિયમ્સ). આમાં નોંધપાત્ર છે શબ્દ 'કાવારી'. એ વળી વનસ્પતિશાસ્ત્રમાંથી આવેલો શબ્દ છે ! 'કાવાર' તે પાણી ખંખેરી નાંખતો છોડ ! એનું લૅટિન નામ છે Vallisneria. શબ્દો પણ ક્યાંક્યાંથી ફૂટી નીકળે છે ! – કોઈ કેમિસ્ટ્ર (રસાયણશાસ્ત્ર)માંથી તો કોઈ વળી બોટનિ (વનસ્પતિશાસ્ત્ર)માંથી ! અમારે કૉલેજમાં 'આઈડિયા ઑવ્ અ યુનિવર્સિટી' ભણવામાં આવેલું (૧૯૪૩); એમાં એક વાક્ય હતું : "All knowledge is complementary". શાસ્ત્રો બધાંય તે પરસ્પરનાં પૂરક છે. ને ભાષાની આંખો તો બધેય ચકળવકળ ચકોરાઈથી ફરતી જ હોય છે; જરૂર પડી કે ગમે ત્યાંથી બીજ ઝડપીને શબ્દ બનાવી લે !

૪ : અહીં 'સર્વાપરિવર્તનમ્' અને 'કક્ષા' એક તરફથી હાથી પરની ઊંચામાં ઊંચી બેઠકનો ને બીજી તરફથી રાજાની સર્વોપરિતાનો નિર્દેશ કરે છે; એ જ રીતે 'કક્ષા' એક તરફથી ઊંચી કક્ષા (અંબાડી)નો ને બીજી તરફથી ગ્રહોના ભ્રમણમાર્ગનો નિર્દેશ કરે છે. એમ અહીં શ્લેષ છે.

૫ : વાત્સ્યાયને એના 'કામસૂત્ર'ના બીજા ભાગમાં એક અલગ પ્રકરણમાં નખના પ્રકારો અને આઠ પ્રકારના નખક્ષતને વર્ણવ્યાનું પેન્ઝર જણાવે છે.

૬ : નારીસૌન્દર્યની ભારતીય વિભાવનામાં મોટી ને લાંબી મીન જેવી આંખોનું મહત્ત્વ એવું છે કે ચિત્રોમાં ઘણી વાર એ બન્ને ખૂણેથી સહેજ ચહેરાબહાર નીકળેલી બતાવાય છે !

૭ : એ 'જગત-ઉજાળતું તેજ' ('-પ્રકાશક') એટલે ? ટૉની 'સૂર્ય' કહે છે, કેટલાક અહીં અગ્નિની જ વાત હોવાથી 'અગ્નિ' કહે છે, તો એ 'વાસવદત્તાનું સૌન્દર્ય' એમ પણ લઈ શકાય ! કવિએ આ ત્રણેય માટે અવકાશ રાખ્યો છે. ચિત્તને માટે મુક્તવિહારનાં આવાં લીલાસ્થાનો પૂરાં પાડવાં એ તો કવિતાનું એક કામ છે.

૮ : કામદેવ + રતિ-પ્રીતિ : આ લખનાર બરાબર યાદ છે : વાતો કરતાં કરતાં 'અસમસાયક' શબ્દ આવેલો (ત્રીજા લંબકના પહેલા તરંગની વત્સરાજકથામાં જ), ત્યારે સિસ્ટર નિવેદિતાએ જેને 'મિસ્ટર ડિઝાયર' કહીને ઓળખાવ્યા છે તેનાં પાંચ બાણો વિષે જરા વિગતે લખીને, 'કામદેવ વિષે સ્વતંત્ર નોંધ લેવા જેવી ખરી' એમ ઇચ્છેલું. વાચનની વહેંચણીનો જ અહીં ઉપક્રમ રાખ્યો છે. એટલે નિષ્કામભાવે (!) બે રીતે કામકથા આપું ? એક તો શાસ્ત્રકથા - નોંધરૂપે અહીં; ને બીજી શિવ-ઉમાને સંદર્ભે અલગ (સ્વતંત્ર) કથા રૂપે અન્યત્ર આ અંકમાં.

લેડીઝ ફર્સ્ટ ! રતિ-પ્રીતિનો વિચાર પહેલાં કરીએ. રતિ કામદેવની પત્ની. દક્ષપ્રજાપતિની પુત્રી. બ્રહ્માના દક્ષિણ વક્ષેથી ઉદ્‌ભવેલી-બ્રહ્માની હૃદયેચ્છા ! રમણેચ્છા ! શબ્દાર્થ લેતાં 'રતિર્મનોનુકૂલેઽર્થે મનસઃ પ્રવણાયિતમ્' મનને



રતિ

ગમતી લાગણી. યૌવનક્રીડા, યૌવનક્રીડા. રમત. પ્રીતિ તે પ્રેમ, સ્નેહ. સામાન્ય રીતે કામદેવનાં શિલ્પોમાં એમની જોડે જ રતિ-પ્રીતિ હોય છે; ક્યારેક જ શિલ્પમાં કે ચિત્રમાં એ એકલી દેખાય. એકલી હોય ત્યારે હોય કમનીય કાયા. વસન્તો જ્જ્વલભૂપણા (વસન્ત ઋતુને અનુરૂપ આભૂપણોવાળી), નર્તન્તી, વીણાવાદનશીલા, દંડાક્ષસૂત્રધારા (હાથમાં શેરડીના સાંઠાનું બાણ), બીજે હાથે ફૂલવાળું તીર, સવારી શુક (પોપટ)ની. એવી રતિના વેલોરના દેવળમાંના એક શિલ્પનું રેખાંકન સુંદર છે. (જુઓ બેંગલોરની કલ્પતરુ રીસર્ચ ઍકેડેમી - પ્રકાશિત, પ્રો. એસ. કે. રામચન્દ્ર રાવસંપાદિત અંગ્રેજી 'પ્રતિમા-કોશ' ભાગ છઠ્ઠો ૧૯૯૨; પૃષ્ઠ ૪)

કામદેવનું પણ એક મૈસૂરમાંનું સુંદર ચિત્ર પ્રતિમાકોશના પાંચમા ભાગમાં (પૃ. ૪૧) છે. બ્રહ્મવૈવર્તપુરાણની વ્યાખ્યા મુજબ 'મનો મથતિ સર્વેનાં પંચબાણેન કામિનામ્' - કામીઓનાં વલોવે જે ચિત્તને પંચબાણથી- તે 'મન્મથ.' આપણા શિલ્પ-ચિત્રના ચાક્ષસ કલાકારે એને કેવો જોયો છે ? હાથે શેરડીના સાંઠાનું બાણ, પણ છે મધુમાખીઓ, તીર પંચપુષ્પી, ધજા પર માછલી કે મકર ને વાહન શુકનું.

કામદેવની કલ્પનાનાં મૂળ સંભવતઃ ઋગ્વેદના નાસદીય સૂક્તમાં છે. એમાં કામના 'પ્રથમ બીજ'નો ઉલ્લેખ થયો



મદન

છે. બ્રહ્મમાં જે પ્રથમ મનોઆંદોલન ઊઠ્યું, એથી પ્રગટ્યો પ્રથમ કામ (ઇચ્છાનો) દેવ.

'કામસ્તદગ્રે સમવર્તતાધિ મનસો રેતઃ પ્રથમં યદાસીત'

(ઋ. ૧૦.૧૨૯.૪)

ઇચ્છા તેમજ એ માટેની શક્તિ પ્રેરનાર દેવ તરીકે આરંભે એ ઓળખાયો. અથર્વવેદે પણ કામને દેવતાના રૂપમાં પ્રસ્તુત તો કર્યો છે પણ તે ત્યાં પ્રેમનો દેવતા નથી, ઇચ્છાનાં દેવતા છે, ઇચ્છાપૂર્તિનો અધિષ્ઠાતા છે. ઇચ્છા તો પહેલી જોઈએ જ. એટલે -

'કામો જજ્ઞે પ્રથમો...' (અ. ૯.૨.૧૯)

ઇચ્છા વળી વિવેકયુક્ત જોઈએ; ને ન્યાય-શ્રદ્ધાની ભૂમિકા વિના વિવેક કેવો ? એટલે તૈત્તરેય બ્રાહ્મણમાં કામને ન્યાયના દેવ ધર્મ અને ન્યાયદેવી શ્રદ્ધા એ બન્નેનો, ધર્મ-શ્રદ્ધાનો પુત્ર કહ્યો છે. હરિવંશમાં લક્ષ્મીપુત્ર કહ્યો છે. વળી ઇચ્છા તો તરલ, પ્રવાહી, પાણી જેવી પ્રસન્નકર ને

સ્ફૂર્તિકર પણ ! એટલે એ પાણીમાં આપોઆપ થયો એમ પણ કહેવાયું ને 'ઇરાજ' નામ અપાયું. એ જ કારણે એ 'અજ' કે 'અન્યજ' પણ કહેવાય છે. એ 'અનંગ' શી રીતે થયો એ કથા તો અત્યંત પ્રસિદ્ધ છે.

એક તરફથી પાર્વતી શિવને મેળવવા તપ કરતી હતી ને શિવ તો બસ સમાધિમગ્ન જ હતા; બીજી તરફથી તારકાસૂરના જુલ્મમાંથી બચવાનો એકમાત્ર ઉપાય તો હતો શિવ-પાર્વતીનું મિલન ને પછી એમને પુત્ર થાય તે ! પુત્રની વાત તો છેટી રહી, અહીં મિલનના જ સાંસાં હતાં ! મિલન જ મોટી ચિન્તા હતી; મિલન જ મોટો પડકાર હતો. પાર્વતીનું આકરું તપેય જ્યાં ઓછું પડ્યું હતું ત્યાં મિલન વળી કરાવે કોણ ? ઇન્દ્રે બીડું ઝડપ્યું ને કામદેવને સાધ્યો. કામે એ કામ ઉપાડ્યું સૌના ભલા માટે. અને... કામનું બાણ શિવનેય સમાધિમાં વાગ્યું ! ખળભળી ઊઠ્યા. ચિત્તે પાર્વતી ચડી ! જાય જ નહિ ! 'અરે ! આ શું ?' ક્રોધ ચડ્યો. ત્રીજું નેત્ર ખોલ્યું, તો સામે કામ ! નજર પડતાં જ ભસ્મીભૂત થયો. રતિનો વલવલાટ ને અફાટ વિલાપેય શિવથી શેં વેઠાય ? સ્વભાવે પાછા આશુતોષ. પીગળ્યા. 'રડ નહિ બેટા ! જા, તારો પતિ અનંગ છતાં સૃષ્ટિ સમસ્ત પર એની સત્તા ચાલશે.'

'પણ અનંગને હું શું કરું ? દેવ, મારે તો એ સદેહે જોઈએ.'

વળી પીગળ્યા. 'ભલે ! તું જા શંબર અસુરને ત્યાં - પાલક પુત્રી થઈને. કામ ખુદ કૃષ્ણ-રુક્મિણીના પુત્ર તરીકે - પ્રદ્યુમ્ન તરીકે જન્મશે.'

આ તો શંબરની પાલકપુત્રી તરીકે, માયાવતીને નામે એને ઘેર રહી છે ત્યાં શંબરે જાણ્યું કે દ્વારકામાં કૃષ્ણને ઘેર રુક્મિણીને ખોળે પુત્ર જન્મ્યો છે. પોતે જાણતો હતો કે રુક્મિણીના પુત્રને હાથે એનું મોત નિર્માયું છે. એટલે પુત્ર જન્મ્યો કે છઠ્ઠે જ દિવસે અંબરે એનું હરણ કર્યું ને ઝડપથી એને સમુદ્રમાં ફેંકી દીધો. ત્યાં એક મોટું માછલું એને ગળી ગયું.

પણ બનવા કાળ છે ને ! તે થયું એવું કે એક માછીમારે એક મોટું માછલું પકડીને શંબરને રસોડે જ પહોંચાડ્યું. રસોઈયે ચીર્યું તો મહીં બાળક ! શંબરથી સૌ બીવે એટલે એ ન જાણે એમ બાળકી (પાલકપુત્રી) માયાવતીને સોંપ્યું: 'તારી ઓરડીએ જ રાખજે, જોજે ઓલ્યો જાણે' એવી તાકીદ સાથે. માયાવતી સસંકોચ એને લઈ તો ગઈ પણ મનમાં મૂંઝવણ કે રખાશે શી રીતે ! ત્યાં તો એના આશ્ચર્ય વચ્ચે ત્યાં પ્રગટ્યા નારદ. બાળકનો માંડીને વૃત્તાંત કહ્યો, ને માયાવતીરૂપી રતિને આ પ્રદ્યુમ્નરૂપી કામદેવને સરખી રીતે ઉછેરવાની ભલામણ કરી. પ્રેયસીએ ઉછેર્યો પ્રિયતમ ! એ મોટો થતાં જ માયાવતીએ પોતાના ને એના જન્મનું રહસ્ય, જે નારદે એને કહેલું તે, જણાવી દીધું. એટલે પ્રદ્યુમ્ને શંબરનો વધ કર્યો; ને પછી બન્ને કૃષ્ણઘેર દ્વારિકા પહોંચ્યા. ત્યાં રુક્મિણીએ વધાવ્યાં.

આવી છે કામદેવના ત્રણ અવતારોની કથા : એક અવતાર ઋગ્વેદ – અથર્વવેદના કેવળ મનોજનો; બીજો અવતાર રતિ-પતિ શિવદગ્ધ કામદેવ-અનંગનો; ત્રીજો અવતાર કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્નનો. ને રતિનાય બે અવતારો : રતિ ને માયાવતિ ! પણ પ્રીતિ હતી તો માયા ને પ્રદ્યુમ્ન બન્ને થઈ-રહી શક્યાં.

૯ : મૂળમાં શબ્દ છે ચૈત્ય. બે અર્થ : પાણાનો ઢગ, અને બૌદ્ધ કે જૈન મંદિર. અહીં પેલો ગોવાળીઓ પાણાના ઢગ પર બેસતો.

૧૦ : પંચતંત્રમાં આને મળતા વસ્તુવાળી એક વાર્તા છે : બીજું તંત્ર-મિત્રસંપ્રાપ્તિ, પહેલી જ કથા 'પરિવ્રાજક અને ઉંદર'ની. ('પંચતંત્ર'), સંપા. ભોગીલાલ સાંડેસરા, ગુ. સા. પરિષદ પ્રકાશન, દ્વિતીય આવૃત્તિ ૧૯૭૯; પૃ. ૧૪૩-૧૪૬) વાત ટૂંકમાં આમ છે :

દક્ષિણ જનપદમાં મહિલારોપ્યનગરની બહાર એક મંદિર. મહીં એક પરિવ્રાજક રહે, નામે તામ્રચૂડ. ભીખ માગી લાવે, ખાય ને વધેલું ઊંચે શીંકે મૂકે. પણ એક એવો બળિયો ઉંદર કે, તામ્રચૂડ જેવો ઊંઘે એવો રાત્રે ઠેકડા મારતોકને ચડે ને બધું ખલાસ કરે. ક્યારેક ટોળી સાથે વળી ત્રાટકે. એટલે તામ્રચૂડે એક વાંસ રાખેલો; એ ખખડાવ્યા કરે ને જાગ્યા કરે ! પણ એનો જીવ ત્યાં શીંકે ને શીંકે ટીંગાય ! એમાં એક દિ' એને ત્યાં એનો એક જૂનો મિત્ર આવી ચડ્યો અતિથિ તરીકે. એનુંયે રાત્રે સરખું સ્વાગત ના થયું - જીવ હતો પેલા ઉંદરમાં ને શીંકામાં ! કારણ પૂછ્યું. જાણતાં જ કહે જરૂર એ ઉંદરના દર નીચે ધનભંડાર હોવો જોઈએ. ધનની માત્ર ઉષ્મા પણ શક્તિ પ્રેરે છે !

ઉમા-મહેશની કથા

કામદેવની કથા અને ઉમા-મહેશની પ્રેમકથા એક સિક્કાની બે બાજુ જેવી છે. કેવળ ઉમા-મહેશને જ કેન્દ્રમાં રાખીને, આનંદકુમારસ્વામી સાથે મળીને, ભગિની નિવેદિતાએ જે પ્રેમકથા આલેખી છે ('મિથ્સ ઑફ ધ હિન્દુઝ...' નામે, સાથે અવનીન્દ્રનાથ

ટાગોરનાં બત્રીસ ચિત્રો; પ્રથમાવૃત્તિ ૧૯૧૩; બીજું ડોવરપ્રકાશન ૧૯૬૭) એનો રૂપાન્તરિત સંક્ષેપ આપવાની પ્રબળ વૃત્તિ રોકી શકાતી નથી.

પૂર્વજન્મના સતી ફરી જન્મ્યાં હિમાલયની પુત્રી ઉમા રૂપે. ગંગા એમની મોટી બહેન. ઉમા શિવને જ નિરંતર ઝંખે, આરાધે, સેવા કરે. પણ શિવ તો સતત ધ્યાનસ્થ જ ! જાગે તો ને ?

દરમ્યાનમાં બ્રહ્માથી વરદાન પામેલો તારકાસુર દેવોને રંજાડવા લાગ્યો. પરેશાન થયેલા દેવો ગયા બ્રહ્મા પાસે. બ્રહ્મા છૂટી પડ્યા ! કહે, 'ભઈ, મારું જ વરદાન, ને મારી દીધી શક્તિ છે ! હવે હું શું કરું ? એક જ ઉપાય છે. આ શિવ ને પાર્વતીથી જો પુત્ર થાય તો એ એને પહોંચી વળે. પણ એ માટે શિવપાર્વતીને એક કરવાં પડે.'

કોણ કરે ? ઇન્દ્ર કહે, 'હું કરીશ.' એણે કામદેવને સમજાવ્યો. એ રતિને ને મિત્ર વસન્તને લઈને ગયો તો ખરો, પણ શિવના ત્રીજા નેત્રનો ભોગ થયો - અનંગ થયો. ઝૂરતી રતિને એક અવાજ સંભળાયો : 'તારો પ્રેમી કાયમ માટે ગયો નથી. શિવ જ્યારે ઉમાને વરશે ત્યારે એ લગ્નની ભેટ તરીકે કામના દેહને પોતાને હૃદય સ્થાપશે.'

શિવ જતાં પાર્વતી સન્યાસિની બની, ત્યાગી, તપસ્વિની. એનું સૌન્દર્ય એને બોજારૂપ લાગ્યું. એણે આભૂષણો બધાં જ ત્યાગ્યાં. જોગણ થઈ, એકાન્તે ધ્યાન-તપમાં રત રહેવા લાગી. એમાં એકવાર એક સુંદર બ્રાહ્મણ યુવક આવ્યો. એનાં જન્મ-તપનાં વખાણ કર્યાં. પછી પૂછ્યું : 'સુંદરી ! તમે તો પૂરાં યુવાન છો, ને રૂપ પણ છે. આ જપ-તપ નકામાં છે. છોડો નહિ ? તમને કામ જાગતો જ નથી શું ?'

ઉમાએ પોતાની વાત કરી, ને શિવે કેવી રીતે કામને બાળી મૂક્યો એ વાત પણ કરી. બ્રાહ્મણ યુવકે એને તપથી ચળાવવા ઘણુંઘણું કર્યું. 'શિવ કેવા ભયાનક છે, સર્પ ધારણ કરે, હાથીનું ચામડું ઓઢે, સ્મશાને રહે ને ભટક્યાં કરે. વાહનમાં બેડોળ પોઠિયો ! ને આ શિવ ક્યાં ક્યારે જન્મ્યાં એની તો ક્યાં કોઈને ખબર જ છે ? એના જન્મનું જ ક્યાં ઠેકાણું જ છે ?' સાંભળીને પાર્વતી ક્રોધે ભરાયાં. એકેએક વાતનો રદિયો આપ્યો. ને છેવટે કહે કે ગમે તે થાય, મારો શિવપ્રેમ ચળશે નહિ જ. ત્યારે પેલા બ્રાહ્મણ યુવાને પોતાનું સાચું રૂપ પ્રગટ કર્યું. એ તો શિવ પોતે જ હતા. પાર્વતીએ આ પ્રાપ્તિની વાત પોતાના પિતાને કરી ને લગ્ન લેવાયાં. પછી પાછો શિવે કામને જીવતો કર્યો.

વર્ષો વીત્યાં. દેવોએ પુત્ર માટેની પ્રાર્થના કરી. પોતાને ત્રાસમુક્ત કરવા, ઉગારવાની વિનંતી કરી. ત્યારે શિવે અગ્નિ પોતાનું એક બિન્દુ સોંપ્યું, ને અગ્નિએ તે ગંગામાં પધરાવ્યું. ત્યાં છ અપ્સરાઓ ન્હાવા આવેલી. એમણે એને વેતસ વચ્ચેના એક માળામાં ચોંપ્યું. ત્યાં કુમારનો જન્મ થયો. ત્યાંથી શિવપાર્વતી એને કૈલાસ પર લઈ ગયાં. મોટો થતાં એણે તારકાસુર હણ્યો.

(માર્ગરેટબહેન પર કાલિદાસે કામણ કર્યું છે જ. પણ ભારતીય 'સ્પિરિટ' એમણે તારવી આપ્યો છે - કામદેવની આવી કથાઓ તો ઇજિપ્ત-ગ્રીસ વગેરેમાં છે પણ અહીં વિરહાસક્ત પુરુષ પ્રેયસીને ઢૂંઢતો આવે છે ! "The comparative modernness of the story of Shiva and Sati is seen, amongst other things, in the fact that the husband seeks and finds and bears away the wife.' કાલિદાસ જેવા મોટા કવિ અને માર્ગરેટ જેવી વિદૂષીને હલાવી જનાર આવી મૂળ કથાઓની નદીઓ પાછી આપણાં ચિત્તે ક્યારે વહેતી થશે ? ચાલો, એનું ચોમાસું લાવીએ ! ❑

કનુભાઈ જાની

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૨૫ ઉપરથી

સમજાવી વિદાય કર્યાં. અમદાવાદ શહેરમાં કોમકોમ વચ્ચેના ભેદને કારણે છરી હુલાવાતી હોય પણ ગામડાની આ બેન અડધો કિલોમીટર દૂરથી દોડી આવીને કેવી માનવી સહજ ભાવના દેખાડી ગઈ !

છેવટે ગાડી ચાલુ ન થઈ તે ન જ થઈ. ૧૧-૨૫ વાગે બસમાં દાખલ થઈ લટકતા સંતરામપુર ગયા. ત્યાંથી ૧૨-૦૦ વાગ્યે એક ભરચક બસમાં ઘૂસી ૧૨-૨૦ વાગે માલવણ પહોંચ્યા. ત્યાં હજુ કાર્યક્રમ ચાલતો જ હતો ! કાર્યક્રમ પતાવી, મોટરને રસ્તા વચ્ચેથી એક જીપ સાથે ગોધરા પહોંચાડવાની વ્યવસ્થા કરી સંતરામ પુરથી ૨-૪૫ની બસમાં નીકળી રાત્રે ૮-૦૦ વાગ્યે થેર પહોંચ્યા અમદાવાદમાં તો કર્ફ્યૂ અને તોફાન, પણ બસને કર્ફ્યૂ વિસ્તારમાંથી પસાર થવાની છૂટ એટલે ખાસ વાંધો ન આવ્યો.

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃ. ૪૧ પરથી


અને અનુરાધા રાયની વાર્તાઓના અનુવાદો પણ નોંધપાત્ર છે. અનુવાદકોની પસંદગીમાં કોઈ ચોક્કસ તરેહ વરતાતી નથી, પરંતુ એમની રુચિક્ષેત્રવ્યાપકતા તો તરત જ નજરે ચડે છે. રચનાને અંતે આપેલા ચાર વાર્તાઓના આસ્વાદો પણ સરસ થયા છે. વિદેશી જીવનરીતિ, કલામૂલ્યો અને સાહિત્યની ગતિવિધિનો આ વાર્તાઓને આધારે સાહિત્યરસિકોને સારો એવો પરિચય મળી રહે તેમ છે.

બધી જ વાર્તાઓ ઉત્તમ છે કે સુંદર છે એવું નથી. સ્વૈર પસંદગીને કારણે એવું થયું હશે, પરંતુ આપણે ત્યાં ચાલતી મંદપ્રાણ અનુવાદપ્રવૃત્તિમાં આવી લહેરખીથી તાજો વાયુસંચાર તો અવશ્ય થતો અનુભવાય છે.

- ડૉ. સતીશ વ્યાસ

કટાક્ષકલાકાર ચન્દ્ર ત્રિવેદીની વિદાય

શ્રદ્ધાંજલિ




કલાના ક્ષેત્રે ગુજરાતની હમણાં જાણે દશા ચાલે છે. તાજેતરમાં શ્રી અજિત દેસાઈ, પછી શ્રી સોમાલાલ શાહ અને હમણાં ચિત્રકાર ચન્દ્રનું અવસાન થયું. પ્રબળ કલ્પનાશક્તિ, અખૂટ વિચારપ્રવાહ અને ચોટદાર આલેખનક્ષમતા સાથે સંખ્યાની દૃષ્ટિએ કદાચ દેશભરમાં સૌથી વધુ વ્યંગચિત્રોના સર્જક એ કટાક્ષકલાકારનો જન્મ સૌરાષ્ટ્રના મોટા લીલિયા ગામે ૧૯૨૨ની ૨૭ જૂને થયેલો. પ્રાથમિક શિક્ષણ ગામડામાં જ પૂરું કરી મોટા કાકા નાનુભાઈ સાથે વધુ અભ્યાસ માટે અમદાવાદ આવ્યા. બચપણથી જ એક લંગોટિયા મિત્ર અરજણને લોકશૈલીમાં ચીતરતો જોઈ એમને પણ ચીતરવાનો નાદ લાગેલો. એમનો આ નાદ જોઈ અમદાવાદમાં મોટાકાકાએ એમને રવિભાઈના કલાવર્ગમાં 'કુમાર કાર્યાલય'માં મોકલી આપ્યા. થોડા જ સમયમાં 'કુમાર કાર્યાલય'નો એ કલાવર્ગ 'ગુજરાત ચિત્રકલા સંઘ'માં રૂપાંતરિત થયો અને શ્રી રવિશંકર રાવળના નિવાસસ્થાને એલિસબ્રિજમાં તેનું સ્થળાંતર થયું. કલાસાધના માટે ચંદ્રની પદયાત્રા શરૂ થઈ. કાકાના રાયપુરના ઘેરથી ચાલીને સવારે ચાલતાં એલિસબ્રિજ ચિત્રશાળાએ પહોંચી દસ વાગ્યા સુધી કલાભ્યાસ કરવો, ફરી ચાલીને રાયપુર આવી હાઈ સ્કૂલમાં ભણવા જવું અને રાતે પણ શાળાના અભ્યાસ સાથે ચિત્રકામના પણ પાઠ કરવા એ એમનો નિત્યક્રમ હતો. નિશાળમાં પણ એ નવમા-દસમા સુધી પહેલો નંબર જાળવી રાખતા.

ચિત્રકલાની પ્રાથમિક ભૂમિકાના રીતસરના બધા પાઠ પઢ્યા પછી પહેલું સ્વતંત્ર ચિત્ર દોર્યું - 'તુલસીક્યારો', અને ત્યારથી નિતાંત કાર્યરત રહી એમણે એકનિષ્ઠાથી કલાની સાધના ઉપાડી. ચિત્રકલાના ક્ષેત્રમાંથી રોજ કંઈનું કંઈ ભાથું બાંધતા રહી એમણે પોતાની પ્રગતિ ચાલુ જ રાખી. એક પછી એક ચિત્રો કર્યે રાખ્યાં.

એવામાં હરિપુરા કૉંગ્રેસ-અધિવેશન ભરાયું. ત્યાં દેશભરના પ્રતિનિધિઓને ગુજરાતની કલાનાં દર્શન કરાવવાનું કામ ગાંધીજીએ રવિભાઈ અને એમના કલાસંઘને સોંપ્યું. ચિત્રશાળાના વિદ્યાર્થીજૂથ સાથે ચંદ્રને હરિપુરા જવાનું થયું. ત્યાં કૉંગ્રેસ અને સ્વાતંત્ર્યની લડતના વાતાવરણમાં એવા તો રંગાયા કે આગળ જતાં ૧૯૪૨ની 'કરેંગે યા મરેંગે'ની લડત વેળા આઘુંપાછું જોયા વિના એમણે 'હિંદ છોડો'ની ઝુંબેશમાં ઝંપલાવેલું. એ પહેલાં કલાસાધના પાછળ જ રત રહેવા કાકાનો નિવાસ છોડી એ ચિત્રશાળામાં જ પડ્યાપાથર્યા રહેવા માંડેલા. ૧૯૪૦માં એમણે મૅટ્રિક પાસ કરી અને તે અગાઉ ૧૯૩૯માં સત્તર વર્ષની વયે લગ્ન પણ કરેલાં. પિતા હરિલાલ મોહનલાલ ત્રિવેદીએ હવે પુત્રને કમાતોધમાતો કરી ઠેકાણે પાડવા એક ગામમાં તલાટીની નોકરીની ગોઠવણ પણ કરી રાખી, પણ રવિભાઈ અને કાકાએ હામ આપી અને ચંદ્ર અમદાવાદના વિકસતા કલાક્ષેત્રમાં જ રોકાઈ રહ્યા. સાથોસાથ ખર્ચ કાઢવા એમણે રવિભાઈના માર્ગદર્શનમાં છબીચિત્રો કરવા માંડ્યાં, ટ્યૂશનો આપવા માંડ્યાં અને લાકડાનાં બીબાં બનાવનાર તથા રંગાટી કંપની માટે ડિઝાઈનો કરી આપવા માંડી. એમનાં છબીચિત્રોએ આર્થિક ખેંચ હળવી કરવામાં સારો ભાગ ભજવ્યો. પણ એક ધનિક દંપતીના છબીચિત્રમાં બેમાંના એકમાં જરા કચાશ રહી જતાં જાત પર રોષે ભરાઈ એમણે કદી તસવીરો ન ચીતરવાનો સંકલ્પ કર્યો. તસવીરાલેખનમાં મેળવેલી સિદ્ધિ આમ અધવચ્ચે જ અટકી પડી.

એવામાં ૧૯૪૨ની લડત આવી. ચંદ્ર પણ એમાં ઊંડા ઊતરી ગયા. લડતનાં પોસ્ટરો કરવાથી માંડીને બૉંબ બનાવવાની ભૂગર્ભ પ્રવૃત્તિ સુધીમાં આગળ પડતો ભાગ લેવા લાગ્યા. આને કારણે દિવસો સુધી એ સૂરતમાં ભૂગર્ભમાં પણ ગોંધાઈ રહેલા ને એમની ધરપકડનો હુકમ પણ નીકળેલો. પણ કાકાના પ્રયાસોથી એ પકડાતા બચી ગયેલા.

એ લડતનો જુવાળ ઓસરતાં પાછા એ ચિત્રકામમાં લાગી ગયા. ૧૯૪૫માં ઇન્દુલાલ ગાંધીના કાવ્યસંગ્રહ 'ઇંધણાં' માટે એમણે પહેલું જૅકેટ ચીતર્યું અને ત્યાંથી આરંભી એમણે એ કલાને પોતાની આગવી રીતે એટલી તો વિકસાવી કે તેની માંગ સતત વધતી ચાલી. થોડાંક ચિત્રો પણ બતાવ્યાં. મુંબઈમાં એક પ્રદર્શનમાં 'રાગિણી દુર્ગા' નામે ચિત્ર સારી કિંમતે વેચાયું. 'પરિણય શૃંગાર' તથા બીજાં ચિત્રો પણ કેટલાક કલારસિકો તરફથી ખરીદાયાં. પત્રકારી ચિત્રકારત્વમાં પણ ઝંપલાવ્યું. કુમાર કાર્યાલયે ૧૯૪૬માં એમને પોતાને ત્યાં રોક્યા. ભાવપૂર્ણ વાર્તાચિત્રો ને આકર્ષક શીર્ષકો કરવાની શરૂઆત એમણે અહીંથી જ કરી, જેનો આસ્વાદ તો 'કુમાર'ના વાચકોએ માણ્યો જ છે.



ચંદ્રની એક ચિત્રવાર્તા 'વનવીર'નું જોમભર્યું આલેખન.

ઈ.સ. ૧૯૪૭માં અમદાવાદના દૈનિક 'ગુજરાત સમાચાર'ના લબ્ધપ્રતિષ્ઠ વ્યંગચિત્રકારશ્રી બંસીલાલ વર્મા ('ચકોર') મુંબઈ જવા ત્યાંથી છૂટા થયા ત્યારે એમના સ્થાને ચંદ્ર જોડાયા અને એમની કાર્ટૂનિસ્ટ તરીકેની કારકિર્દીનો આરંભ થયો.

ગુજરાતમાં કટાક્ષચિત્રોનું ક્ષેત્ર હજુ શરૂ જ થયું હતું. 'ચકોર'નાં કટાક્ષચિત્રોની ત્યારે બોલબાલા હતી. એમના મુંબઈ ગયા પછી ચન્દ્રએ એ સ્થાન સંભાળી લીધું અને એ દિશામાં ચન્દ્રએ ઘણી પહેલાં પણ કરી. ૧૯૪૭માં આપણા પ્રથમ સ્વાતંત્ર્યદિને એમનો પ્રથમ ચિત્રસંગ્રહ - 'સ્વાતંત્ર્ય યજ્ઞ' નામે પ્રકટ થયો. 'ગુજરાત સમાચારે' 'લોકનાદ' નામે બપોરનું દૈનિક શરૂ કર્યું તેમાં તેમણે 'મૌજ' નામની એક કટાક્ષચિત્રોની લોકપ્રિય શ્રેણી શરૂ કરી. ૧૯૫૪માં ગુજરાતી પત્રકારત્વમાં એકકૉલમી વ્યંગચિત્રોની 'રાયજી' નામે વિખ્યાત શ્રેણીનો પ્રારંભ કર્યો. 'ટાઈમ્સ ઑફ ઇંડિયા'ના 'યૂ સેઈડ ઇટ'ની શ્રેણી તો તે પછી ઘણી મોડી શરૂ થયેલી. આમ, એક પછી એક અનેક શ્રેણી એમણે રજૂ કરવા માંડી. 'મોટું માણસ' નામક ઠઠ્ઠાચિત્રોની માળા સર્જી એમણે રોજેરોજ એકએક ખ્યાત વક્તિનાં ઠઠ્ઠાચિત્રો આપ્યાં.

ઈ.સ. ૧૯૫૯માં 'ગુજરાત સમાચાર'નું સિનેસાપ્તાહિક 'ચિત્રલોક' પણ એમણે ત્રણેક વર્ષ સંભાળ્યું અને એને નવો જ ઓપ આપી ખૂબ લોકપ્રિય બનાવ્યું. એ જ અરસામાં અમદાવાદમાં ભજવાતાં ગુજરાતી નાટકોના કલાનિર્દેશનમાં, તેમજ પાર્શ્વભૂમિ અને વેશભૂષાની દોરવણીમાં ઘણો ફાળો આપેલો. 'ચિત્રલોક'ના સંપાદન પછી એમણે બાલસાપ્તાહિક 'ઝગમગ'નું સંપાદન પણ સંભાળેલું. સંપાદનના આ અનુભવોમાંથી ગુજરાતીમાં અત્યાર સુધી વણખેડાએલા 'ચિત્રવાર્તાઓ'ના ક્ષેત્રનો એમણે આરંભ કર્યો. ગુજરાતીમાં એમણે અંગ્રેજીના 'સુપરમૅન' ને 'ટારઝન' જેવું 'શેખર'નું પાત્ર સર્જ્યું. આવું જ 'ઉમકુઆર' નામના જાદુગરની ચિત્રવાર્તા પણ સર્જી. 'ભાણિયો ના ભૂંકે' નામની એકપણ

સન્નાટનો સોમવાર




પગલાંના પાડનાર



દર સોમવારે વીતેલા સપ્તાહના બનાવો પર ચન્દ્રના 'સન્નાટે' વેધક ટકાક્ષો વેર્યા છે તો એના 'પગલીના પાડનારે' (જમણીબાજુ) બાલસહજ તોફાની ચેષ્ટાઓ દ્વારા આજની ઊગતી પેઢીના બુદ્ધિ ચાપલ્યથી જનરંજન કર્યું.





પોતે પોતાનું કરેલું કૅરીકેચર



રોજની વ્યક્તિવિશેષને નજર સામે રાખી ચન્દ્રએ 'મોટું માણસ' નામે એક કૅરીકેચરમાળા રચેલી. એમાંના બે. સો વર્ષે પહોંચેલા મહર્ષિ ધોંડો કેશવ કર્વેની એમના નામાક્ષરો અને ૧૦૦ના આંકડા દ્વારા રજૂઆત, અને મોરારજીભાઈની પાઉન્ડ, રૂપિયા અને ડૉલરની સંજ્ઞાઓ દ્વારા એમના નાણાપ્રધાનપદના સૂચન સાથેની રજૂઆત. આમ, ચન્દ્રએ એકકૉલમી 'રાયજી' અને ત્રણકૉલમી કાર્ટૂનો. 'મોટું માણસ' અને 'પગલીનો પાડનાર', સામાજિક કટાક્ષો અને 'સન્નાટનો સોમવાર', સેંકડોની સંખ્યામાં આવરણ ચિત્રો (જૅકેટો), અસંખ્ય વાર્તાચિત્રો, 'ઝગમગ' અને 'ચિત્રલોક'ના અભિનવ ચિત્રવિભાગો તથા થોકબંધ ચિત્રવાર્તાઓનું મબલખ સર્જન કર્યું હતું.

જોડાક્ષર વિનાની સચિત્ર વાર્તા માટે તો ગુજરાત સરકારે એમને ઈનામથી નવાજેલા.

ઈ.સ. ૧૯૬૩માં 'ગુજરાત સમાચાર' છોડી એ 'સંદેશ'માં સંપૂર્ણતઃ વ્યંગચિત્રકાર તરીકે જોડાયા. તેમાં તેઓ રોજનાં ત્રણ કટાક્ષચિત્રો આપતા. ઉપરાંત, ત્યાંના 'સ્ત્રી' સાપ્તાહિકમાં બાળજીવનની લીલા આલેખતી 'પગલીનો પાડનાર'ની તથા દંપતીના રોજિંદા જીવનની વિચિત્રતાઓ રજૂ કરતી કટાક્ષચિત્રોની માળા, 'સંદેશ'ની પૂર્તિમાં ચાર સામાજિક ચિત્રો અને 'સંદેશ'ની કલાવાર્તાની કટારમાં કલાવિષયક લખાણો પણ આપતા. 'સંદેશ'માં પ્રકટ થએલા કટાક્ષચિત્રોનો એક સંપૂટ 'નેહરુ પછી...' નામે પ્રકટ થએલો, જેમાં નેહરુના નિધન પછી દેશે અનુભવેલા પડકાર અને પરિતાપની રજૂઆત હતી.

એમનો સર્જનપ્રવાહ સતત અને એકધારો વહેતો રહ્યો હતો. સેંકડો પુસ્તકો, સામયિકોમાં ચિત્રો અને એનાં આવરણો એમણે કરેલાં. હજારો કટાક્ષચિત્રો, અસંખ્ય શીર્ષકો ને પ્રસંગચિત્રો, થોકબંધ ચિત્રવાર્તાઓ, અભિનંદનપત્રો, લગ્ન-પત્રિકાઓ, કૅલેન્ડરનાં ચિત્રો, પોસ્ટરો એમણે કર્યાં પણ છતાં એ દરેકમાં કંઈ ને કંઈ નવીનતા જોવા મળે છે. પ્રબળ કલ્પનાશક્તિ, અખૂટ વિચારવૈવિધ્ય, વિવિધ ચિત્રશૈલીઓ પરના એમના પ્રભુત્વની એ દ્યોતક છે. એમનું આલેખન સદા હેતુપ્રધાન, અર્થપૂર્ણ ને સુરુચિપોષક રહીને સૌંદર્યનીતરતું બની રહ્યું છે.

પણ ચિત્રકામમાં એમનું સૌથી વધુ પ્રિય ક્ષેત્ર રાજકીય વ્યંગચિત્રોનું જ રહેલું. મર્મવેધી વ્યંગથી ભર્યાં એમનાં કાર્ટૂનો અંતે તો સમાજના હિતમાં જ રહેલાં. માનવી પ્રત્યેની અનુકંપાશીલ સહાનુભૂતિ જ એમના કટાક્ષોનું ઊગમસ્થાન હતી, અને એથી જ એમનો વ્યંગ પક્ષાપક્ષીથી પર રહીને સમાજમાં પ્રવર્તતા દંભ, અહંકાર, સ્વાર્થ ને દુરાચાર સામે પુણ્યપ્રકોપ સમો બની રહેતો. એમના તીખાતીણા વ્યંગોને કારણે એમને ગાળો અને ગૌરવ બંને મળ્યાં હતાં.

સ્વભાવે ઋજુ અને મિલનસાર ચન્દ્રે અતિશય ચિત્રકામ કરીકરીને પોતાની આંખો બગાડી હતી એમ કહી શકાય. પાછલા કાળમાં એમની એ તકલીફ વધી ગઈ હતી તોયે ઘેરથી કાર્ટૂનો કરીને એ પ્રેસમાં મોકલતા. છેલ્લે છેલ્લે તબિયત પણ નાદુરસ્ત રહેતી. એમના જવાથી ગુજરાતે પોતાના ગણ્યાગાંઠ્યા પ્રતિભાવાન પત્રકારી ચિત્રકારોમાંના એક શક્તિશાળી ચિત્રકાર ગુમાવ્યો છે. એમના આત્માને શાંતિ હો. □

'કુમાર'ની આજીવન લવાજમ યોજના બંધ કરેલ છે. પરદેશનું લવાજમ ૧૯૯૫થી હવાઈમાર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦.૦૦ રહેશે.

મહાત્માજીનો દેહવિલય

બધી ઉપમાઓ ભોંઠી પડે છે. મહાન ઉલ્કાપાત થયો છે, કારમું વજ્ર ત્રાટક્યું છે. ભીષણ ધરતીકંપ થયો છે, એમ ગમે તે રીતે આલેખવા પ્રયત્ન કરવા છતાંયે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અવસાનથી આવી પડેલી આપત્તિનો તથા માનવજાતને પડેલી ખોટનો ખ્યાલ આપી શકાતો નથી.

આપણામાં એક કહેવત છે : 'લાખ મરજો, પણ લાખનો પાલનહાર ન મરજો.' પણ આ તો લાખ્ખોના શું, આ દેશના ચાળીસ કોટિના પાલનહાર જ નહિ પણ તારણહાર હતા. પરાધીન બનેલા આ દેશ પરની ગુલામીની બેડી તોડી નાખીને તેના કોટિગણ માનવોની ઝંખના સમી આઝાદી એમના ખોળામાં લાવી આપીને એમણે દેશને તારી દીધો એમ કહીએ એ તો માત્ર ટૂંકી દૃષ્ટિનો ને ઊણો ઋણસ્વીકાર થયો. એમણે અપાવેલી રાજકીય આઝાદી એ તો એમના મહાનુભાવી જીવનકાર્યના એક પ્રતીક રૂપે ગણાય. એ 'તારણહાર' તો એ શબ્દના સાચા ને વિશાળ અર્થમાં તારણહાર હતા. છેક ઊગતી કુમાર વયથી 'સત'ના પાયા પર પોતાના જીવનનું ચણતર શરૂ કરીને ૭૮ વર્ષના એ લાંબા જીવનપટની એકએક પળને એમણે માત્ર આ દેશના જ નહિ, પરંતુ સમસ્ત માનવજીવનનાં જૂનાં ને કૃત્રિમ મૂલ્યોનું આમૂલ પરિવર્તન કરી નાખવામાં ખર્ચી તેની કાયાપલટ કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો. પરાધીનતાની બંધિયાર અસર અને વિચારહીન પરંપરાની જડતામાં, કૃત્રિમ, છીછરું, નિસ્તેજ અને પાંગળું જીવન પરદેશી સત્તાના બોજ નીચે મૂંગા ઢોરની માફક લાચારીથી વહ્યે જતી આ દેશની જનતાના જીવનસમસ્તને પોતાની શુચિ વિચારધારાથી જળબંબોળ ધોઈ નાખીને એમણે જિંદગીની સ્વચ્છ પાટી ઉપર જાણે નવો પાઠ મંડાવ્યો. રોજિંદા પોશાકમાં બે આનાની ટોપીની સાદગી દાખલ કરવાથી માંડીને ઋતના પાયા પર પરિશુદ્ધ જગકલ્યાણક જીવનના આદર્શ સુધીના વિસ્તારી પટમાં આર્થિક, રાજકીય, નૈતિક ને આધ્યાત્મિક બધાં જ પાસાંઓનું નવેસરથી ઘડતર કરીને એમણે દેશસમગ્રના જીવનને અવનતિની ખાઈમાંથી ઉગારી લીધું. એટલું જ નહિ પણ હિંસાના જાળામાં અટવાઈ રહીને ચિરશાન્તિને ઝંખતા જગતને ફરી એક વાર માનવપ્રેમ અને કરુણાનો સાચો રાહ પોતાના પ્રત્યક્ષ જીવનથી પ્રબોધ્યો.

અને એવા માનવમણિના વિભૂતિમય, પુણ્યશ્લોક, જીવનનો આપણામાંના જ એક હીનભાગીએ ખૂન કરીને અંત આણ્યો !

'બુદ્ધ, ઈશુ અને મહાવીર પછી બે હજાર વર્ષે પ્રગટેલા, માનવ બંધુભાવ અને જગત્શાન્તિના એ સૌથી મોટા પ્રબોધક, માનવીમાત્રના મૂળભૂત હક્કોના પાયા ઉપર વ્યક્તિસ્વાતંત્ર્યનો જંગ ખેલનાર માનવજાતની આઝાદીના એ ધ્વજધારી, હજારહજાર વર્ષથી ગુમાવેલી આ વિશાળ ભૂમિખંડની આઝાદી એક પચ્ચીસી જેટલા ટૂંકા ગાળામાં હાંસલ કરી આપનાર ભારતરાષ્ટ્રના સર્જનહાર અને આ દેશના કોટિગણ માનવના એ રાષ્ટ્રપિતા, પ્રાર્થના કરવા જતા હતા ત્યાં (પોતાના દેશ બાંધવોનાં દિલમાં વ્યાપેલી ધિક્કારની લાગણી ઓસરી જઈને દેશમાંથી હિંસાવૃત્તિ નાબૂદ થાય, એવી પોતાની રોજિંદી પ્રાર્થના કરવા જતા હતા ત્યાં) એક ઘાતકી 'હિંદુ'ની ગોળીનો ભોગ થઈને મૃત્યુ પામ્યા. આવી વિભૂતિનો, આવા સમયે ને આવી રીતે અંત આવે, એ પ્રસંગની કરુણતા અને કટુતા, વિધાતાનો એમાં રહેલો ક્રૂર કટાક્ષ વર્ણવવાને શબ્દો નથી. આજે ચોધાર આંસુએ વિલાપ કરી રહેલી દેશની જનતાનાં એ આંસુ પણ, પિતૃહત્યાના આકારમા પાપનો ડાઘ, પેઢી ને પેઢી સુધી પોતાના આત્મા પરથી ધોઈ નાખી શકવાના નથી.

નઠોર માનવજાત આ બે હજાર વર્ષ પછી પણ શું એની એ જ રહી છે ? સક્રેટિને ઝેર દીધું, ઈસુને ક્રૂસ પર ચડાવ્યો, લિંકનને ગોળીએ દીધો, મહર્ષિ દયાનંદને ઝેર દીધું, ગાંધીજીને ગોળીએ દીધા... હજી યે કોઈને ક્રૂસ પર જડવા છે ?

આ વેદના આજે પ્રત્યેક સમજુ દેશવાસીના દિલને વલોવી રહી છે.

પણ આપણે હવે રડીને જ બેસી ન રહીએ. જીવન પરનું એ દૈન્યનું કલંક પ્રાયશ્ચિત્ત અને પુરુષાર્થના પાવક જળથી ધોઈ નાખીએ. માનવજાતના કલ્યાણ માટેની મહાનુભાવોની આ બલિદાન-પરંપરા આગળ આપણે હવે છેલ્લું પૂર્ણવિરામ મૂકવા મથીએ એને માટેનો સ્પષ્ટ માર્ગ તો એ પ્રબોધી જ ગયા છે. આપણે તો માત્ર એ ચીલા ઉપર, પગલાંને નિશ્ચલ બનાવીને, હૃદયને શ્રદ્ધાથી મઢીને અને આંખને ધ્યેય પર જડી રાખીને આગળ જ ધપવાનું છે. - ઈ.તં.

(સળંગ અંક ૨૯૦માંથી)

હવે

ગમે તેટલું દુઃખ થાય તો પણ તમારે બધાએ એ ભૂલવાનું નથી કે હવે તો આપણા બધાની કસોટી છે. આપણે બધા અડગ ઊભા રહીએ અને તે પણ આપણી હરોળમાં કોઈ પણ પ્રકારની ફાટફૂટ વિના મક્કમરીતે. હિંદનો જે બોજ આપણે ઉપાડવાનો છે એ બેહદ છે. છતાં દિલ ન ખોતા, હિંમત ન હારતા. સૌ એકત્ર બની ખડા રહેજો અને ગાંધીજીએ અધૂરાં મૂકેલાં કાર્યને પૂરાં કરજો.

સરદાર વલ્લભભાઈ પટેલ

અતીતમાં અવગાહન

કંકાવટી

ફ્રેડા મિગ્રેન

તરલિકા આચાર્ય

'**આ**પણે શાન્ત રહીને, ટેલિફોનની રિંગ વાગે ત્યારે, સામા માણસને સાંભળવો એ ટેલિફોનમાં વાત કરવાનું અઘરામાં અઘરું કામ છે. સામાન્ય રીતે લોકો ટેલિફોન આવે ત્યારે રિસીવર ઉપાડીને સામા માણસને સાંભળવા કરતાં પોતે જ બોલવા માંડે છે. આ દુનિયામાં લોકો બીજાને સાંભળતા નથી. જ્યારે મારું કામ માત્ર ટેલિફોનમાં અન્યની વાતને શાંતિથી સાંભળવાનું છે.'

૯૫ વર્ષના સન્નારી ફ્રેડા મિગ્રેન લોકોને આ પ્રમાણે શિખામણ આપે છે. ફ્રેડા મિગ્રેનના ટેલિફોનના મિત્રોનો ફોન આવે ત્યારે એ પોતે માત્ર ઘણી બધી વાતો-ફરિયાદો સાંભળવાનું જ કામ કરે છે. એ કહે છે 'ટેલિફોનથી બીજાની સાથેનો સંપર્ક રાખવો એ મારો વ્યવસાય છે. આના સિવાય પણ મારે બીજું ઘણું બધું કરવું છે. પણ એ દિવસ હજી નથી આવ્યો.'

ક્યારેક એ સાંભળતાં અટકશે.

એ કહે છે : 'કામ કરતાં - આપણો જે વ્યવસાય હોય એ કરતાં - અટકી જવું એ સંકલ્પ સારો તો નથી જ. મારા માટે તો નહિ જ. તો બીજું મારે શું કરવું જોઈએ ? બ્રીજ રમવું જોઈએ ? ટી.વી. સીરિયલો જોવી જોઈએ ? ના... ના... આભાર.'

શ્રી મિગ્રેન રોજ, અમુક કલાકો સાનફ્રાન્સિસ્કોમાં વસતાં જ્યૂઈશ કુટુમ્બો અને બાળકોની સેવા માટે વ્યતીત કરે છે. એ આ કુટુમ્બોના ટેલિફોન સલાહકાર બની ગયાં છે. એકલાં રહેતાં વૃદ્ધજનોને ટેલિફોન કરી એની તબિયતના સમાચાર પૂછવા એ એમનું કામ છે. એ પૂછે છે : 'તમે કેમ છો ?' 'ઠીક છું.' 'એમ નહિ. તમે પહેલાં હતા એવા સ્વસ્થ હવે કેમ નથી ? શું તકલીફ છે ?' અને એકલાં રહેતાં વૃદ્ધજનની લાંબી લાંબી ફરિયાદો સાંભળે છે. પેલી વ્યક્તિ પોતાનું મન ઠાલવે છે. મિગ્રેન વચ્ચે વચ્ચે 'હા... હું...' એવા હોંકારા ભણે છે. આ બધી વ્યક્તિઓમાંથી કોઈને આંખની તકલીફ હોય, તો કોઈને ઘૂંટણની તકલીફ હોય તો વળી કોઈને થાપાની. વાત આગળ ચાલે છે : 'આવતે અઠવાડિયે કોઈનું ઑપરેશન છે તો કોઈનું થઈ ગયું એમ જણાવે છે 'ડૉક્ટર પોતે જ નથી જાણતા કે પોતાને શું કરવું જોઈએ. બધા બેદરકાર છે. પેલાના પેટમાં કોઈ ઓજાર રહી ગયું હતું. તમે સમજ્યાંને ? આવું છે. અને હા... તમને કેટલું કહું... દૌહિત્રો, પૌત્રો આવવાના હતાં. ખૂબ રાહ જોઈ પણ ન આવ્યા. મોડો મોડો ફોન આવ્યો 'sorry' વગેરે વગેરે.' મિગ્રેન શાંતિથી એમની બધી વાતો, હોંકારો આપી સાંભળ્યા કરે છે.

મિગ્રેન સાનફ્રાન્સિસ્કોની જ્યૂઈશ સેવાસંસ્થાની સૌથી વયોવૃદ્ધ સ્વયંસેવિકા હશે. એ પોતે ભાષાશાસ્ત્રનાં નિવૃત્ત પ્રાધ્યાપિકા છે. નાઝી જર્મનીના નિરાશ્રિત છે. અત્યારે કેલિફોર્નિયાના પાટનગર સેક્રેમેન્ટોમાં રહે છે. એ પોતાના એપાર્ટમેન્ટના દીવાનખાનામાં બેસીને કામ કરે છે. એની બાજુમાં એક ટેબલ છે. પાસે થોડીક છાજલીઓ છે. આ બન્ને, એન્ટાસિડની બાટલી, ડાયજેસ્ટિવ બિસ્કિટ્સ, મૅગ્નિફાઈંગ ગ્લાસ, આસપાસની દુનિયા વિશે માહિતી આપતી ડિક્ષનરીનો ઢગ, ડઝન જેટલાં કૃત્રિમ ફૂલો અને બે લાંબી પાંખવાળા નાનાનાના પોપટ વગેરેથી ભરેલું હોય છે. બાજુમાં ફોન તો હોય જ છે. પોતે જેની સાથે રોજ વાત કરતાં હોય એના ફોન નંબર એમને મોઢે છે. એ પોતાના કરચલીવાળા આંગળાં વડે ફોનનાં બટન દબાવે છે અને મીઠા અવાજે દરદી સાથે વાત કરે છે.

૧૯૮૯થી એમણે આ સ્વયંસેવિકાનું કાર્ય સંભાળ્યું છે. ૫૦ વર્ષથી એ પોતાના પતિ સાથે મરીનામાં રહેતાં હતાં. એક વખત મરીનામાં ધરતીકંપ થયો અને એમનો એપાર્ટમેન્ટ તૂટી પડ્યો ત્યારથી એ સ્વયંસેવિકા બની ગયાં છે.

આજે પણ એ દિવસને યાદ કરતાં જણાવે છે કે, 'એકદમ એપાર્ટમેન્ટનો ત્રીજો માળ અમારા ગરાજ પર ધસી પડ્યો. બંબાવાળા આવ્યા. એમણે અમને બારીમાંથી બહાર કાઢ્યાં. કાંઈ સામાન લેવાનો તો સમય જ નહોતો અને આ ધરતીકંપમાં અમે બધું જ ગુમાવ્યું.'

પછી તો સાનફ્રાન્સિસ્કોની જ્યૂઈશ સંસ્થાએ એપાર્ટમેન્ટ શોધી આપવામાં તેમજ ફરીથી સ્થિર થવામાં ખૂબ મદદ કરી. બીજે વર્ષે એમના પતિ જ્હોનનું અવસાન થયું. ત્યારપછી ફ્રેડાને થયું કે હવે મારી પાસે સમય છે. મારે મારું બધું દેવું ચૂકવી દેવું જોઈએ. એ કહે છે : 'જે સંસ્થાએ અમારે માટે આટલું બધું કર્યું એને માટે કશુંક કરી છૂટવાની મને ખૂબ ઇચ્છા હતી. વૃદ્ધત્વને કારણે હું લોકો માટે રાંધી શકું એ શક્ય નહોતું. બીજું પણ હાલાકીનું કામ હું કરી શકું નહિ. મને લાગ્યું કે હું બેસીને ટેલિફોન કરી શકીશ. મને ટેલિફોન કરવા ગમે છે એવું કાંઈ નથી પણ બીજું હું શું કરી શકું ? ટેલિફોન કરવાની સરળતા રહે એટલે એવું કાંઈક કરું.'

ટેલિફોન કરવામાંથી નવરાશ મળે ત્યારે મિગ્રેન જર્મન કવિતા કે ફ્રેન્ચ સમાચારપત્ર કે સ્પૅનિશ નવલકથા વાંચે છે. તે માત્ર સમય પસાર કરવા માટે જ નથી વાંચતાં. એ કહે છે, 'એવું તો મેં ૯૫ વર્ષ સુધી કર્યું છે. મારે તો હવે કાંઈક નવું શીખવું છે.'

એમણે રશિયન શીખવાનું શરૂ કર્યું છે. ચેસ પણ શીખવા ધારે છે. વળી હાલના સમયને અનુરૂપ થવા માટે કમ્પ્યૂટર પણ

એમને શીખવું છે. એ પોતાનું વી.સી.આર. પોતે જ ચલાવે છે. એ કહે છે, 'નવું નવું શીખવું એ કાંઈ અઘરી વાત નથી. મારાં પડતાં મૂકેલાં કામ પણ મારે હજી પૂરાં કરવાં છે.'

એમના ટેલિફોનના મિત્રોને (એ client શબ્દ વાપરે છે) એકલતા કઠે છે એમ એમને પણ એકલતા કઠે છે. એમના મત પ્રમાણે આ રોદણાં રોવાનો કાંઈ અર્થ નથી. એમનો મુદ્રાલેખ છે, 'જે પરિસ્થિતિ સામે આવે એની સાથે હાથ મિલાવી જીવો અને ખુશ રહો.'

વૃદ્ધત્વની નિવૃત્તિમાં પણ કેટલી સરસ પ્રવૃત્તિ !

શ્રી ફ્રેડ મિશ્રેનને ૧૬મી એપ્રિલ ૧૯૯૪ના દિને કેલિફોર્નિયાના પાટનગર સેક્રેમેન્ટોની પેલેસ હોટલમાં Family Services Foundation તરફથી 'સ્વપ્ન સાકારીનો એવોર્ડ આપવામાં આવ્યો. કદાચ એમના પૌત્રો ગૌરવપૂર્વક આ એવોર્ડના ફોટા દીવાલ પર લટકાવશે પણ ખરા. પરંતુ અત્યારે શ્રી ફ્રેડ મિશ્રેન પોતાના સેક્રેમેન્ટોના એપાર્ટમેન્ટમાં એકલાં જ રહે છે. સતત કાર્યરત રહે છે. બધા લોકોને એ સંદેશો આપે છે :

'જે કરી શકો તે કરો જ - મન દઈને કરો. નવરા નહિ બેસો. દરેક વ્યક્તિ જો ધારે તો બીજા માટે જરૂરથી કાંઈક કરી શકે.'

વાળ કાળા અને ભરાવદાર બનાવવા માટે આ એક નુશખો અપનાવી શકાય તેવો છે. ચાની પત્તીને મહેંદી તથા આમળાંની સાથે ભેળવીને માથામાં લગાવવી. તે સારી રીતે સુકાઈ ગયાં પછી અર્ધાએક કલાક બાદ માથું ધોઈ નાખવું.

ચ્યવનપ્રાશાવહેલ ઘરે બનાવો

શિયાળો જામ્યો છે. શરીરને શક્તિવર્ધક દ્રવ્યોની જરૂર ઊભી થાય છે. બજારમાં મોટાં અને સારાં આમળાં આવતાં થઈ ગયાં છે. પરંતુ આ આમળાં બારે માસ નહીં મળે. એટલે આમળાનો ચ્યવનપ્રાશ બનાવી લો અને આખું વર્ષ નાનામોટા સૌ તેનું સેવન કરી નરવા રહો. ચ્યવનપ્રાશને જીવન પણ કહે છે કારણ કે શરીરને તે નવજીવન આપે છે. ચ્યવનપ્રાશ શરીરને શક્તિ તો પૂરી પાડે જ છે સાથેસાથે ઘસારાની પૂર્તિ કરે છે, ખૂટતી ધાતુને સપ્રમાણ કરે છે અને રોગપ્રતિકારશક્તિ વધારે છે.-ચ્યવનપ્રાશ બનાવવાની રીત સહેલી છે. જરા મહેનત છે. પણ બારે માસ ફળ આપનારી છે. તો આ વિધિ નોંધી લો. તે મૂળ શારંગધર સંહિતાનો પાઠ છે. તમે તમારી જરૂરિયાત અને અનુકૂળતા પ્રમાણે ફેરફાર કરી શકો છો.

ચ્યવનપ્રાશમાં નીચે પ્રમાણે ૪૪ દ્રવ્યો પડે છે.

(૧) કાળી પાટ (૨) અરણીનાં મૂળ (૩) શીવણ (૪) બીલુ (૫) અરડૂસો (૬) ગોખરૂ (૭) સમેરવો (૮) ગંધી સમેરવો (૯) ઊભી ભોંયરીંગણી (૧૦) બેઠી ભોંયરીંગણી (૧૧) લીંડી પીપર (૧૨) કાકડાશીંગી (૧૩) દ્રાક્ષ (૧૪) ગળો (૧૫) હરડે (૧૬) બદલાણા (૧૭) ભોંયઆમલી (૧૮) ઋષી (૧૯) વૃદ્ધિ (૨૦) પડકચૂરો (૨૧) જીવન (૨૨) ઋષભક (૨૩) નાગરમોથ (૨૪) પુષ્કર મૂળ (૨૫) કાકનલિકા (૨૬) જંગલી મગ (૨૭) જંગલી અડદ (૨૮) બિદારી કંદ (૨૯) સાટોડી (૩૦) કાકોલી (૩૧) ક્ષીરકાકોલી (૩૨) નાની એલચી (૩૩) અગર (૩૪) ચંદન (૩૫) આમળાં (૩૬) ઘી (૩૭) સાકર (૩૮) મધ (૩૯) લીંડીપીપર (૪૦) વંશલોચન (૪૧) તજ (૪૨) તમાલપત્ર (૪૩) એલચી (૪૪) કેસર

સ્પષ્ટતા : ઋષી અને વૃદ્ધિ ન મળે તો વિદારીકંદ અને હરવેલ લેવાં. જીવન અને ઋષભક ન મળે તો વિદારી કંદ બેવડા પ્રમાણમાં લેવાં. કાકોલી-ક્ષીરકાકોલી ન મળે તો અશ્વગંધા બેવડા વજને લેવી. કાકનલિકા, કાવડીનાં મૂળ, બદલાણા એટલે પારેટી.

પ્રમાણ : નંબર ૧ થી ૩૪નાં દ્રવ્યો દરેક ૪-૪ તોલા, આમળાં મોટાં આશરે ૫૦૦ નંગ, ઘી તોલા ૩૦, મધ ૩૦ તોલા, સાકર ૫ રતલ. લીંડી પીપરનું ચૂર્ણ ૮ તોલા, વંશલોચન ૧૬ તોલા, તજથી કેસર ૯ પાસા.

બનાવટ : નં. ૧ થી ૩૪ સુધીમાં જે જે દ્રવ્ય મળે તેને સાફ કરી કઠણ અને સૂકી વનસ્પતિનું ચૂર્ણ કરવું અને લીલી વનસ્પતિને કૂટી ચટણી જેવું કરવું. આ રીતે બધાં દ્રવ્યો ભેગાં કરી મોટા કલાઈ કરેલા વાસણમાં નાખી ૮ ગણું પાણી નાંખી ઉકાળવા. આમાં પહેલાં ૫૦૦ આમળાની પોટલી બનાવી પાણીમાં ડુબાડી રાખવી. પાણી ઊકળતાં ઊકળતાં ૮મા ભાગે બાકી રહે એટલે આમળાંની પોટલી કાઢી ઉકાળો ગાળી લેવો. કૂચા ફેંકી દેવા.

પછી આમળાંને કંતાન ઉપર ઘસી ઠળિયા-કૂચા જુદા કરી નીચે માવો જુદો કરવો. આ માવામાં ૩૦ તોલા ઘી નાંખી ધીમા તાપે શેકી ગુલાબી થવા દેવું. બરાબર આમળાંનો માવો શેકાઈ જાય ત્યારે તેમાં પેલો ઉકાળો નાખી પાછું પકવવા મૂકવું. આ ઉકાળો જ્યારે ઘટ્ટ થાય ત્યારે તેમાં ૫ રતલ ખાંડ નાંખી ધીમા તાપે સીજવવું. જ્યારે ચાટણ બરાબર ઘટ થઈ જાય ત્યારે તેને અગ્નિ ઉપરથી ઉતારી ૩૯ થી ૪૪ નંબરનાં દ્રવ્યોનો ઝીણો ભૂકો કરી સારી રીતે મેળવી દેવો. જ્યારે ચાટણ ઠંડું પડે ત્યારે તેમાં મધ મેળવી દેવું.

માત્રા : ૨-૨ તોલા સવાર સાંજ

અનુપાન : દૂધ

('સંદેશ'માંથી) - વૈદ્ય નવીનભાઈ ઓઝા

સાહિત્યસંપર્ક

'સરસ્વતી સન્માન'થી પુરસ્કૃત કવિ હરભજનસિંહ

કહેવાય છે કે રોમન સમ્રાટ જુલિયસ સીઝરની હત્યા પછી તેને કાંધ આપવા ચોથો માણસ નહોતો મળ્યો ! કંઈક આવી જ કલ્પના પંજાબીના ખ્યાતનામ કવિ હરભજનસિંહે પોતાનાં એક કાવ્યસંગ્રહ 'ચૌથે કી પ્રતીક્ષા' કરી છે.

આ જ શીર્ષકની એક કાવ્યરચના પણ છે, જેમાં કવિ કહે છે :

'હા, ત્રણ જણની કાંધ પર
જઈ રહી છે તે શવ-યાત્રા
એ જ કવિની છે
જેણે પોતાને માટે
આવી જ ભવિષ્યવાણી કરી હતી.'

એ દિવસે એ કોઈ મુક્તક લખી રહ્યો હતો,
કદાચ જેની પહેલી ત્રણ પંક્તિઓ
એને અનાયાસે જ મળી આવી હતી
અને ચોથીની તે પ્રતીક્ષામાં હતો.

તાજેતરમાં કે. કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા કવિના સમકાલીન ભારતીય સાહિત્યના ઉલ્લેખનીય પ્રદાન માટે ૧૯૯૨ના વર્ષના સરસ્વતી સન્માનથી તેમના કાવ્યસંગ્રહ 'રુખ તે ઋષિ' ને કેન્દ્રમાં રાખીને પુરસ્કૃત કરવામાં આવ્યા છે. પુરસ્કારમાં ફાઉન્ડેશન તરફથી યોજનાર સમારોહમાં રુપિયા ત્રણ લાખની રકમ, પ્રશસ્તિપત્ર તથા સ્મૃતિચિહ્ન કવિને એનાયત કરવામાં આવશે.

આધુનિક પંજાબી કવિતાને નવી દિશા આપવામાં ડૉ. હરભજનસિંહનો ફાળો ઐતિહાસિક માનવામાં આવ્યો છે. કથ્ય અને ભાષા બંને ક્ષેત્રે એમણે પંજાબી કવિતામાં એક ક્રાંતિ સર્જી છે. તેમની પંજાબી રચનામાં ખાસ કરીને યથાર્થવાદી માનવીકથા સવિશેષ જોવા મળે છે. સાથે સાથે તે માનવને રચનાત્મક દૃષ્ટિકોણ અપનાવવા પણ પ્રેરે છે. ક્યારેક કવિ જગતના દુઃખને દૂર કરવાને, ક્યારેક આ પ્રકારે અભિવ્યક્ત થતો જોવા મળે છે –

'મા પ્રતીક્ષામાં છે
એમના માટે
જેઓ હજુ જન્મ્યા નથી
દેશહીન કાલહીન સર્વથા અયોગ્ય
આશા છે, ક્યારેક એમનામાંથી જ કોઈ
એવા દૂર કરશે જગતનું આ દુઃખ.'

કવિની 'દીવાલ' નામક રચનામાં આજની વૈમનસ્યની ઝેરી પ્રદૂષિત હવાની અભિવ્યક્તિ જ જોઈ લ્યો :

'ધર્મ દીવાલ છે
દેશ દીવાલ છે
દીવાલ છે ભાષા પણ,
આજે પુનઃ સૂર્યની સાથે સાથે
એક દીવાલનો ઉદય થયો છે
વધતી જશે
ઊંચી, એથી'યે ઊંચી બપોર સુધી
સૂર્ય નમશે,
અસ્ત પણ થશે
દીવાલ નમશે નહીં
અસ્ત પણ નહીં થાય,
ક્યાંક કોઈ દીવાલ ઊપસી રહી છે
ચૂપચાપ, અચેત, અદૃશ્ય'

આમ છતાં કવિનો રચનાત્મક દૃષ્ટિકોણ ખૂબ જ આશાવાદી છે.

કવિ જુવે છે પથ્થરો, બંદૂકની ગોળીઓ, લાઠીઓ વગેરે ચોતરફ પ્રવૃત્ત છે છતાં પણ કવિ કહે છે કે, આજે તો બસ સંઘર્ષના માહોલમાં ચાલતા જ રહેવું છે, ઘરમાં ભરાઈ રહેવાની કે થોભવાની તો વાત જ નથી -

'એ આશાઓ લઈને કે
આપણી મળવા યોગ્ય જગ્યાએ,
ક્યાંક કોઈક છે તો અવશ્ય
ક્યાંક ને ક્યાંક
આપણી ભાષા સગાં-
સંબંધીઓ પણ હશે જ
ચૂલા પર ચઢાવેલા શબ્દો
ચોખાની જેમ ભાત થતાં
સુગંધથી આપણું સ્વાગત કરશે
કહેશે–
આવો, અમે તૈયાર થઈ ગયા
અમને ચૂલેથી ઉતારો
આવો, સ્નેહી, મિત્રો
કેટલા બધા સમયથી તમારી પ્રતીક્ષા છે
હા, અત્યારે તો
ગલીના નાકા પર
મળવા યોગ્ય કોઈ સ્થળ નથી.'

ભારતીય પ્રાદેશિક ભાષાઓમાં હવે લાંબી કવિતાઓ રચાતી રહી છે. તો પંજાબીમાં ડૉ. હરભજનસિંહે પણ આવી લાંબીલાંબી રચનાઓ કરી છે. કવિના 'ચૌથે કી પ્રતીક્ષા'માં, 'રેતીનો અવાજ', 'ઇતિકાદા', 'સાખી ના બની', 'આશીર્વાદ', વગેરે આવી રચનાઓ છે.

આપણી સ્વાતંત્ર્યોત્તર સ્થિતિ કે પછી 'વો સુબહ કભી તો આયેગી'ની ભ્રમણામાં જીવતો માણસ ક્યાં સુધી એ પ્રકાશ-આકાંક્ષાની અપેક્ષાએ ચાલતો રહેશે ? આ પંજાબી કવિ 'આગળ આગળ, ચાલ્યો જતો પ્રકાશ' નામક રચનામાં કહે છે :

'તે મારી આગળ ચાલતો રહ્યો
તે જે કેવળ પ્રકાશ હતો
જેનો પડછાયો ક્યાંય નહોતો.
હું કાયમ એની પીઠ જોતો રહ્યો
ભરીભરી કાંપતી-બતાવતી પીઠ
સુગંધીદાર
હું પ્રતીક્ષામાં રહ્યો કે
તે ક્યારેક તો પાછળ જોશે
ખડખડાટ હસશે
અને મારી સમસ્ત ધરતી
ફૂલોથી સમૃદ્ધ થઈ જશે.

અને છતાં હતાશા વચ્ચે, વ્યંજના સાથે કવિ આખરે તો સદ્ભાવી હોવાથી હળવેકથી સમાધાન પણ કરી લે છે :

'ક્યારેક ક્યારેક મને ભાસ થાય છે
તે માત્ર પીઠ છે
ચહેરો ન હોવાનો એને અભિશાપ છે

તે કેવળ વાત જ ને !
પ્રત્યુત્તર ન આપી શકતી તે
કોઈ પણ સંબંધ ન બાંધતી
એની નિયતિ છે.
છતાં પણ એની પાછળ પાછળ
ચાલવું
આપને સારું જ લાગે છે
તે જે મારી આગળ
આગળ ચાલ્યો જાય છે
હા, પ્રકાશ
જેનો, કોઈ પડછાયો નથી.

૧૮મી ઑગસ્ટ ૧૯૨૦ના રોજ આસામમાં જન્મેલા આ પંજાબી કવિ ડૉ. હરભજનસિંહે હિન્દી અને અંગ્રેજી સાહિત્યમાં એમ.એ. કરી હિન્દી સાહિત્યમાં પી.એચ.ડી.ની પદવી મેળવી છે. વર્ષો સુધી દિલ્હી વિશ્વવિદ્યાલયમાં 'મૉડર્ન ઇંડિયન લેંગ્વેજ' વિભાગમાં પંજાબી ભાષાના પ્રોફેસર તરીકે રહ્યા પછી આજે ત્યાં જ માનદ્ પ્રોફેસરતરીકે સેવાપ્રવૃત્ત છે.

ડૉ. હરભજનસિંહે વિવેચન અને અનુવાદોનાં મળીને લગભગ પચાસેક પુસ્તકો લખ્યાં છે. ઉપરાંત તેમનાં ઉલ્લેખનીય કાવ્યસંગ્રહો છે : 'લાસા' (૧૯૫૬), 'તાર તુપકા' (૧૯૫૭), 'અધરૈણી' (૧૯૬૨), 'નાધુપ્પેના છાઁવે' (૧૯૬૭), (સડક દે સફે ઉત્તે' (૧૯૭૦), 'અલફ દોપહર' (૧૯૭૨), 'ટુકિકયાં જીભાઁ વાલે' (૧૯૭૭), 'ચત્થા દીવે વાલા' (૧૯૮૨), 'મહાકાંનૂં જિંદરે ન મારી' (૧૯૮૩) અને 'અલવિદા તો પહલાં' (૧૯૮૪).

સરવાળે આજે ડૉ. હરભજનસિંહનાં પ્રકાશનોની સંખ્યા તેમની વય જેટલી જ થવા જાય છે. આ સર્જકને 'ધુપ્પે ના છાઁવે' કવિતાસંગ્રહ માટે ૧૯૬૯માં સાહિત્ય અકાદમીએ સન્માન્યા છે. ત્યાર પછી ૧૯૮૮માં મધ્યપ્રદેશ સરકાર દ્વારા સ્થાપિત 'કબીર સન્માન'થી પણ પુરસ્કૃત થયા જ છે અને હવે કે. કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા કવિને પુરસ્કાર પ્રાપ્ત થાય છે. સંસારજીવનના નાના-મોટા પ્રસંગોને કવિએ વાસ્તવિકતા સાથે યથાર્થવાદી બનીને તેમજ કવિની સચ્ચાઈ સુધી પહોંચાડ્યા છે તેથી કહેવું જોઈએ કે આ પંજાબી કવિનું સર્જન કવિનું સત્ય છે. અહીં આ કવિકૃત પુરસ્કૃત કાવ્યગ્રંથ 'રુખ-તે-ઋષિ' અર્થાત્ એ જ ઋષિપણું, જે તેમની કવિતા જોતાં આપણને પરિલક્ષિત થાય છે.

- ડૉ. રજનીકાંત જોશી

અવલોકન

'સૂરજ ઊગ્યો કેવડિયાની ફણસે' (લે. લાભશંકર ઠાકર, પ્ર. અને વિ. રન્નાદે, પ્ર. આ. સપ્ટે., ૯૩, પૃ. ક્રાઉન ૨૬૫, મૂલ્ય : રૂ. ૬૫/-)

સર્જક હોવાને નાતે લાભશંકર ઠાકર દેશકાળથી પણ સુચિંતિત રહે છે. એમની ચિંતા અને તજ્જન્ય ચિંતનને એ અવારનવાર વર્તમાનપત્રોની એમની કટારોમાં એ પ્રગટ કરતા રહે છે. આવા લેખોમાંથી પસંદ કરીને અહીં લઘુ વિચારબુદ્બુદાઓનું એક સંકલન ગ્રંથાકારે પ્રગટ કરવામાં આવ્યું છે. પુસ્તકના ઉત્તરાર્ધમાં મુકાયેલા લાભશંકરીય હાસ્યની મુદ્રા ઝીલતા 'અગડમ્ બગડમ્' અને 'વખતચંદ બાપુ અને અપીદાન ગઢવી'ના વિભાગો અત્યંત આસ્વાદ્ય છે. અહીં ટીખળ સાથે સામાજિક - રાજકીય કટાક્ષ વણી લેવામાં આવ્યો છે. સંવાદ પદ્ધતિનો આશ્રય લઈને, લગભગ નાટ્યાત્મક શૈલીએ અહીં કટાક્ષ સિદ્ધ કરવામાં આવ્યો છે.

લેખોનું સ્વરૂપ 'લાગ્યું એવું લખ્યું' જેવું છે. એમાં 'ખાખાના છપ્પા'માં છે એવી ફૂટકળતા છે. આમ છતાં લાભશંકર ઠાકરની સ્પષ્ટ સામાજિક નિસબતની સોંસરી મુદ્રા એમાંથી બંધાતી અનુભવાય છે. એક સર્જકની નિસબતને, એને ઘડનારાં વિચાર- બળોને ઓળખવા માટે પ્રસંગલક્ષી સામગ્રી - ઇન્સિડેન્ટલ ડેટા - તરીકે આ લેખો ખાસ્સા ઉપયોગી થઈ શકે એવા છે.

લાભશંકરનો વિરોધ ઠાલા કર્મકાણ્ડ, દંભ, મિથ્યાચાર, કૃત્રિમ ભાષા પ્રયોગો, પ્રપંચો, વ્યવસ્થાને નામે ચાલતાં કમઠાણો પ્રતિ હંમેશાં પ્રગટતો રહ્યો છે. એમાં પુનરુક્તિઓ, વિચાર પુનરાવર્તનો પણ અવારનવાર આવતાં રહે છે. પણ પુનઃ ખાખાને યાદ કરીને કહીએ તો ચિત્તપ્રક્ષાલન - બ્રેઈન વૉશિંગ - માટે આ એક અનિવાર્ય પ્રક્રિયા છે. પ્રસ્તુત પુસ્તક આવા એક નૈષ્ઠિક નિસબતવીરની ચેતનાપ્રક્રિયાનો આલેખ રજૂ કરે છે. (જોકે એમને તો આ 'નૈષ્ઠિક', 'ચેતના' 'પ્રક્રિયા' જેવા શબ્દો માટે યે વાંધા પડવાના બાપુ !)

'વિજય તેંડુલકર' (લે ઉત્પલ ભાયાણી, પ્ર. એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, વિ. નવભારત, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૩, પૃ. ડિમાઈ-૯૬, મૂલ્ય : રૂ. ૫૦/-)

'સામાજિક નાટ્ય, એક વિશેષ ઉન્મેષ' અંતર્ગત શ્રી ઉત્પલ ભાયાણીએ, એમણે વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાં મરાઠી નાટ્યકાર વિજય તેંડુલકરનાં નાટકોને લક્ષમાં રાખીને આપેલાં પ્રવચનો અહીં ગ્રંથાકારે મૂકી આપ્યાં છે. શ્રી ઉત્પલ ભાયાણીએ રંક ગુજરાતી નાટ્ય-વિવેચન ક્ષેત્રે પોતાની રુચિ અને સક્રિયતા દાખવી સારું એવું ગજું કાઢ્યું છે. પ્રસ્તુત લઘુપુસ્તિકા એમની આ નિસબતનું એક વધુ નિદર્શન પૂરું પાડે છે.

આ પુસ્તકને નિમિત્તે શ્રી વિજય તેંડુલકરની નાટ્યપ્રતિભા ઉપરાંત સમકાલીન મરાઠી રંગભૂમિની ગતિવિધિનો પણ સારો એવો પરિચય જિજ્ઞાસુઓને પ્રાપ્ત થાય છે. શ્રી ભાયાણીએ તેંડુલકરના સામાજિક નાટ્યને અભ્યાસની સરળતા ખાતર ચાર વિભાગોમાં વહેંચી નાંખ્યું છે અને એ રીતે 'ઘાસીરામ કોતવાલ', 'શાંતતા! કોર્ટ ચાલુ આહે' 'પાહિજે જાતિચે', 'કમલા', 'કન્યાદાન', 'બેબી' 'ગીધાડે' અને

'અખારામ બાઈન્ડર' નાટકોની ચર્ચા કરી છે. સાથેસાથે એ નાટકના કેટલાક આસ્વાદ્ય અંશોનો અનુવાદ આપતા રહી એમના અભ્યાસને સુપુષ્ટ બનાવતા જાય છે. આવું સાધાર વિવેચન શ્રી ભાયાણીનાં અભ્યાસલક્ષી સજ્જતાનું દ્યોતક બને છે. તેંડુલકરનાં છવ્વીસ નાટકોમાંથી નોંધપાત્ર તો ઉપર નિર્દેશ્યાં એ જ. પોતાની પ્રગલ્ભ, પ્રતિબદ્ધ અને પ્રતીતિપૂર્ણ સામાજિક અભિજ્ઞતાથી તેંડુલકરે ભારતીય નાટ્યક્ષિતિજે કંઈક જુદી જ ભાત પાડી છે. આ ભાતની એક પ્રતિચ્છવિ આ લઘુ પુસ્તિકામાંથી ઊપસે છે.

અહીં રચનાઓની વિગતપૂર્ણ, સર્વાંગી સમીક્ષા ઓછી છે અને પરિચયાત્મકતાનું તત્ત્વ વિશેષ છે; પણ લેખકે પસંદ કરેલા અતિગમને કારણે અને વિદ્યાર્થીલક્ષિતાને કારણે આમ થવું સ્વાભાવિક છે.

'પરાયા મુલકમાં' (અનુ. વિજયશાસ્ત્રી - દીપ્તિશાસ્ત્રી, પ્ર. અને વિ. રન્નાદે, અમદાવાદ, પ્ર. આ. નવે; ૯૩, ક્રાઉન પૃષ્ઠ ૩૦૪, મૂલ્ય : રૂ. ૮૫/-)

૧૯૭૪માં 'વિશ્વની પ્રતિનિધિ વાર્તાઓ' નામક અનૂદિત વાર્તાઓનું પુસ્તક આપ્યા પછી વિજય શાસ્ત્રી, દીપ્તિ શાસ્ત્રી સાથે, અનૂદિત વાર્તાઓનું આ બીજું પુસ્તક પ્રગટ કરે છે. અહીં યુરોપિયન ઉપરાંત એશિયન એ ભારતીય વાર્તાકારોની વાર્તાઓ પસંદ કરી અનુવાદકોએ એમના ચયનક્ષેત્રને વ્યાપક બનાવ્યું છે. લૂઈજિ પિરાન્દેલો, એચ. જી. વેલ્સ, ફ્રાન્ઝ કાફકા, સૉલ બેલો, માર્ક શેરર, જેઈમ્સ જોય્યસ, માલામૂડ, ટૉમસ માન, ઓ. હેન્રી જેવા વિશ્વખ્યાતનામ સર્જકોની વાર્તાઓ ઉપરાંત અહીં શાર્લ બૉદલેરની 'ડેથ ઑફ એ હીરો' જેવી વાર્તાનો પણ અનુવાદ મળે છે. યૂકિયો મિશિમા કે સઆદત મન્ટો જેવાની વાર્તાઓના અનુવાદોથી પ્રસન્ન થવાય છે. કમલા દાસ, પ્રહ્લાદ રાવ, નવેન્દુ ઘોષ

(અનુસંધાન પાન ૩૨ ઉપર)

ગઝલના ગગનમાં-૧



હેમેન શાહ

ભરાવદાર ચહેરો, ક્ષણોમાં માણસને માપી લે અને છતાં મૂંગી રહે એવી ઠાવકી આંખો, કોઈ નિષ્ણાંત ડૉક્ટરનો પરિચય કરાવતો રૂઆબ અને આ બધાની વચ્ચે એક ગઝલકારને છાજે તેવું મધુર સ્મિત... એટલે જ ૧૯૮૦ની સાલથી કવિલોક, કુમાર, નવનીત, સમર્પણ, કવિતા જેવા ટોચનાં સામયિકો દ્વારા આપણે જેમને નિયમિત મળતા રહીએ છીએ તે ડૉક્ટર હેમેન શાહ. ૧૯૫૭માં મુંબઈમાં જન્મેલા ગુજરાતીના આ અચ્છા ગઝલકારે તેમની ગઝલો દ્વારા ગજુ કાઢ્યું છે. અભ્યાસ એમ.ડી. (સ્કીન). વ્યવસાયે ૧૯૮૪થી ત્વચા રોગ વિશેષજ્ઞ તરીકે પ્રેક્ટીસ કરે છે. વ્યવસાયમાં સફળ એવા હેમેન શાહ મંચ પરથી અસરકારક રીતે ગઝલ રજૂ કરવામાં પણ સફળ રહ્યા છે. 'ખીલ અને તેનો ઉપચાર' - નામની પરિચય પુસ્તિકા ૧૯૮૬માં લખી છે. ૧૯૯૦-૯૧માં મુંબઈના 'સમકાલીન' દૈનિકમાં તબીબી વિજ્ઞાન પર લેખમાળા પણ આપી છે. પરંતુ ...

૧૯૮૯માં ગઝલસંગ્રહ - ક, ખ, કે ગ ... પ્રગટ થયો અને તેને ૧૯૮૮-૮૯ના શ્રેષ્ઠ ગઝલસંગ્રહ તરીકે 'ગુજરાતી સાહિત્ય પરિષદે' દિલીપ મહેતા પારિતોષિક એનાયત કર્યું. ગઝલો ઉપરાંત સુંદર ત્રિપદી લખતા આ ગઝલકારની અનેક વિશેષતાઓ છે. પરંતુ ... પરંતુ હેમેનને પ્રથમ અને અંતિમ નાતો રહ્યો છે ગઝલ સાથે. ગઝલને માટે તમને મળવા દોડીને આવી શકે છે અને સહજ કહી ઊઠે છે કે ... - તો દોસ્ત, હવે સંભળાવ ગઝલ બહુ એકલવાયું લાગે છે.

આ પેઢીના ગઝલકારોની વિશેષતા એ રહી છે કે તેમણે પરંપરા અને પ્રયોગ એમ બંનેનો સુભગ, સુગમ અને સુંદર સમન્વય સાધ્યો છે. હેમેનના થોડાક સુંદર શેર જોઈએ :

તો દોસ્ત, હવે સંભળાવ ગઝલ,
બહુ એકલવાયું લાગે છે
લે મૂક હથેળીમાં મખમલ
બહુ એકલવાયું લાગે છે.

•

કહે નહીં તું આટલો ગદ્‌ગદ થઈ,
આ તને શોભે નહીં, કાસદ થઈ
ભિન્નતા વધતી ગઈ એવી રીતે,
દુધ-સાકર વચ્ચોવચ સરહદ થઈ.

•

છાબડીમાં તારલા ચોરી જવાના જુર્મ પર,
કેદ છે એ બાળપણ માટે કોઈ જમીન છે ?
ફક્ત ઉપસંહાર છે થોડેઘણે અંશે કરુણ,
બાકી મારા ગ્રંથનો આરંભ બહુ રંગીન છે.

•

ખૂબ મોંઘા દારૂખાના જેમ ફૂટતો જાઉં છું,
ખૂબ ખર્ચાઈને લાવ્યો છું ચમક નબળી ક્ષણે.

•

કોઈ કંજૂસ જેમ રાખે પાઈ પાઈનો હિસાબ,
મેં હંમેશાં એ જ રીતે રાતને ગાળી હતી.

•

નથી વેંત ઊંચે કદી ચાલનારો,
નથી દ્યુતમાં હું બધું હારનારો
છતાં કેમ મારે 'નરો કુંજરો વા'ની
કરવી પડે છે બનાવટ હમેશાં ?

•

જન્મની મુખપૃષ્ઠ જેવી સનસનાટી હોય છે,
ક્યાંક નીચે નોંધમાં મૃત્યુ મુકાતું હોય છે.


- રાજેશ વ્યાસ 'મિસ્કીન'



અશ્રુકણી

જોયા કરું છું અનિમેષ નેત્રે
આ પાંદડાં પાનખરે ખર્યાં કરે.
તેમાં વળી નિર્દય વાયુ વાય,
સરી જતી વિશ્વઉરેથી હાય !
નિઃશ્વાસ એનો પટ કો ખસેડે,
છતું થઈ દર્દ અજાણ્યું કો પીડે !

સુરેશ જોષી



આ નથી ગર્દભ કે નથી એને બે માથાં. દક્ષિણ અમેરિકામાં ઊંટના જેમ લાંબી ડોકવાળાં 'લામા' નામના પ્રાણીનો આ ફોટોગ્રાફ છે. એનાં બે માથાં એ તો ફોટોગ્રાફરને અકસ્માત લાધી ગએલી તકનું પરિણામ છે.

સદ્‌ગત જ્ઞાની ઝૈલસિંહ

૨૯મી નવેમ્બર ૧૯૯૪ના રોજ રોપર પાસે માર્ગ અકસ્માતમાં ઘાયલ થએલા અને સારવાર માટે ચંદીગઢમાં પીજીઆઈની નેહરુ હૉસ્પિટલમાં દાખલ કરાએલા ભારતના સાતમા અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહનું ઉક્ત અકસ્માતને કારણે કમળો, કફ, કોમા અને છેલ્લા ૧૪ કલાકમાં હૃદયરોગના ચોથા હુમલા બાદ ૨૫મી ડિસેમ્બર, ૧૯૯૪ને સવારે ૭-૪૦ કલાકે નેહરુ હૉસ્પિટલમાં અવસાન થયું છે.

જ્ઞાની ઝૈલસિંહનો જન્મ ૧૯૧૬ના મેની પાંચમીએ ફરીદકોટ જિલ્લાના સંધવાણ ખાતે કૃષિકાર પિતા સરદાર કિશનસિંઘને ત્યાં થયો હતો. છ વર્ષની બાળવયમાં પિતાનું અવસાન થતાં સદ્‌ગત ઝૈલસિંહ પર એમની માતાનો બહોળો પ્રભાવ પડ્યો હતો. ઔપચારિક કેળવણી તો તેમણે બહુ લીધી નહોતી પણ કોઠાસૂઝને



કારણે તેઓ સુપેરે સ્વશિક્ષિત થયા હતા અને શિખ ધર્મ-ફિલસૂફી-સાહિત્યનો ઊંડો અભ્યાસ કરેલો તથા ઉર્દૂ અને હિન્દી પર સારું પ્રભુત્વ પ્રાપ્ત કરેલું. એમનાં વક્તવ્યો અને વાર્તાલાપ-વ્યાખ્યાનોમાં આ ઉભય ભાષાનાં સાહિત્યની શેર-શાયરી શ્રોતાને અભિભૂત કરી રહેતી.

૧૯૩૭માં ભગતસિંહને ફાંસી અપાઈ ત્યારે યુવાન ઝૈલસિંહ સમસમી ગયા હતા અને બાબા ઇસરસિંગ તથા આત્માસિંગ જેવા ક્રાન્તિકારીઓના સંપર્કમાં મુકાયા હતા. જોકે એમની સક્રિય રાજકીય કારકિર્દીનો આરંભ તો ૧૯૩૮માં દેશી રાજ્ય ફરીદકોટમાં *અખિલ હિન્દ કૉંગ્રેસની શાખા સ્થાપી* ત્યાંના મહારાજાનો ખોફ વહોરી પાંચ વર્ષની કેદ પામ્યા ત્યારથી થયો ગણી શકાય. ૧૯૪૩માં જેલમુક્તિ બાદ તેઓ અમૃતસર પહોંચી શિખ સેવકની કામગીરીમાં લાગી ગયા હતા.

૧૯૪૬માં સ્વાતંત્ર્યની ચળવળનો આરંભ કરવા પોતાના રાજ્યમાં પાછા ફર્યા અને ૧૦૦૦ જેટલા સ્વયંસેવકોનું સંગઠન રચી ફરીદકોટના રાજા અને સામંતશાહી સામે સમાંતર સરકાર રચી પોતાની પ્રજાભક્તિ અને દેશાભિમાનનો પરિચય કરાવી આપ્યો હતો. આગળ જતાં પતિયાળા તેમજ પૂર્વ પંજાબ યુનિયન (પેપ્સુ)ની સ્થાપના થતાં ફરીદકોટને તેમાં ભેળવી દેવામાં આવ્યું અને ઝૈલસિંહ ત્યાંના બે વાર કૅબિનેટમંત્રી નિમાયા. ૧૯૭૨માં પંજાબના મુખ્ય પ્રધાન તરીકે વરાયા હતા. ૧૯૮૦માં તેઓ લોકસભામાં ચૂંટાઈ આવ્યા અને કેન્દ્રીય ગૃહમંત્રીપદે નિયુક્ત થયા. ૧૯૮૨ જુલાઈની ૨૫મીએ તેઓ ભારતના રાષ્ટ્રપતિપદે વરાયા હતા. પૂરાં પાંચ વર્ષ લગી એમણે કોઠાસૂઝ અને મક્કમતાથી

આ પદ નિભાવ્યું હતું. નિવૃત્તિ બાદ પણ તેઓ દેશના સળગતા પ્રશ્નોમાં સક્રિય રસ દાખવતા હતા.

એક સામાન્ય ગ્રામજનથી દેશના પ્રથમ નાગરિકના હોદ્દા સુધી પહોંચી એમણે પોતાની કર્મઠતા, કરુણા, સમજશક્તિ અને ધૈર્યથી દેશની તરક્કીમાં સદા સક્રિયતા દાખવી હતી. એમના દેહવિલયથી એમનાં પત્ની, પુત્ર અને ત્રણ પુત્રીઓનાં પરિવાર ઉપરાંત એમનો અસંખ્ય ચાહક પરિવાર શોકગ્રસ્ત બન્યો છે. ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૪ના રોજ અપરાહ્ને એમના પાર્થિવ દેહનો પૂરા રાષ્ટ્રિય સમ્માન સાથે દિલ્હીમાં યમૂના તટે વિજયઘાટ અને શાન્તિવન વચ્ચે અંતિમસંસ્કાર કરવામાં આવ્યો. એમના સદ્‌ગત આત્માને ચિર શાન્તિ પ્રાપ્ત હો !

ગાંધીવિચારના શોધનની જરૂર

ગાંધીજીની ૧૨૫મી જન્મજયંતીને નિમિત્ત બનાવીને ફરી એક વખત દેશ ગાંધીજીને યાદ કરી રહ્યો છે. ગાંધીશતાબ્દીના પ્રસંગે જે પ્રકારનો બૌદ્ધિક વ્યાયામ દેશમાં કરવામાં આવ્યો હતો તે જ પ્રકારનો વ્યાયામ જો આ પ્રસંગે ફરીથી કરવામાં આવશે તો તેનાથી કોઈ હેતુ પાર પડશે નહિ.

ગાંધીજીની (કે બીજા કોઈ પણ મહાપુરુષની) જન્મશતાબ્દી જેવો પ્રસંગ ઉજવવાનો હેતુ તેમનું ગુણકીર્તન કરવાનો ન જ હોઈ શકે. તેનો એક ઉદ્દેશ મહાપુરુષે તેના જીવન દરમિયાન કરેલાં કાર્યો કે લીધેલા નિર્ણયોના પુનર્મૂલ્યાંકનનો હોઈ શકે. બીજો ઉદ્દેશ તેમના વિચારોના અધ્યયન દ્વારા વિચારશોધનનો હોઈ શકે. હરિજનોની બાબતમાં ગાંધીજીના ડૉ. આંબેડકર સાથેના મતભેદો અંગે જુદા જ નિમિત્તે ઉદ્‌ભવેલો વિવાદ પ્રથમ ઉદ્દેશનું એક ઉદાહરણ છે. ગાંધીજીના જીવનમાં આવી અનેક વિવાદાસ્પદ ઘટનાઓ બનેલી છે. તેના વિષે નવા કે જુદા દૃષ્ટિબિંદુથી નવેસરથી ચર્ચા કરવામાં આવે તેને આવકારવી જોઈએ. આ પ્રકારના પુનર્મૂલ્યાંકનથી ગાંધીજીની મહાનતાને કશી હાનિ પહોંચવાની નથી.

ગાંધીવિચારના અધ્યયન અને શોધનની બાબતમાં તો ગાંધીજી હયાત હતા ત્યારે જ વિનોબાજીએ જે ટકોર કરેલી તે આજે કેવળ ગાંધીજનોને જ નહિ, વિદ્યાપુરુષો (એકેડેમિશિયન્સ)ને પણ લાગુ પડે છે. વિનોબાજીએ લખ્યું હતું કે, 'અગાઉ હું કાર્યકરોને પૂછતો કે 'ગાંધીજીએ હાલમાં જે લેખ લખ્યો તે તમે વાંચ્યો કે ?' તો ચટ જવાબ મળતો, 'અરે ! અમે તો કામ કરીએ જ છીએ, પછી એમનો લેખ વાંચવાની લપમાં શું પડવું ? કહી કહીને તેઓ કહેશે કે રેંટિયો કાંતો કે હરિજન-સેવા કરો, તો અહીં અમારું એ બધું કામ તો મજાનું ચાલે જ છે. લેખમાં વળી બીજું શું વાંચવું ?' આમ આપણા કાર્યકરોમાં ખાટલે મોટી ખોટ છે, તે અધ્યયનની. અધ્યયન કરવાના બહુ ચોર.—

ગાંધીવિચારનું આવશ્યક અધ્યયન થયું ન હોવાથી આજે પણ તે તેના પોતાના પગ પર ઊભો રહી શકે તેમ નથી, તેને ગાંધીજીની મહાનતાના પીઠબળની જરૂર પડે છે. કાર્લ માર્ક્સના સમાજવાદ અંગેના વિચારોનું યુરોપમાં તેમ જ અન્ય મુલકોમાં વ્યાપક અધ્યયન થયું અને એ વિચાર તેના પોતાના સત્ત્વ પર પ્રસર્યો એવું હજી ગાંધીવિચારની બાબતમાં બન્યું નથી. થોડા જુદા સંદર્ભમાં વિનોબાજીએ આ મુદ્દાને આ શબ્દોમાં મૂક્યો હતો: 'એક વાર બોધગયામાં દેશના આગેવાન રચનાત્મક કાર્યકરો ભેગા મળેલા ત્યારે ઢેબરભાઈએ મારી સામે સવાલ રજૂ કર્યો કે 'ગાંધીજીના જમાનામાં આપણે આત્મવિશ્વાસથી કામ કરતા હતા, પણ આજે એવી આત્મશ્રદ્ધા આપણામાં જણાતી નથી અને તેથી નિરાશા અનુભવીએ છીએ. આ પ્રક્રિયાને કેવી રીતે રોકવી ?' હવે, જ્યાં સુધી મારો અનુભવ છે, ત્યાં સુધી આ વાત બરાબર નથી. ગાંધીજીના જમાનામાં આપણે આત્મ-વિશ્વાસથી નહીં, ગાંધી-વિશ્વાસથી કામ કરતા હતા. આપણા બધામાં કોઈ સ્વતંત્ર આત્મ-વિશ્વાસ તે વખતે હતો, એવું કંઈ નથી.'

ગાંધીવિચારના ઊંડા અધ્યયનના વિકલ્પે આપણે એક કર્મકાંડી પ્રજા તરીકે ગાંધીજીના પ્રસિદ્ધ વિચારોનો વિષ્ણુસહસ્ર નામની જેમ જાપ જપ્યા કરીએ છીએ, પરંતુ આવી કર્મકાંડ સ્વરૂપની ઉજવણીથી ગાંધીવિચારને સમજવામાં કે તેનો વ્યવહારમાં અમલ કરવામાં કોઈ સહાય સાંપડતી નથી.

ગાંધીવિચારના અમલની બાબતમાં આપણે કેટલા નિષ્ઠાવાન છીએ તે એક પ્રશ્ન છે. ગાંધીવિચારને આપણે ભારતની 'ભવ્ય પ્રાચીન સંસ્કૃતિ'ના વર્ગમાં મૂકી દીધો છે. ભારતની સંસ્કૃતિની બાબતમાં આપણે જેવા મોટા દાવા કરીએ છીએ તેવા જ દાવા ગાંધીવિચારની બાબતમાં કરીએ છીએ. ગાંધીજનોએ એમ માની લીધું છે કે આજની દુનિયાની સમસ્યાઓનો ઉકેલ ગાંધીવિચારમાં જ પડેલો છે અને છેવટે દુનિયાને ગાંધીમાર્ગે જવું પડશે એ વાતે નિશ્ચિત ગાંધીજનો ભારતમાં અને દિશામાં કેમ કશું નક્કર કાર્ય થઈ શક્યું નથી તે અંગે કોઈ ખોજ કરતા નથી. એ જ રીતે ગાંધીવિચારનો વ્યવહારમાં અમલ કરવા માટે શું કરવું પડે એ વિશે પણ કોઈ વિચારણા કરવામાં આવતી નથી. કાર્લ માર્ક્સના સમાજવાદ અંગેના વિચારને અમલમાં મૂકવા માટે ઉત્પાદનનાં ભૌતિક સાધનોની ખાનગી માલિકી નાબૂદ કરીને તેમને સામાજિક માલિકીનાં બનાવવાનો માર્ગ ચીંધવામાં આવ્યો હતો. ગાંધીવિચાર પર આધારિત સમાજવ્યવસ્થા રચવા માટે કયા માર્ગે ચાલવાનું છે ? - આ પ્રશ્નનો ભાગ્યે જ કોઈ વિચાર કરવામાં આવ્યો છે. ગાંધીવિચારની મહાનતાનો જાપ જપે જવાથી અને અન્ય પ્રથાઓ કે વિચારોના દોષ દર્શાવે જવાથી સમય જતાં લોકોનું હૃદયપરિવર્તન થશે અને એક સુપ્રભાતે ગાંધીવિચાર પર આધારિત સમાજ સહજ રીતે અવતરશે

એવી કોઈક ધારણા પર ગાંધીજનો ચાલતા જણાય છે.

ગાંધીવિચારના અમલને દૂરના ભવિષ્ય પર છોડીને એ વિચારને કેવળ સૈદ્ધાંતિક સ્તરે પણ ગંભીરતાપૂર્વક તપાસવાના પ્રયાસો અપવાદરૂપે જ થયા છે. આને પરિણામે એ વિચારોનો અમલ કરવા જતાં કેવા પ્રશ્નો ઊભા થઈ શકે અને તેમના ઉકેલ માટે શું થઈ શકે તેના સાક્ષરી (એકેડેમિક) સ્વરૂપની ચર્ચા પણ ગાંધીજનો કરતા નથી. આમાં કશું આશ્ચર્ય પામવા જેવુંય નથી. આપણે 'ઍક્શન'માં માનીએ છીએ, 'ઍક્શન' માટે પુખ્ત વિચારણા કરવી જરૂરી છે એવું આપણે માનતા નથી. તેથી ગાંધીવિચારને સાક્ષરી રીતે તપાસવાના પ્રયાસો કરવામાં ન આવે તે એક સમજી શકાય તેવી બાબત છે.

ગાંધીવિચારના શોધનની ક્યાં કેવી જરૂરિયાત છે તેના ઉદાહરણરૂપે ગ્રામસ્વાવલંબનના ગાંધીવાદી વિચારની ચર્ચા કરીશું.

ગ્રામસ્વાવલંબન ગાંધીપ્રેરિત અર્થવ્યવસ્થાનો એક પાયાનો મુદ્દો છે. આ વિચારનાં વિવિધ પાસાં તપાસવા જેવાં છે. બધી જ ખેતપેદાશોની બાબતમાં ગામને સ્વાવલંબી બનાવવાનો આગ્રહ રાખવાનો છે ? પ્રત્યેક ગામ તેને આવશ્યક ધાન્યો, કઠોળ, શેરડી, તેલીબિયાં વગેરે તમામ અનુકૂળતા ધરાવતું હોય એવું ભાગ્યે જ બની શકે. જમીન, વરસાદ અને સિંચાઈની સગવડોની બાબતમાં ભારે વૈવિધ્ય ધરાવતા દેશમાં બધા વિસ્તારોમાં બધા જરૂરી પાકો ઉગાડી ન શકાય એ સમજી શકાય તેવી બાબત છે.

ખેતી અને વસ્તીના સંદર્ભમાં ગ્રામસ્વાવલંબનની બાબતમાં બીજા બે પ્રશ્નો ઊભા થાય છે. ગામમાં વધતી જતી વસ્તીને અનાજ પૂરું પાડવા માટે અનાજનું (તેમ જ અન્ય ખેતપેદાશોનું)હેક્ટરદીઠ ઉત્પાદન વધતું જવું જોઈએ. રાસાયણિક ખાતરોના ઉપયોગ સાથે સંકળાયેલી ખેતીપદ્ધતિ ગાંધીવાદી આદર્શો સાથે અસંગત છે. તેથી એ પ્રકારની પદ્ધતિનો ઉપયોગ કર્યા વિના ખેતપેદાશોના ઉત્પાદનમાં આવશ્યક વધારો મેળવવા માટેની કઈ ગાંધીવાદી પદ્ધતિઓ આપણને સુલભ છે ? વ્યાપક રીતે અપનાવી શકાય એ પ્રકારની વૈકલ્પિક પદ્ધતિઓ સુલભ હોય તો હરિયાળી ક્રાંતિ દેશના જે મોટા ભાગના વિસ્તારોમાં પહોંચી નથી ત્યાં એના પ્રયોગો કેમ કરવામાં આવ્યા નથી ? ખરી વાત એ છે કે ગાંધીવાદી વિચારો સાથે સુસંગત રહીને ખેતીને વધારે ઉત્પાદક બનાવવા માટે જે સંસોધનો અને પ્રયોગો ગાંધીજનોએ કરવા જોઈતા હતા તે તેમણે કર્યા નથી...

અહીં ગ્રામસ્વાવલંબનની ચર્ચા મુખ્યત્વે ખેતપેદાશોના સંદર્ભમાં કરી છે. ઔદ્યોગિક ચીજોની બાબતમાં એવી ચર્ચા કરવાનો અહીં અવકાશ નથી. પરંતુ તેમાં કેવા પ્રશ્નો ઊભા થાય તેનો નિર્દેશ કરવા માટે એક ઉદાહરણરૂપે વીજળીનો વિચાર કરીએ. સ્વાવલંબી ગામડામાં વીજળીનો ઉપયોગ કરવામાં આવે તે ગાંધીવાદ સાથે સુસંગત ગણાશે ખરું ? વીજળીનો ઉપયોગ કરવાની છૂટ હોય તો તેના ઉત્પાદનની બાબતમાં ગામડું સ્વાવલંબી બની શકે ખરું ? ગોબર ગૅસ-પ્લાન્ટનો ઉપયોગ કરીને ગામને વીજળી પૂરી પાડવા માટે ગામમાં કેટલા પશુઓ હોવાં જોઈએ ? એ પશુસંખ્યાને નિભાવવા માટે આવશ્યક ફાજલ જમીન ગામમાં મળી શકે ખરી ? વીજળીનો ઉપયોગ કરવા માટેનાં ઉપકરણોનું (દા.ત. વીજળીના ગોળા) ઉત્પાદન તો ગામમાં ન જ થઈ શકે. ટૂંકમાં, જો ગાંધીવાદી અર્થવ્યવસ્થામાં આધુનિક ગણી શકાય તેવા ઉદ્યોગોની થોડી ચીજોની વપરાશને પણ અવકાશ હોય તો એવી ઔદ્યોગિક ચીજોની બાબતમાં ગામડું સ્વાવલંબી બની શકે તેમ નથી.

ઉપરની ચર્ચામાંથી એક મુદ્દો સ્પષ્ટ થાય છે : આધુનિક વાહનવ્યવહારની સગવડોના અભાવમાં ભારતનાં ગામડાં જે રીતે સ્વાવલંબી હતાં તે રીતે આજે હવે સ્વાવલંબી રહી શકે તેમ નથી. આ સ્થિતિમાં સ્વાવલંબનની વ્યાખ્યા નવેસરથી કરવી પડે તેમ છે. ગાંધીજીએ રજૂ કરેલા ઘણા બધા ખ્યાલો અને આદર્શોની એ જ રીતે નવેસરથી વ્યાખ્યા કરવાનું આજની સ્થિતિમાં જરૂરી થઈ ગયું છે. આ અર્થમાં ગાંધીવિચારનું શોધન થાય તે અનિવાર્ય બન્યું છે. 'ગાંધી-સવાસો' નિમિત્તે આવું થોડું વિચારશોધન થશે તો તે ગાંધીવિચારને જીવતો રાખવા માટે ઉપયોગી નીવડશે. તેના વિકલ્પે ગાંધીકીર્તન કરવામાં આવશે અથવા ગાંધી-આદર્શોનું રટણ કરવામાં આવશે તો તે એક પ્રકારની બૂતપરસ્તી બની રહેશે. - **રમેશ બી. શાહ** ('બુદ્ધિપ્રકાશ'માંથી ટૂંકાવીને.)

અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ,
સતની સીમો લોપવા જોબન માંડે જાગ.
ઝવેરચંદ મેઘાણી

આજે જ્યારે થોકબંધ પુસ્તકો પ્રકટ થાય છે અને તેમાં અસંખ્ય મુદ્રણદોષો જોવામાં આવે છે, ત્યારે ગાંધીજીનો આ પ્રસંગ યાદ કરવા જેવો છે. 'નવજીવન મુદ્રણાલય'માં ગાંધીજીનું એક પુસ્તક છપાતું હતું. પુસ્તકના છાપેલા ફર્મા ગાંધીજીએ મંગાવીને જોયા ત્યારે તેમાંના મુદ્રણદોષોને કારણે તે પુસ્તક રદ કરવા 'નવજીવન'ના તે વખતના મૅનેજિંગ ટ્રસ્ટી જીવણજીભાઈને જણાવ્યું. તેમણે ગાંધીજીને કહ્યું કે, આ તો સામાન્ય મુદ્રણદોષ છે અને આખું પુસ્તક છપાઈ ગયું હોવાથી તેને રદ કરીને ફરીથી છાપવા જતાં આપણને ઘણું આર્થિક નુકસાન થશે.

જવાબમાં ગાંધીજીએ જણાવ્યું, 'બાઈન્ડિંગનો ખર્ચ તો બચશેને! અને પ્રજાને આવું ભૂલભરેલું પુસ્તક વાંચવામાંથી તો બચાવી લેવાશેને !'

ઈ.સ. ૧૦૬૦માં ઇંગ્લંડની ટંકશાળમાં એક સિક્કો પાડવામાં આવેલો, જેનો આકાર ચાર પાંદડીના ક્લોવર (clover) ઘાસ જેવો હતો. આ ચારે પાંદડીઓ છુટ્ટી પાડીને તે સિક્કાને વાપરી શકાતો !

સૌરાષ્ટ્રમાં જસદણ તાલુકાના ભાડલા ગામનો રામ સુવાગિયો માટીની ગમે તેવી મજબૂત ભંભલીને ફૂંક મારીને ફોડી શકતો હતો.

દુનિયાની સૌથી મોટી નદી 'એમેઝોન' છે. એમેઝોનનો અર્થ થાય છે 'જહાજને ડુબાનાર.' આ નદીની લંબાઈ ચાર હજાર મીટર છે.

ઈ.સ. ૧૯૭૪માં ઑસ્ટ્રેલિયાના ગર્લન ટકરે ૧૧ કિલોગ્રામનો એક જ મૂળો ઉગાડેલો !

વિવિધ પેટીઓ વગેરે પર ઘણીવાર લેબલો ચોંટાડેલાં હોય છે. એ ઊખડતાં ન હોય તો શાહીચૂસને ભીનું કરી લેબલના માપે મૂકીને થોડી વાર પછી ઉખાડી જોવું.

કપડાં સાફ કરવાના સોડાનું પાણી કોલસા પર છાંટ્યા પછી તેની ગરમી વધે છે અને તે વધુ કામ આપે છે.

બસમાં મુસાફરી કરતી એક મહિલાએ કંડક્ટરને કહ્યું, 'છોકરાંઓની અર્ધી ટિકિટ થશેને ?'

કંડક્ટરે જવાબ આપ્યો, 'હા, બારથી ઓછાં હશે તો અર્ધી ટિકિટ.'

મહિલા બોલી, 'તો તો વાંધો નહિ. મારે તો ચાર જ છે.'

જાણો છો કે ૩૦ વર્ષની વયે ક્રિસ્ટોફર કોલંબસના બધા વાળ હિમશ્વેત થઈ ગયેલા ?

પોપટ એક માત્ર એવું પંખી છે કે જે બગાસું ખાય છે !

મીરજના એક વખતના શાસક ગંગાધરરાવે તાંબાની પ્લેટોથી શ્રીમદ્ ભગવદ્ ગીતાનું મુદ્રણ કરાવેલું.

ઈટાલિયન નવલકથાકાર ગેબ્રિયલ દાનુનઝીઓએ 'ધ ફલેમ ઑફ ધ લાઈફ' નામનું ૫૬૦ પૃષ્ઠોનું પોતાનું પુસ્તક એક ઓરડામાં બંધ રહીને પાંચ દિવસ અને પાંચ રાત સુધી બબ્બે કલાકે માત્ર કૉફીના કપ ગટગટાવીને જ લખ્યું હતું.

વિશ્વમાં લગભગ ૯૦૦થી વધુ ધર્મસંપ્રદાયો અને ૩૦૦૦ જેટલી ભાષાઓ છે !

ચીનના લ્યુચિંગ નામના માણસની બે આંખમાં ચાર કીકીઓ હતી !

મચ્છર એક સૅકન્ડમાં લગભગ ૩૦૦ વાર પાંખો ફફડાવે છે !

દૂધને ગરમ કરી તે ઠંડું થાય તે પહેલાં તેમાં મેળવણ નાખી તેને જમાવવું. દહીં થયા બાદ તેમાં ગરમ પાણી રેડી તેને ઝેરી નાંખવું. પ્રથમ એક મિનિટમાં ૬૦ વખત અને પછી બીજી મિનિટે ૧૨૦ વખત ઝેરવામાં માખણ વધુ તરી આવશે.

ગળું બેસી ગયું હોય તો લીંડી પીપરને દૂધમાં ઉકાળીને પીવાથી ગળું ખૂલી જાય છે.

એક એવી વાયકા છે કે જયશિખરીનું માથું યુદ્ધમાં કપાઈ ગયાં પછી પણ તેનું ધડ ત્રણ દિવસ સુધી લડ્યું હતું. પરંતુ આ વાત સાચી નથી.

તિબેટના તૂગંચી ગામમાં લગભગ ૨૦૦થી વધારે માણસો ૧૨૦ વર્ષની ઉંમરના છે, અને આ વૃદ્ધો (!) સહેલાઈથી સાઈકલ સવારી કરી શકે છે.


ભારતમાં ખાંડનાં ચારસોથી વધુ કારખાનાં છે. આ કારખાનાંમાં પિલાતી શેરડીના કૂચામાંથી ૩૫૦૦ મેગાવોટ જેટલી વીજળીનું ઉત્પાદન થઈ શકે છે !

શિકાગોના બે તબીબો હાન્સ ઇલિયા અને એડોલ્ફ બ્રાઉનના મતે એક હજાર વર્ષ પછી દુનિયાના બધા માણસો તાલિયા બની જશે. તેઓ જણાવે છે કે માથાની ત્વચા નીચે એક એવો ચીકણો પદાર્થ છે જે વાળના મૂળમાં રહેલા 'ફૅવિકલે'ને સહાય કરે છે. તાલવાળી વ્યક્તિમાં આ ચીકણા પદાર્થનો અભાવ હોય છે, જેથી વાળ ઊગતા નથી.



કલાકણિકા : પ્રાચીન આઝ્તેક મંદિરમાં વેદી પાસે મુકાતું અર્થઘન શોભનયુક્ત માટીનું એક ધૂપદાન.

'કુમાર' જાન્યુઆરી ૧૯૯૫ · સળંગ અંક ૮૦૪ · છૂટક નકલની કિં. રૂ. ૧૦ KUMAR Regd. No. GAMC 925



ચંદ્રપ્રભ સ્વામીના વરઘોડાનું એક દશ્ય (રેખાંકન : વાસુદેવ સ્માર્ત)

આવરણ : નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ, અમદાવાદ